# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

**મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......**

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION

GRWB/057/BHARUCH/02

# બરકાતે ખ્વાજા برکات خواجہ

(માસિક)


**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧-જુલાઈ-૨૦૦૫**

જમાદીઉલ અવ્વલ-જમાદીઉલ આખર

**હિજરી સન : ૧૪૨૬**

વર્ષ : ૦૨ અંક : ૦૭, સળંગ અંક : ૧૯



**★ સ્થાપક અને પ્રકાશક ★**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**★ પત્ર વ્યવહારનુ સરનામું ★**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફૈઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩

Email User ID : islamic@sancharnet.in


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## તૂ સુલતાને આલમ ઐ જાને આલમ

તેરે દર પે સાજિદ હૈં શાહાને આલમ
તૂ સુલ્તાને આલમ હૈં ઐ જાન આલમ
યે પ્યારી અદાએં યે નીચી નિગાહેં
ફિદા જાને આલમ હો ઐ જાને આલમ
મૈં દર દર ફિરું છોળ કર કર ક્યૂં તેરા દર
ઉઠા એ બલા મેરી એહસાને આલમ
મૈં સરકારે આલી કે કુર્બાન જાઉં
ભિકારી હૈં ઈસ દર કે શાહાને આલમ
તુમ્હારી તરફ હાથ ફૈલે હૈં સબ કે
તુમ્હી પૂરે કરતે હો અરમાને આલમ
મુસલમાં મુસલમાં હૈ તેરે સબબ સે
મેરી જાન તૂ હી હૈ ઈમાને આલમ
વો દુલ્હા હૈં સારી ખુદાઈ બરાતી
ઉન્હી કે લિયે હૈ યે સામાને આલમ
ન દેખા કોઈ ફૂલ તુઝ સા ન દેખા
બહુત છાન ડાલે ગુલિસ્તાને આલમ
તેરે કુચે કી ખાક ઠેહરી અઝલ સે
મેરી જાન ઈલાજે મરીઝાને આલમ
સમીઅન ખુદારા **હસન** કી ભી સુન લે
બલા મેં હૈ યે લૌષ દામાને આલમ


**★ માનદ તંત્રી ★**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


**નોંધ :** ગ્રાહક નંબર.................... આપનું લવાજમ તા. ..............................થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.


નૂરાની આર્ટ, દયાદરા, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩

# બરકાતે ખ્વાજા (માસિક) જુલાઈ-૨૦૦૫

★ વર્ષ : ૦૨ ★ અંક : ૦૭ ★ સળંગ અંક : ૧૯


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ :** **વહાબી દેવબંદીઓનો મુનાઝરામાં કારમો પરાજય !** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૬ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૦૮ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૨ |
| ૦૫. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૩ |
| ૦૬. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૪ |
| ૦૭. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : મૌલાના હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૧૫ |
| ૦૮. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની<br>(ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૧૮ |
| ૦૯. | કુર્આન પાકના અપમાન સામે મુસ્લિમો થકી વિ□ભરમાં અમેરિકા વિરૂધ્ધ પ્રચંડ દેખાવો | **કાર્યાલય** | ૨૦ |
| ૧૦. | **એઈડ્ઝથી બચવું છે ?!** તો ઈસ્લામની પનાહમાં આવો ! | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૨૨ |
| ૧૧. | નિદાએ યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم | **લેખક** : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી | ૨૮ |
| ૧૨. | સુન્ની જગતની મહાન શખ્સિયત | **અઝ** : હઝરત મૌલાના કલીમુલ્લાહ સાહબ નિઝામી<br>**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી | ૩૯ |
| ૧૩. | ઔરતોની હિકાયતો | **લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.)<br>**અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ) | ૪૩ |
| ૧૪. | બાળકોનો તર્બિયતી ગુલશન | **કાર્યાલય** | ૪૫ |
| ૧૫. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |


**નોંધ** : સ્થળ સંકોચને કારણે લેખમાળા "અઝવાજે મુતહ્હારાત"નો આ અંકમાં સમાવેશ કર્યો નથી, આવતા અંકથી રાબેતા મુજબ ચાલશે (ઈન્શાઅલ્લાહ !)

# વહાબી દેવબંદીઓનો મુનાઝરામાં કારમો પરાજય !

## દેવબંદી આલિમો સ્ટેજ છોડીને ભાગતાં વહાબી પબ્લિકે જ તેમને પીટયા !

તંત્રી લેખ......

સો બાર મારા તો મારા-અબ મારે તો જાનૂં !

આ શેઅર જેવી હાલત વહાબી દેવબંદીઓની છે. કેમ કે અગણિતવાર સુન્ની ઉલમા સામે મુનાઝરામાં હારવા છતાં ગિદર ભપકી કરવાની આદત તેમની જતી નથી. પછી ઊંધા મોઢાની પછડાટ ખાતા હોય છે અને એવી નામોશીભરી હાલત થાય કે ભાગવા માટે ભોંય ભારે પડે છે ! એવો જ એક પ્રસંગ બિહાર રાજયના કટિહાર જિલ્લાના મલિકપુર ખાતે બની ગયો. તા. ૨૭–૫–૨૦૦૫ના "ઈમાન ટાઈમ્સ" હિન્દી અઠવાડિક પેપર (નાગપુર)માં એનો વિગતવાર જે રિપોર્ટ આવ્યો છે તેનો અક્ષરશઃ અનુવાદ અત્રે "બરકાતે ખ્વાજા"ના વાંચકો સમક્ષ રજૂ કરીએ છીએ. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

કટિહાર (બિહાર) : બિહારના મલિકપુર ગામ કટિહાર જિલ્લામાં અલ્ જામિઅતુલ નિઝામિયા ફૈઝુલ ઉલૂમના નિયંત્રણ હેઠળ ૮,૯,૧૦ મે–૨૦૦૫ના રોજ વહાબી દેવબંદી આલિમો સાથે અહલે સુન્નત વલ જમાઅતનો મુનાઝરો નક્કી થયો હતો.

આ મુનાઝરામાં કેવળ દોઢ દિવસની બહષ તથા મુબાહેસા પછી ૯, મે બપોરે ત્રણ વાગ્યે દેવબંદી તબ્લીગી જમાઅતના મોલ્વી તાહિર ગયાવી અને મોલ્વી મન્ઝૂર માધવપુરી, મુફતી ખાલિસ પોતાના વહાબી મુલ્લાંઓની સાથે સ્ટેજ છોડીને ભાગી ગયા. આ રીતે અલ્લાહ વ રસૂલના ફઝ્લો કરમથી અહલે સુન્નત વ જમાઅતને જબરદસ્ત ફતહ હાંસલ થઈ.

મુનાઝરામાં બહસનો વિષય હુઝૂર સરવરે કાઈનાત ﷺ ના ખાતિમુન્નબીય્યીન (અંતિમ નબી) હોવા પર હતો. જેમાં વહાબી દેવબંદી (તબ્લીગી જમાઅત)ના આલિમ કાસિમ નાનોત્વીનું ગૈર ઈસ્લામી લખાણ જે તેમની "તહઝીરુન્નાસ" (કિતાબ)માં છે કે :–

"જો ધારો કે નબી ﷺ ના જમાના પછી કોઈ નબી પેદા થાય તેમ છતાં પણ મુહમ્મદ ﷺ ની ખાતમિયતમાં (અંતિમ નબી હોવામાં) કાંઈ ફરક આવશે નહીં." (મઆઝલ્લાહ !)

અહલે સુન્નતના આલિમો ખાસ કરીને મુનાઝિરે અહલે સુન્નત મુફતી મતીઉર્રહમાન સાહબ રઝવી, મુહદ્દિષે કબીર હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા સાહબ, હઝરત મુફતી મુજીબ અશરફ સાહબ, હઝરત મૌલાના મુહમ્મદ અહમદ મિસ્બાહી સાહબ, હઝરત મૌલાના અબ્દુલમુબીન નોઅમાની સાહબ, હઝરત અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાણી સાહબ, મૌલાના સગીર અહમદ રઝવી જોખનપૂરી સાહબ તથા અન્ય જાણીતા ઉલમાએ કિરામે દલીલોના અંબાર રજૂ કરીને તબ્લીગી દેવબંદી વહાબી મુલ્લાઓની તમામ દલીલોને રદિયો આપી દીધો. જેનાથી ગભરાઈને વહાબી મોલ્વી તાહિર ગયાવી પોતાના આલિમોની સાથે સ્ટેજ પરથી ઉઠીને બેઈજ્જતી સાથે શર્મનાક અંદાજમાં ભાગી ગયા. તેમની વહાબી અવામ (પબ્લિક) તેમને બોલાવતી રહી પરંતુ તેમણે સ્ટેજ પરથી ભાગવામાં જ પોતાની ભલાઈ સમજી અને પોતાની વહાબી અવામને બેસહારા છોડીને ચાલ્યા ગયા. આ નઝારો જોઈને અને પૂરી દલીલો આમને સામને સમજી લીધા પછી વહાબીઓએ ઈસાઈ લોકો દ્વારા બનાવવામાં આવેલા વહાબી અકીદા તથા ધર્મથી તૌબા કરી કલ્મો પઢીને મુસલમાન બન્યા તથા ભાગી રહેલા પોતાના જ વહાબી મોલ્વીઓને મુક્કાઓ વડે માર્યા.

આ ઐતિહાસિક મુનાઝરાનો પૂરો સહેરો અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાણી સાહબના માથે જાય છે જેમની મહેનતે આ જ્વલંત વિજયને તેના અંજામ સુધી પહોંચાડયો.

૨૮–૨૯ ડિસેમ્બર–૨૦૦૪ના રોજ આ જ સ્થળે વહાબીઓએ એક મિલ્લત કોન્ફરન્સ રાખી હતી જેમાં વહાબી મોલ્વીઓએ સુન્નિયતની વિરૂધ્ધ ખતરનાક પ્રકારની બકવાસ કરી હતી. તેના જવાબમાં ત્યાંની સુન્ની અવામે ૨૬, ૨૭ જાન્યુઆરી–૨૦૦૪ના રોજ "તહફફુઝે રિસાલત" નામથી એક જવાબી શાનદાર જલ્સો રાખ્યો. જેમાં સુન્નિયતના શેર અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાણી સાહબને બોલાવ્યા. તે જલસામાં સાડા છ કલાક સુધી તકરીર કરીને હમદાણી સાહબે વહાબિયત (આધી ઈસાઈયત)ની સર્વ શૈતાની વાતોનો જડબાતોડ જવાબ આપ્યો અને ચેલેંજ કરી કે પૂરી વહાબિયત ભેગી થઈને મુનાઝરો કરી લે કે હક્ક પર કોણ છે અને નાહક્ક પર કોણ છે ?

આ એલાનથી વહાબીઓમાં ખલબલી મચી ગઈ અને તેમણે પોતાના મોટા મુલ્લાઓને મુનાઝરો કરવા માટે દબાણ કર્યું. તેઓને લાગી રહ્યું હતું કે બરેલ્વી ગલત છે અને વહાબી ઉલમા સહીહ છે. એના લીધે સ્થાનિક વહાબીઓના દબાણવશ કે જો વહાબી મોલ્વીઓએ સુન્ની મોલ્વીઓ સાથે મુનાઝરો ન કર્યો તો અમે બરેલ્વી બની જાશું ! એનાથી મજબૂર થઈને વહાબીઓએ ૬ માર્ચના રોજ મુનાઝરાના માટે એક મિટિંગ બોલાવી અને એમાં પોતાની શરતો રાખીને રૂા. ૧૦૦/–ના સ્ટેમ્પ પેપર પર મુનાઝરો નક્કી કર્યો અને એ મુનાઝરાનાં પોસ્ટરો પણ કાઢવામાં આવ્યાં.

એ દરમ્યાન વહાબી મોલ્વીઓએ મુનાઝરો ટાળવાની ખૂબ કોશિશ કરી. તેમણે જૂઠુ એલાન કરી દીધું કે અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાણી સાહબ ભારત છોડીને સાઉથ આફ્રિકા ચાલ્યા ગયા અને મુફતી મતીઉર્રહમાન સાહબના બારામાં ફેલાવ્યું કે તેમની કીડની ખરાબ થઈ ગઈ વગેરે. ૩૦ માર્ચે માલદામાં પોતાના પ્રોગ્રામમાં જતી વેળા અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાણી સાહબને ત્યાંની સુન્ની અવામે ગુઝારિશ કરી કે કેવળ અડધા કલાક માટે શહેરમાં ચક્કર મારી લો, જેથી આપે ત્યાં જઈને પોતે ભારતમાં હોવાનો સબૂત પેશ કર્યો.

૮ મેના રોજ મુનાઝરાથી પહેલાં જ મોલ્વી તાહિર ગયાવીએ રૂા. ૬૦,૦૦૦/– (સાઈઠ હજાર) વહાબીઓ પાસેથી મુનાઝરાની ફી પેટે લઈ લીધા અને કહ્યું કે મુનાઝરામાં જીતવું જ એ શર્ત નહીં રહેશે. શંકા હતી કે બાદમાં એ લોકો પૈસા નહીં આપે. એ મુનાઝરામાં એ ઈલાકાના પોલીસ વિભાગના આઈ.જી., ડી.આઈ.જી. પૂરા પોલીસ બંદોબસ્ત સાથે મૌજૂદ હતા. મુનાઝરાથી જ્યારે મોલ્વી તાહિર ગયાવી તથા અન્ય મોટા મોટા આલિમો ભાગી રહ્યા હતા ત્યારે તેમને બોલાવનાર વહાબીઓએ તેઓને રોકવાનો પ્રયત્ન કર્યો, પરંતુ જ્યારે તેઓ ન રોકાયા તો તેમને વહાબીઓએ મુક્કાઓ વડે માર્યા. આટલો શરમનાક મન્ઝર સ્થાનિક લોકોએ કદી જોયો ન હતો.

સ્ટેજ પર રહી ગયેલા બાકી વહાબી મોલ્વીઓને વહાબી અવામે ૧ કલાક સુધી રોકયા અને જવાબ આપવા માટે કહ્યું પરંતુ તેઓની પાસે પણ કોઈ જવાબ ન હતો. જો પોલીસ ન હોત તો વહાબી અવામ જ એ વહાબી મોલ્વીઓને મારી નાખતે.

ત્યારબાદ હજારો વહાબીઓએ તૌબા કરી અને ઈસ્લામમાં દાખલ થઈને બરેલ્વિયતની હક્કાનિયતને અપનાવી. અને આજે પણ સેંકડો વહાબી ત્યાં તૌબા કરીને સુન્ની મુસલમાન બની રહ્યા છે અને એ ક્રમ હવે આસપાસના વિસ્તારોમાં ફેલાઈ ગયો છે.

આ મુનાઝરાનો રિપોર્ટ અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાણી સાહબે "ઈમાન તન્ઝિમ"ના રાષ્ટ્રિય અધ્યક્ષથી એંજીનીયર મુહમ્મદ હામિદને મોબાઈલ પર જણાવ્યો છે.

મુનાઝરા પછી હવે સર્વ મુસ્લિમોને સમજમાં આવી ગયું હોવાથી કે વહાબિયત એ ઈસાઈ ધર્મનો (અંગ્રેજોનો) એક ફિત્નો છે, એને કોઈ હાલતમાં માનવામાં નથી આવી શક્તો. એટલા માટે નાસમજીમાં અથવા મદ્રસા દેવબંદ કે નદવતુલ ઉલમાના ઈસાઈયત સાથે કરેલ ગઠબંધનના હેઠળ બહેકાવામાં આવી ગયેલા લોકો હવે આ શૈતાની ફિત્ના વહાબિયતથી અલગ થઈને પોતાના સહીહ અકીદા પર પાછા આવી રહ્યા છે, કેમ કે ઈમાન પર પાછા ફરવામાં હઠધર્મી ન કરવી જોઈએ. એ કુર્આનનુ ફર્માન છે કે, "અમે આખેરતમાં તમને તમારા પેશ્વાઓની સાથે ઉઠાડીશું." જો તમે હક્કને સમજી લીધા પછી વહાબિયતની સંપૂર્ણપણે હાર થવા છતાં પણ વહાબી મોલ્વીઓને સહીહ માનીને ગફલતમાં રહ્યા તો કુર્આનના હુકમાનુસાર મુર્તદ જ રહેશો અને દોઝખમાં પોતાનું ઠેકાણુ બનાવશો. અલ્લાહથી સર્વ મુસલમાનોના ઈમાન પર ચાલવા અને ઈમાન પર મૌત આવવાની દુઆ આ તન્ઝિમ કરે છે. અને સર્વને વહેલી તકે વહાબિયતથી તૌબા કરીને મુસલમાન થવાની દા'વત "ઈમાન તન્ઝિમ" આપી રહી છે.

જો કોઈ મદ્રસા કે મુફતી અથવા મોલ્વીને એમાં કોઈ શંકા હોય તો **આ મુનાઝરાને ગલત સાબિત કરીને બતાવે તેને રૂા. ૧,૦૦,૦૦૦/– (એક લાખ) ઈનામ "ઈમાન તન્ઝિમ" આપશે**. આ મુનાઝરાની કેસેટ ટૂંક સમયમાં જ લોકોને પહોંચાડવામાં આવશે એવું "ઈમાન તન્ઝિમ"ના રાષ્ટ્રિય અધ્યક્ષ એંજીનીયર મુહમ્મદ હામિદ સાહબે એલાન કર્યું છે. *–(ઈમાન ટાઈમ્સ–હિન્દી, અઠવાડિક, નાગપુર, તા. ૨૭–૫–૨૦૦૫)*

## કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

-કાર્યાલય

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

قَالَ اِنَّهٗ يَقُوْلُ اِنَّهَا بَقَرَةٌ لَّا
فَارِضٌ وَّلَا بِكْرٌ ؕ عَوَانٌۢ بَيْنَ ذٰلِكَ ؕ فَافْعَلُوْا مَا تُؤْمَرُوْنَ ﴿٦٨﴾
قَالُوا ادْعُ لَنَا رَبَّكَ يُبَيِّنْ لَّنَا مَا لَوْنُهَا ؕ قَالَ اِنَّهٗ يَقُوْلُ اِنَّهَا
بَقَرَةٌ صَفْرَآءُ ۙ فَاقِعٌ لَّوْنُهَا تَسُرُّ النّٰظِرِيْنَ ﴿٦٩﴾ قَالُوا ادْعُ لَنَا
رَبَّكَ يُبَيِّنْ لَّنَا مَا هِيَ ۙ اِنَّ الْبَقَرَ تَشٰبَهَ عَلَيْنَا ؕ وَاِنَّاۤ اِنْ
شَآءَ اللّٰهُ لَمُهْتَدُوْنَ ﴿٧٠﴾ قَالَ اِنَّهٗ يَقُوْلُ اِنَّهَا بَقَرَةٌ لَّا ذَلُوْلٌ
تُثِيْرُ الْاَرْضَ وَلَا تَسْقِى الْحَرْثَ ۚ مُسَلَّمَةٌ لَّا شِيَةَ فِيْهَا ؕ قَالُوا
الْـٰٔنَ جِئْتَ بِالْحَقِّ ؕ فَذَبَحُوْهَا وَمَا كَادُوْا يَفْعَلُوْنَ ﴿٧١﴾ وَاِذْ
قَتَلْتُمْ نَفْسًا فَادّٰرَءْتُمْ فِيْهَا ؕ وَاللّٰهُ مُخْرِجٌ مَّا كُنْتُمْ
تَكْتُمُوْنَ ﴿٧٢﴾ فَقُلْنَا اضْرِبُوْهُ بِبَعْضِهَا ؕ كَذٰلِكَ يُحْىِ اللّٰهُ
الْمَوْتٰى وَيُرِيْكُمْ اٰيٰتِهٖ لَعَلَّكُمْ تَعْقِلُوْنَ ﴿٧٣﴾ ثُمَّ قَسَتْ قُلُوْبُكُمْ
مِّنْ بَعْدِ ذٰلِكَ فَهِىَ كَالْحِجَارَةِ اَوْ اَشَدُّ قَسْوَةً ؕ وَاِنَّ مِنَ
الْحِجَارَةِ لَمَا يَتَفَجَّرُ مِنْهُ الْاَنْهٰرُ ؕ وَاِنَّ مِنْهَا لَمَا يَشَّقَّقُ فَيَخْرُجُ
مِنْهُ الْمَآءُ ؕ وَاِنَّ مِنْهَا لَمَا يَهْبِطُ مِنْ خَشْيَةِ اللّٰهِ ؕ وَمَا
اللّٰهُ بِغَافِلٍ عَمَّا تَعْمَلُوْنَ ﴿٧٤﴾

**તર્જુમો :** મૂસા علیہ الصلوٰۃ والتسلیم એ કહ્યું, અલ્લાહ ફર્માવે છે કે તે ગાય છે જે ન વૃદ્ધ હોય અને ન તદ્દન બાળવયની (બલ્કે) મધ્યમ વયની હોય. તો પાલન કરો જે તમને હુકમ આપવામાં આવી રહ્યો છે. કહેવા લાગ્યા, દુઆ કરો તમારા રબથી અમારા માટે કે અમને બતાવે કે તેનો રંગ કેવો હોય ? મૂસા علیہ الصلوٰۃ والتسلیم એ કહ્યું, અલ્લાહ તઆલા ફર્માવે છે, એવી ગાય જેનો રંગ ખૂબ ગાઢ પીળો હોય જે જોનારને સારી લાગે. કહેવા લાગ્યા, પૂછો અમારા માટે તમારા રબને કે ખુલીને વર્ણન કરે અમારા માટે કે ગાય કેવી હોય ? બેશક ! ગાય શંકાવાળી થઈ ગઈ છે અમારા માટે. અને જો અમે અલ્લાહે ચાહ્યું તો જરૂર એને તલાશ કરી લઈશું. મૂસા બોલ્યા, અલ્લાહ ફર્માવે છે, તે ગાય જેનાથી ખિદમત લેવામાં આવી ન હોય કે હળ ચલાવે જમીનમાં અને ન સિંચાઈ કરે ખેતીને, બેઐબ બેદાગ હોય. (લાચાર થઈને) કહેવા લાગ્યા, હવે તમે લાવ્યા, ખરો પતો ! પછી તેમણે તેને ઝબહ કરી અને તેઓ ઝબહ કરતા જણાતા ન હતા[૯૧]. અને યાદ કરો જ્યારે કત્લ કરી નાખ્યો હતો તમે એક વ્યક્તિને, પછી તમે એકબીજા પર કત્લનો ઈલ્ઝામ લગાડવા લાગ્યા, અને અલ્લાહ જાહેર કરનાર હતો જે તમે છુપાવી રહ્યા હતા. તો અમે ફર્માવ્યું કે મારો એ કત્લ થનારને ગાયના ટુકડા

વડે. (જોયું !) આવી રીતે જીવંત કરે છે અલ્લાહ તઆલા મુડદાને ! અને દેખાડે છે તમને પોતાની (કુદરતની) નિશાનીઓ કે શાયદ તમે સમજી જાવ. પછી સખ્ત થઈ ગયાં તમારાં દિલો એ મન્ઝર જોયા પછી પણ. તે તો પથ્થરની જેમ છે બલ્કે એનાથી પણ વિશેષ સખ્ત[૯૨]. (કેમ કે) કેટલાક પથ્થરો એવા પણ છે જેમાંથી નહેરો વહી નીકળે છે અને કેટલાક એવો પણ છે કે જે ફાટે છે તો ત્યાંથી પાણી નીકળવા લાગે છે અને કેટલાક એવા પણ છે જે ખૌફે ઈલાહીથી ગબડી પડે છે. અને અલ્લાહ બેખબર નથી એ (કરતૂતો)થી જે તમે કરો છે.

## ★ તફસીર ★

**૯૧.** મુફસ્સિરોએ લખ્યું છે કે બની ઈસ્રાઈલમાં એક નેકોકાર માણસ હતો તેનો એક નિર્દોષ બાળક હતો અને તેની પાસે એક વાછરડુ હતું. જ્યારે મરવા લાગ્યું તો તેણે દુઆ કરી, હે રબ તઆલા ! આ નાના બાળક માટે આ વાછરડુ હું તારી પાસે અમાનત રાખું છું અને આ બાળકને તને સુપ્રત કરું છું. પછી એ વાછરડાને જંગલમાં છોડી મૂક્યું. અલ્લાહ તઆલાએ પોતાના આ નેક બંદાની અરજને કબૂલ ફર્માવી. અલ્લાહ તઆલાની હિફાઝતમાં તે ઉછરતુ રહ્યું અને જ્યારે એ બાળક યુવાન થઈ ગયો ત્યારે તે જંગલમાં ગયો જ્યાં તે ગાય ચરતી રહેતી હતી. પોતાના માલિકનો અવાજ સાંભળતાં જ તે ગાય તેની પાસે આવી ગઈ. જ્યારે બની ઈસ્રાઈલે અલ્લાહ તઆલાના બતાવેલા ખાસ દેખાવવાળી ગાયની તલાશ શરૂ કરી તો એ સર્વ ગુણો ધરાવતી તે જ ગાય મળી જે એ નેક બંદાના પુત્ર પાસે હતી. બની ઈસ્રાઈલે મોં માંગી કિંમત આપીને ગાય ખરીદી લીધી. આ કિસ્સાથી એક સબક મળે છે કે જે ચીજ અલ્લાહ તઆલાના હવાલે હોય તેને કોઈ ચીજ નુકસાન નથી પહોંચાડી શક્તી. અને જે ચીજનો સંબંધ ખુદાના બંદાઓ સાથે હોય છે તેની કદરો કિંમતનો અંદાઝો તેનાથી મળતી ચીજો સાથે નથી લગાડી શકાતો.

**૯૨.** ઈન્સાન જ્યારે સંવરે છે તો ફરિશ્તાઓનો કિબ્લો બની જાય છે અને જ્યારે બગડે છે તો બેસમજી અને સંગદિલમાં પથ્થરોને પણ માત કરી દે છે. કેમ કે પથ્થર તો ખુદાના ડરથી કાંપે પણ છે અને પોતાની સ્થિતિ પ્રમાણે તેની હમ્દો ષના પણ કરતા રહે છે અને આ મૂર્ખ પોતાના રબથી ગાફેલ નાફર્માનીના મેદાનમાં પોતાની મનેચ્છાઓ તથા વાસનાઓના ઘોડા પુરપાટ દોડાવતો ચાલ્યો જાય છે.

## ચાહો છો કે જહન્નમના દરવાજા પર તમારું નામ લખાય ?!

હઝરત અબુલ લૈષ સમરકંદી رحمۃ اللہ علیہ એ હુઝૂર صلی اللہ علیہ وسلم નો આ કૌલ નકલ કર્યો છે કે, "જે શખ્સ એક ફર્ઝ નમાઝ પણ જાણી બુઝીને છોડી દે તેનું નામ જહન્નમના દરવાજા પર લખી દેવામાં આવે છે જેમાં એનું પહોંચવું જરૂરી છે." (કુર્રતુલ ઐન)

મારા પ્યારા આકા صلی اللہ علیہ وسلم ના પ્યારા દીવાનાઓ ! વિચારીને જ રૂંવાટાં ઊભા થઈ જાય છે કે ગુલામે રસૂલનું નામ જહન્નમના દરવાજા પર ?! અલ્લાહુ અકબર ! નમાઝ છોડવી એ કેટલો મહાન જુર્મ છે કે મૌલા جل جلالہ નમાઝ ત્યજનારથી કેટલો નારાજ થાય છે કે વિવિધ પ્રકારના અઝાબમાં તેને ગિરફતાર કરે છે. એમાંથી કબ્રનો અઝાબ પણ છે. આપણે જાણીએ છીએ કે નાનાથી નાનો અઝાબ પણ વેઠવાની શક્તિ આપણામાં નથી, પછી શા માટે એવું કામ કરીએ કે જેના કારણે મોટાથી મોટા અઝાબમાં સપડાવું પડે. જેથી આવો ! નિશ્ચય કરીએ કે ઈન્શાઅલ્લાહ جل جلالہ આજથી નમાઝ ત્યજવાના ગુનાહથી બચીશું અને નમાઝના પાબંદ બનીને હુઝૂર صلی اللہ علیہ وسلم ની આંખોને ઠંડક પહોંચાડીશું. અલ્લાહ جل جلالہ આપણને સૌને તૌફીક અતા ફર્માવે. (આમીન) بجاہ النبی الکریم افضل الصلوٰۃ والتسلیم۔ –*(બરકાતે શરીઅત)*

દર્સે હદીષે પાક

મિર્આતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૨૮ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે અમે લોકો હુઝૂર صلى الله عليه وسلم ની આસપાસ બેઠા હતા. અમારી સાથે અબૂબક્ર તથા ઉમર رضي الله عنهما પણ હતા[૧]. એવામાં અમારી વચ્ચેથી હુઝૂર ઉઠી ગયા. પાછા ફરવામાં મોડુ કર્યું તો અમે લોકો ડરી ગયા કે ક્યાંક આપણી ગેરહાજરીમાં હુઝૂરને કોઈ ઈજા ન પહોંચાડે[૨]. અમે ગભરાઈને ઉભા થઈ ગયા. ગભરાઈ જનારાઓમાં પ્રથમ હું હતો જેથી હુઝૂરને શોધવા હું નીકળી પડયો. એટલે સુધી કે એક અન્સાર બનૂ નજ્જારને ત્યાં એક બાગમાં પહોંચ્યો[૩]. બાગની આસપાસ ચક્કર માર્યો[૪] કે કોઈક દરવાજો મળે પણ ન મળ્યો[૫]. એક નાળી હતી જે બહારના કૂવાથી બાગમાં જતી હતી[૬]. ફર્માવે છે કે હું સંકોચાઈને નાળીમાં ઘુસીને રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ની ખિદમતમાં હાજર થઈ ગયો[૭]. હુઝૂરે ફર્માવ્યું કે અબૂ હુરૈરહ્ છે ?[૮] મેં કહ્યું, હા ! યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم ફર્માવ્યું, તમારો શો હાલ છે ?[૯] મેં અર્ઝ કરી કે, હુઝૂર આપ અમારા વચ્ચે હતા અને અચાનક ઉઠીને ગયા અને આવવામાં મોડુ થયું તો અમે ડરી ગયા કે ક્યાંક હુઝૂરને અમારી ગેર હાજરીમાં ઈજા પહોંચે તો ! અમે ગભરાઈ ઉઠયા અને સૌ પ્રથમ હું જ ગભરાયો[૧૦]. જેથી આ બાગમાં આવ્યો અને હું શીયાળની જેમ સંકોચાઈ ગયો[૧૧] અને બાકીના માણસો મારી પાછળ જ છે[૧૨]. હુઝૂરે ફર્માવ્યું, હે અબૂ હુરૈરહ્ ! અને મને પોતાના નાલૈન શરીફ (પગરખાં મુબારક) અતા કર્યા[૧૩]. ફર્માવ્યું, મારા નાલૈન લઈ જાવ, જે તમને આ બાગની પાછળ યકીન દિલ સાથે ગવાહી આપતો મળે[૧૪] કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ (પૂજ્ય) નથી તેને જન્નતની બશારત (ખુશખબર) આપી દો[૧૫]. જેની પ્રથમ મુલાકાત થઈ તે ઉમર હતા[૧૬] તે બોલ્યા, કે અબૂ હુરૈરહ્ ! આ જૂતા કેવા છે ? મેં કહ્યું કે આ હુઝૂરના નાલૈનપાક છે, આપે મને એને આપીને એટલા માટે મોકલ્યો છે કે જે મને યકીન દિલથી ગવાહી આપનાર મળે કે અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ (પૂજનીય) નથી તેને જન્નતની બશારત આપી દઉં, જનાબ ઉમરે મારી છાતી પર હાથ માર્યો[૧૭] જેનાથી હું ચટ્ટાપાટ પડી ગયો, અને ફર્માવ્યું, પાછા વળો અબૂ હુરૈરહ્ ![૧૮] તો હું નબી صلى الله عليه وسلم ની ખિદમતમાં હાજર થયો અને રડી રડીને ફરિયાદ કરી[૧૯]. અને મારા પર ઉમરની ધાક બેસી ગઈ હતી[૨૦]. જોયું તો એઓ મારી પાછળ જ હતા. હુઝૂર صلى الله عليه وسلم એ ફર્માવ્યું, અબૂ હુરૈરહ્ ! શું હાલ છે ? મેં કહ્યું કે હું જનાબ ઉમરથી મળ્યો અને તેમને તે જ પૈગામ સંભળાવ્યો જે આપીને હુઝૂરે મને મોકલ્યો હતો, તો તેમણે મારી છાતી પર એવું માર્યુ કે હું ચટ્ટાપાટ પડી ગયો અને ફર્માવ્યું કે પાછા વળો ![૨૧] હુઝૂરે ફર્માવ્યું, હે ઉમર ! આ કામ[૨૨] માટે તમને કયા ખયાલે ઉભાર્યા ? તેઓ અર્ઝ કરવા લાગ્યા, મારા માં બાપ આપના પર કુર્બાન ! યા રસૂલલ્લાહ ! શું આપે અબૂ હુરૈરહ્ને નાલૈનપાક આપીને એટલા માટે મોકલ્યા[૨૩] કે જે તેમને યકીન દિલથી એવી ગવાહી આપતો મળે કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ (ઈબાદત–પૂજાને પાત્ર) નથી તેને જન્નતની બશારત આપી દે ?! ફર્માવ્યું, હા ![૨૪] અર્ઝ કરી, એવું ન કરો ![૨૫] હું ડરું છું કે લોકો એના પર ભરોસો કરી બેસશે[૨૬] એઓને છોડી દો કે અમલ કરતા રહે. હુઝૂર صلى الله عليه وسلم એ ફર્માવ્યું, સારું ! છોડી દો[૨૭]. –*(મુસ્લિમ શરીફ)*

## ★ સમજૂતી ★

**૧.** સહાબાની જમાઅતમાં આ બંને બુઝુર્ગો એવો દરજ્જો ધરાવે છે જેમ કે તારાઓમાં ચંદ્ર તથા સૂર્ય, એટલા માટે મોટાભાગની જગાએ તેમનો ઉલ્લેખ ખાસ રીતે થાય છે. યાદ રાખશો કે સહાબાના "શયખૈન" અબૂબક્ર તથા ઉમર છે, મુહદ્દિષોના "શયખૈન" બુખારી તથા મુસ્લિમ છે, ફકીહોના "શયખૈન" ઈમામ અબૂ હનીફા અને ઈમામ અબૂ યૂસુફ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ છે, મન્તિકના "શયખૈન" બૂ અલી સીના તથા ફારાબી છે.

**૨.** એ રીતે અમે લોકો ખિદમતમાં હાજર ન હોય અને હુઝૂર ﷺ ક્યાંક એકલા હોય અને કોઈ દુશ્મન આપને તકલીફ પહોંચાડે, કેમ કે અરબમાં હુઝૂર ﷺ ના ઘણા દુશ્મન છે. આ ગભરાટ સબબોના લેહાઝથી છે, નહીં તો અલ્લાહ હમેશાં હુઝૂર ﷺ ની સાથે હતો.

**૩.** બની નજ્જાર અન્સારનો એક મોટો કબીલો છે. "હાઈત" તે બાગ કહેવાય છે જેની આસપાસ દિવાલ હોય અને એક દરવાજો હોય. "બુસ્તાન" દરેક બાગને કરી શકાય છે, દિવાલથી ઘેરાયેલ હોય ન હોય.

**૪.** એટલા માટે કે અંદાજો કરતાં મને લાગ્યું કે હુઝૂર ﷺ આ બાગમાં છે. શૈખ અબ્દુલહક્ક ફર્માવે છે કે નસીમે જમાલે બૂએ મહબૂબ આશિકના મહબ્બત ભર્યા દિમાગમાં પહોંચાડી જેવી રીતે બૂએ યૂસુફી મિસ્રથી કિન્આન પહોંચી ગઈ. પણ આશિકના હાલ વિવિધ હોય છે, ક્યારેક કાબૂમાં તો ક્યારેક બેકાબૂ.

**૫.** એટલે કે દરવાજો મૌજૂદ હતો પણ મહબૂબના ઈશ્કની દીવાનગીમાં જોવા ન મળ્યો.

**૬.** તે નજરે પડી ગઈ. પ્યારાઓના હાલ ન્યારા (નિરાલા) હોય છે, તેમની કૈફિયતો બુદ્ધિથી પર હોય છે. જુઓ રબની શાન કે દરવાજો નજરે ન પડયો અને નાળી દેખાઈ ગઈ ! આવુ તેમનાથી થાય છે જેઓને ઈશ્કનો હિસ્સો મળ્યો હોય છે.

**૭.** જણાય છે કે નાળી ખૂબ જ સાંકડી હતી જેમાં હઝરત અબૂ હુરૈરહ્ કોશિશપૂર્વક દાખલ થયા. યાદ રાખશો કે ઈજાઝત વિના નાળીઓ થકી કોઈના ઘર કે બાગમાં ચાલ્યા જવું કાનૂન પ્રમાણે મના છે પણ એ ઈશ્કનો કરિશ્મો હતો કે ખૂદને નમરૂદની આગમાં નાખવું, નિર્દોષ ફરઝંદને ઝબહ કરવો, સૌ ઈશ્કની જલ્વાગરી છે, કાનૂન એનાથી માઈલો દૂર છે !

**૮.** આ પ્રશ્ન આશ્ચર્યના કારણે છે કે દરવાજો હોવા છતાં નાળીના માર્ગે પહોંચ્યા, અથવા દરવાજો બંધ હતો ને આવી ગયા !

**૯.** પરેશાન કેમ છો ? શા માટે હાંફી રહ્યા છો ?!

**૧૦.** એમાં અલ્લાહની નેઅમતનો ઈઝહાર છે ન કે ફખ્ર અથવા રિયા. એટલે કે અલ્લાહે મને હુઝૂર ﷺ નો એવો ઈશ્ક આપ્યો છે કે આપના વિના સબ્ર નથી કરી શક્તો.

**૧૧.** એમાં માફીનો ઈઝહાર છે કે હુઝૂર ! આ ગભરાહટમાં દરબારના આદાબ નિભાવી ન શક્યો અને રજા વિના આવી ચડયો, સલામ પણ કરવાનું ભૂલી ગયો ! જ્યારે કે આ બંને કુર્આની હુકમો છે, પણ હોશમાં જે ન હોય તે શુ નકરે !

**૧૨.** એટલે, શેઅર : "एक मैं ही नहीं आलम है तलबगार तेरा"

**૧૩.** નિશાની રૂપે અતા કર્યા જેથી જણાય કે હુઝૂર ﷺ ના મોકલેલા છે. આશિક કહે છે, નહીં ! સહાબી સાચા છે, તેમની દરેક વાત નિશાની વિના માનવામાં આવે છે. મતલબ એ છે કે આગળ કેવળ **લાઈલાહ ઈલ્લલ્લાહ**નો ઉલ્લેખ છે. અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ને કફશ બરદાર (જૂતા ઉઠાવનાર) બનાવીને એવું બતાવ્યું કે **કલમો તથા તૌહીદ એનો જ વિ□ાસપાત્ર છે જે અમારો કફશ બરદાર**

**(જૂતા ઉઠાવનાર) હોય.** એમાં તબ્લીગે કૌલી (મૌખિક તબ્લીગ)ની સાથોસાથ તબ્લીગે અમલી પણ છે. ઈશ્કની તફસીરથી હદીષ પર કોઈ એતરાઝ ન રહ્યો, કફશ બરદારીમાં સર્વ અકીદા તથા અમલો આવી ગયા. **તેમનો નાલૈન બરદાર (જૂતા ઉઠાવનાર) યકીનન ! જન્નતી છે.**

**૧૪.** સુબ્હાનલ્લાહ ! કેટલો સરસ નિર્દેશ છે ! એટલે કે આ બશારત દરેક વ્યક્તિને ન આપશો, કે દરેક એ રાઝને સમજશે નહીં, કેવળ જનાબ ઉમરને બતાવજો જે તમને આ બાગની પાછળ જ મળી જશે જેઓ અમારા રાઝદાં છે.

**૧૫.** એટલે કે એમને કહી દો કે, તમે જન્નતી છો. યકીનન ! એનાથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા : એ કે હુઝૂર ﷺ ને એ ખબર હતી કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ને પ્રથમ હઝરત ઉમર رضی اللہ عنہ મળશે. બીજુ એ કે હઝરત ઉમર યકીની લાઝમી જન્નતી છે. ત્રીજુ એ કે હુઝૂરને લોકોની નેક બખ્તી તથા બદ્બખ્તીની ખબર છે. ચોથુ એ કે મુસલમાને જીભ વડે કલ્માએ તૈયેબહ પઢવો જરૂરી છે, કેવળ અકીદા પર કિફાયત ન કરે, બલ્કે જીભથી પણ ઈકરાર કરે. પાંચમું એ કે **આ પ્રકારની હદીષો પબ્લિક સુધી શરહ (ખુલાસા) વિના ન પહોંચાડવામાં આવે,** એટલા માટે હુઝૂરે પાબંદી લગાડી કે જે તમને આ બાગની પાછળ મુસલમાન મળે કેવળ તેને બશારત આપો.

**૧૬.** એ હુઝૂર ﷺ ના ફર્માનનો ઝહૂર છે કે ફર્માવ્યું હતું, જે તમને આ બાગની પાછળ મળે. હઝરત ઉમરની મુલાકાત એ હુઝૂરના ફર્માનની તફસીર છે.

**૧૭.** અહીં થોડીક વિગત છુપી છે. એટલે કે મને કહ્યું કે, પાછા ચાલો ! પણ હું ન માન્યો તો મને માર્યો. કેમ કે વિના કાંઈ કહ્યા સાંભળ્યા મારવું એ બુદ્ધિ વિરૂધ્ધું છે. (મિર્કાત) અને જાહેર એ છે કે અહીં મારવાનો હેતુ ન હતો, બલ્કે આગળ જવાથી રોકવું અને મોઢુ ફેરવીને મજબૂરન પાછા કાઢવું હતું. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કમજોર હતા તો એટલી થોડીક હરકત આપતાં ગબડી ગયા. અને માર્યા પણ હોય તો પણ વાંધો નથી, કેમ કે જનાબઉમર હઝરત અબૂ હુરૈરહ્ના માટે એક ઉસ્તાદ અથવા કમસે કમ મોટાભાઈની જેમ હતા.

**૧૮.** યાદ રાખશો કે આ ફર્માનમાં હુઝૂર ﷺ ના ફર્માનનો વિરોધ નથી પણ મકસદ એ છે કે, હે અબૂ હુરૈરહ્ ! તમે હુકમનું પાલન કરી ચૂક્યા છો, હું તમને મળી ગયો અને તમે મને ફર્માન સંભળાવી દીધું, હદીષ તેના અંતિમ સ્થાને પહોંચી ગઈ, તેના આમ (સામાન્યજનોમાં) પ્રચારની જરૂરત નથી, યાદ રાખશો કે હદીષનું ઉદ્ભવ સ્થાન નબી કરીમ ﷺ છે અને હદીષનું અંતિમ સ્થાન મુજતહીદ છે. **સામાન્ય લોકો ડાયરેક્ટ રસૂલે પાક ﷺ ની હદીષ પર અમલ ન કરે** બલ્કે મુજતહિદ પાસેથી સમજીને અમલ કરે. રબ તઆલા ફર્માવે છે : لَعَلِمَهُ الَّذِيْنَ يَسْتَنْبِطُوْنَهٗ હદીષ તથા કુર્આન રૂહાની બીમારીની દવાઓ છે, કોઈ રૂહાની તબીબની સલાહને ઉપયોગમાં લો, નહીં તો માર્યા જશો. આ હદીષ ઈમામોની તકલીદના સંબંધે મજબૂત દલીલ છે.

**૧૯.** એટલે કે મેં હુઝૂર ﷺ નું એવું શરણ લીધું જેવું બાળક મહેરબાન માંનું શરણ લે છે. યાદ રાખશો કે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ અહીં આવીને રડયા, ત્યાં રડયા ન હતા. કેમ કે મઝલૂમ ફરિયાદ રસને જોઈને રડી પડતો હોય છે.

**૨૦.** એ અરબનો મુહાવરો છે કે ફલાણા પર કર્ઝ સવાર થઈ ગયું છે, એટલે કે તેના પર છવાઈ ગયું છે.

**૨૧.** એટલે કે આ કામને માટે અહીંથી આગળ ન વધો, ક્યાં તો હુઝૂર ﷺ ની ખિદમતમાં પાછા ફરો અથવા અન્ય કામ માટે જાવ.

**૨૨.** અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ને પાછા ફેરવવા માટે,

ન કે તેમને મારવા માટે. જેમ કે આગળના લખાણથી જાણવા મળે છે. આ ફર્માનથી થાય છે કે ફરિયાદ વગેરેમાં કેવળ એકની ખબર વિ□સપાત્ર છે, કેમ કે હુઝૂર ﷺ એ હઝરત અબૂ હુરૈરહ્ પાસે ન ગવાહી માંગી અને ન તો જનાબ ઉમર પાસે ઈકરાર કરાવ્યો. કેવળ પાછા આવવાનું કારણ પૂછયું.

**૨૩.** આ વિનંતિ તથા અરજ કરવું બારગાહે રસૂલના આદાબમાંથી છે, ન કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ પર બદ્‌ગુમાનીના કારણે, કેમ કે સર્વ સહાબીઓ આદિલ છે અને તેમની ખબરો વિ□સનીય છે. શાહી કર્મચારીના કોઈ કામ બાબતે બાદશાહ આગળ રજૂઆત કરવી હોય તો પ્રથમ બાદશાહ પાસે સમર્થન કરાવી લેવું એ દરબારના અદબ (રિસ્પેકટ)માંથી છે.

**૨૪.** યાદ રાખશો કે આ સ્થાને એક વસ્તુનો ઉલ્લેખ નથી આવ્યો, એટલે આ બાગની પાછળ જણાય છે કે જનાબ ઉમર પયગબંરના રાઝદાર છે, દિલી રાઝોથી વાકેફ છે.

**૨૫.** એટલે હવે પછી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ને સામાન્ય લોકો સમક્ષ એ વાત કરવાની રજા ન આપો. એમાં હુઝૂર ﷺ ની બારગાહમાં એ મશ્વરાની રજૂઆત છે, હુઝૂરના હુકમની મુખાલેફત નથી. રબ ફર્માવે છે : وَشَاوِرۡهُمۡ فِى الۡاَمۡرِ એટલા માટે હુઝૂર ﷺ એ આ પ્રસંગે એતાબ (ચેતવણી) ન કર્યો, બલ્કે આપનો મશ્વરો માન્ય રાખ્યો. એનાથી એ જરૂરી નથી બનતુ કે જનાબ ઉમર رضی اللہ عنہ ની બુદ્ધિ તથા દાનાઈ હુઝૂર ﷺ કરતાં અધિક છે. આ હદીષનું રહસ્ય કાંઈ ઓર જ છે જે અમે અગાઉ વર્ણન કરી ચૂક્યા કે હુઝૂર ﷺ નો આ હુકમ તેના મોકા પર પહોંચી ચૂક્યો, ઈર્શાદનું પાલન થઈ ગયું.

**૨૬.** એટલે તે નવ મુસ્લિમ માણસો જે હજી વાતનો હેતુ સમજવાને લાયક નથી તેઓ જાહેરી શબ્દો સાંભળીને અમલો જ છોડી આપશે, અને સમજી બેસશે કે નજાતના માટે કેવળ કલ્મો પઢી લેવો પૂરતો છે. **એટલા માટે વર્તમાનકાળના એહલે હદીષવાળાએ સબક હાંસલ કરવો જોઈએ જેઓ દરેક હદીષ પર વિના સોચે સમજે અમલ કરવાના દાવેદાર બને છે.** કુર્આની આયતો ઉપર પણ અંધાધુંધ પડવું હરામ છે.

રબ ફર્માવે છે :–

وَالَّذِيۡنَ اِذَا ذُكِّرُوۡا بِاٰيٰتِ رَبِّهِمۡ لَمۡ
يَخِرُّوۡا عَلَيۡهَا صُمًّا وَّعُمۡيَانًا۔

**૨૭.** એટલે કે તમારી રાય મંઝૂર છે, ખૂબ જ દુરુસ્ત છે. યાદ રાખશો કે નબી ﷺ એ હઝરત ઉમર رضی اللہ عنہ થી જનાબ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નો ન કિસાસ (બદલો) અપાવ્યો ન તેમનાથી માફી અપાવી. કેમ કે હઝરત ઉમર મુજતહિદ છે અને હઝરત અબૂ હુરૈરહ્ મુહદ્દિષ. મુજતહિદ ઉસ્તાદ છે મુહદ્દિષ શાગિર્દ, અને ઉસ્તાદ પર શાગિર્દનો કેસાસ લાઝિમ નથી ભલેને ગલતીથી સજા કરી આપે. મૂસા علیہ السلام એ ખતાઅન્ હારૂન علیہ السلام ના વાળ પકડીને ખેંચ્યા પણ રબે તેમનાથી કેસાસ નથી અપાવ્યો. (કુર્આન હકીમ) અમારી આ શરહથી નીચે પ્રમાણેના સવાલો ઉઠી ગયા :–

**(૧)** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ને બાગનો દરવાજો કેમ દેખાયો નહીં? **(૨)** આપ બીજાના બાગ કે મકાનમાં વિના ઈજાઝતે શા માટે ગયા ?! **(૩)** આપે પ્રથમ સલામ કેમ ન કરી ? **(૪)** હુઝૂર ﷺ એ આપને નાલેન શરીફ શા માટે અતા કર્યા ? **(૫)** હઝરત ઉમરે હદીષનો પ્રચાર કરવાથી હઝરત અબૂ હુરૈરહ્‌ને શા માટે રોક્યા ? **(૬)** તેમને શા માટે માર્યા ? **(૭)** હુઝૂર ﷺ થી અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નું સમર્થન કેમ કરાવ્યું ? **(૮)** હુઝૂર ﷺ ને આ ફર્માનનો પ્રચાર ન કરવાની રાય શા માટે આપી ? **(૯)** હુઝૂર ﷺ એ તેમની રાય શાથી માની ? હઝરત ઉમર رضی اللہ عنہ પાસેથી એ મારનો બદલો શા માટે ન લીધો ?!

شفا شریف

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ગુજરાતી અનુવાદક ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

## (વિભાગ-૩)

ફખ્રે દો આલમ صلی اللہ علیہ وسلم ના મુબારક શરીરની પવિત્રતા, વાયુ અને પરસેવાની સુગંધી અને ગંદકીથી પાકીઝગી (પવિત્રતા)ના અનુસંધાનમાં પણ અલ્લાહ તઆલાએ ઘણા બધા ગુણો સાથે આપને ખાસ ફર્માવેલ છે, જે આપના સિવાય બીજામાં જોવામાં નહીં મળે. અલ્લાહ તઆલાએ પવિત્રતા અને ઐબથી પાક આપનામા શરઈ પવિત્રતા અને દસ નૈસર્ગિક ગુણોના સાથે પૂર્ણ ફર્માવી દીધા છે. સરવરે કોનોમકાં صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે દીનનો પાયો પવિત્રતા અને પાકીઝગી પર છે.

ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અમારાથી હદીષ બયાન કરી સુફયાન બિન આસી વગેરેએ, તેઓ ફર્માવે છે કે અમારાથી હદીષ બયાન કરી અહમદ બિન ઉમરે, તેમનાથી અબુલ આસ રાઝીએ, તેમનાથી અબૂ અહમદ જલૂદીએ. તેમનાથી ઈબ્ને સુફયાને, તેમનાથી મુસ્લિમે, તેમનાથી કતીબહએ, તેમનાથી જઅફર બિન સુલયમાને, તેમણે અનસ બિન માલિક رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૯૩)થી સાંભળી. તેઓ ફર્માવે છે :–

مَا شَمِمْتُ عَنْبَرًا قَطُّ وَلَا مِسْكًا وَّلَا شَيْئًا اَطْيَبُ مِنْ رِيْحِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ. (ص ۵۲)

**"મેં અંબર, કસ્તૂરી અને કોઈપણ ખુશબોવાળી વસ્તુને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના મુબારક વાયુથી વધારે ખુશબોદાર જોઈ નથી."** *(પેજ–૫૨)*

હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہ ફર્માવે છે કે એક વખતે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ પોતાનો મુબારક હાથ મારા ગાલ પર ફેરવ્યો. મેં એવું અનુભવ્યું કે આપનો દસ્તે કરમ છે અને તે એટલો ખુશબોદાર હતો કે જેવો અત્યારે જ અત્તરો વેચનારની નાની પેટીમાંથી બહાર કાઢવામાં આવ્યો છે.

આ ઉપરાંત બીજા કોઈ સહાબીનું બયાન છે કે કોઈ ખુશબુ લગાડે અથવા ન લગાડે પરંતુ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી હાથ મેળવી લેતો તો આખો દિવસ પોતાના હાથોમાં ખુશબુનો અનુભવ કરતો હતો અને જો નૂરે મુજસ્સમ صلی اللہ علیہ وسلم પોતાનો દસ્તે શફકત (દયાનો હાથ) કોઈ બાળકના માથા પર ફેરવતા તો તે ખુશબુના કારણે બીજા બાળકોમાંથી તેને ઓળખી કાઢવામાં આવતો હતો.

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ؕ

નબી કરીમ صلی اللہ علیہ وسلم એક વખત હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ના ઘેર આરામ કરી રહ્યા હતા. આપને પરસેવો થયો ત્યારે હઝરત અનસ رضی اللہ عنہ ની વાલિદા મોહતરમાએ એક શીશી લઈ તેમાં આપના મુબારક પરસેવાને એકઠો કરી લીધો. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ પૂછયું કે તેને શું કરશો ? અર્ઝ કરી, તેને ખુશબુમાં ભેળવી દઈશ કેમ કે તેની ખુશબુ દરેક ખુશબુથી વધુ છે.

ઈમામ મુહમ્મદ બિન ઈસ્માઈલ બુખારી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૨૫૬) એ પોતાની "તારીખે કબીર"માં હઝરત જાબિર رضی اللہ عنہ ની એક રિવાયત આ રીતે રજૂ કરી છે : નબીયે કરીમ صلی اللہ علیہ وسلم જ્યારે કોઈ એક રસ્તેથી પસાર થતા હતા તો ખુશબોના કારણે બીજા લોકો જાણી લેતા હતા કે આ રસ્તેથી રસૂલ صلی اللہ علیہ وسلم પસાર થયા છે. હઝરત ઈસ્હાક બિન રાહવિયા رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ખુશબુ લગાડવાને કારણે આવું થતું ન હતું, પરંતુ હબીબે પરવરદિગાર صلی اللہ علیہ وسلم નું ખૂબ પાક શરીર વાતાવરણને ખુશબુદાર બનાવી દેતું હતું.

# ફતવા વિભાગ

## મશીનથી ઝબહ થયેલ જાઈઝ કે નાજાઈઝ

**સવાલ** : શું ફર્માવે છે દીનના આલિમો તથા શરીઅતના મુફતીઓ આ મસ્અલામાં કે મશીનથી ઝબહ થયેલ જાનવર જાઈઝ કે નાજાઈઝ ?

**જવાબ** : મશીન વડે જે જાનવર ઝબહ કરવામાં આવે છે તે **મુરદાર** છે. એને ખાવું **નાજાઈઝ** તથા **હરામ** છે. કારણ કે મશીનમાં બટન દબાવનાર છરી નથી ચલાવતો, છરી તો વીજળીની શક્તિ વડે ચાલે છે. તો ઝબહ કરનારી ચીજ હકીકતમાં વીજળી થઈ, નહીં કે તે વ્યક્તિ જે બટન દબાવી રહ્યો છે. એ વ્યક્તિનું કામ તો કેવળ બટન દબાવીને વીજળીને મશીન સાથે કોન્ટેકટ પેદા કરવાનું છે. એ જ કારણે જો વીજળી ન હોય અને એ વ્યક્તિ બટન દબાવે તો ન મશીન ચાલશે અને ન તો જાનવરની ગરદન કપાશે. જેથી સાબિત થયું કે ઝબહ કરનાર વીજળી છે. અને એ વાત સિદ્ધ થયેલી છે કે ઝબહે ઈખ્તેયારીમાં ઝબહ કરનારનું મુસલમાન (સુન્ની) અથવા કિતાબી હોવું, સાહિબે અકલો શઉર (સમજદાર હોવું પાગલ નહીં) અને ઝબહ કરનારનું પોતાના ઈરાદા તથા ઈખ્તિયાર વડે ગળાની રગોને કાપવું અને બિસ્મિલ્લાહ પઢવું શર્ત છે. તન્વીરુલ અબ્સાર તથા દુર્રે મુખ્તારમાં છે :–

وشرط كون الذابح مسلماً أوكتابياً يعقل التسمية والذبح و يقدر وفيها تشترط التسمية من الذابح حال الذبح۔

*(ભાગ–૯, પેજ–૪૪)*

અને જાહેર છે કે વીજળીમાં ન અક્લ તથા સમજ છે, ન તેનું ઈસ્લામની ખૂબી તથા કિતાબથી જોડાવું શક્ય છે, ન વીજળી બિસ્મિલ્લાહ પઢી શકે છે. જેથી જે જાનવર વીજળી શક્તિ વડે ઝબહ થયું તે શરીઅતની રૂએ ઝબહ પામેલ જાનવર નથી બલ્કે **મુરદાર**ના હુકમમાં છે. ન તેને ખાવું જાઈઝ, ન મુસલમાનના હાથે વેચવું જાઈઝ. જો ખાશે તો **મુરદાર** ખાશે, વેચશે તો **હરામ** ધંધો ગણાશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**–(મુફતી) આલે મુસ્તફા મિસ્બાહી**

*[ઉસ્તાદ જામિઆ અમજદિયા રઝવિય્યા, ઘોસી, જિ. મઉ યુ.પી.)*

## ★ આવા હતા આપણા બુઝુર્ગો ! ★

હઝરત ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝ رضي الله تعالى عنه ના પિતા અબ્દુલ અઝીઝ મિસરના ગવર્નર હતા. તેમણે પોતાના પુત્રને ઉચ્ચ તા'લીમ અર્થે મદીનામાં હઝરત સાલેહ બિન કૈસાન رضي الله عنه ની નિગરાનીમાં આપી દીધા. એકવાર હઝરત ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝે નમાઝમાં મોડુ કર્યું તો તેમના ઉસ્તાદે તેમને પૂછતાછ કરી કે, તમે આજે નમાઝમાં મોડુ કેમ કર્યું ?! તો આપે જવાબ આપ્યો કે વાળ સમારી રહ્યો હતો એટલે જરા મોડુ થઈ ગયું. જેથી તેમના ઉસ્તાદે ફર્માવ્યું, અચ્છા ! વાળો સમારવાનો એટલો શોખ થઈ ગયો કે તેને નમાઝ કરતાં અગ્રતા આપવામાં આવી છે ! ત્યારબાદ ઉસ્તાદે તેમના વાલિદને પ્રસંગ લખી મોકલ્યો. અબ્દુલ અઝીઝને આ જાણ થતાં જ એક માણસને તે જ ઘડીએ મિસરથી મદીના મોકલ્યો જેણે આવતા વેંત જ સૌથી પ્રથમ તેમના માથાના વાળ મૂંડી નાખ્યા, ત્યારબાદ વાતચીત કરી. કેમ કે એમના વાલિદનો એ જ હુકમ હતો.'' *–(બરકાતે શરીઅત)*

## હરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ

**એટલે**

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## આપણા નબી સાહેબની ખાસ ફઝીલત

અલ્લાહ તઆલાએ આપણા નબી સાહબને સૃષ્ટિની પેદાઈશ કરતાં પહેલાં સૌ પ્રથમ પોતાના નૂરની તજલ્લીથી પેદા કર્યા. ત્યારબાદ તમામ પૈગંબરો ફરિશ્તાઓ, જમીન, આસમાન, ચાંદ, સૂરજ, અર્શ, કુર્સી વગેરે તમામ મખ્લૂકાતને હુઝૂરના નૂરની ઝલકથી બનાવી. અલ્લાહ અને તેની બરાબરી સિવાય, ખુદાની પછી જાત-સિફાતમાં ભાગીદારી સિવાયના જે દરજ્જાઓ અને કમાલો-ખૂબીઓ છે તે બધી જ ખૂબીઓ અને કમાલો અલ્લાહ તઆલાએ આપણા આકા ફખ્રે મૌજૂદાત હઝરત મુહમ્મદ صلی اللہ علیہ وسلم ને અર્પણ કરેલ છે.

લાયુમકેનુષનાઉંક માકાન હક્કહૂ
બાઅદઝ્ ખુદા બુઝુર્ગ તુઈ કિસ્સા મુખ્તસર

યા રસૂલલ્લાહ ! આપની તા'રીફ જે રીતે કરવાનો હક્ક છે તે રીતે અમારાથી થવી અશક્ય છે. પરંતુ ટૂંકમાં એટલું જ કે ખુદાની પછી આપ તમામ મખ્લૂકાત કરતાં શ્રેષ્ઠ છો.

અલ્લાહે આપ صلی اللہ علیہ وسلم ને ખૂબીઓના ખઝાના બનાવ્યા છે, કોઈપણ ખૂબી કે કમાલમાં આપની બરાબર કોઈ થઈ શક્તું નથી. આપ અલ્લાહ તઆલાના નાઈબે મુતલક છો. આપ તમામ નબીઓના પણ નબી અને સરદાર છો. તમામ ઈન્સાનો ઉપર આપની તાબેદારી જરૂરી છે. અલ્લાહ તઆલાએ તમામ ખઝાનાની ચાવીઓ આપને અર્પણ કરી દીધી. દીન-દુનિયાની તમામ નેઅમતોને આપનાર ખુદા તઆલા છે અને વહેંચનાર હુઝૂર صلی اللہ علیہ وسلم છે. હદીષમાં છે કે આપનાર અલ્લાહ તઆલા છે અને હું વહેંચનાર છું. *(બુખારી તથા મુસ્લિમ શરીફ)*

અલ્લાહ તઆલાએ આપને મેઅરાજ અતા કરી એટલે કે અર્શ પર (શરીર સાથે) બોલાવ્યા, પોતાનો દીદાર કરાવ્યો, જન્નત, દોઝખ, અર્શ, કુર્સી, તમામ ચીજોનાં દર્શન કરાવ્યાં અને રાઝો નિયાઝની વાતો કરી. હુઝૂરને જિસ્માની-શારીરિક મેઅરાજ એકવાર થયાનું કુર્આન હદીષથી સાબિત છે. મેઅરાજનો તદન ઈન્કાર કરનાર **કુફ્ર** છે અને શારીરિક મેઅરાજનો ઈન્કાર કરનાર **ગુમરાહ** છે. આપને રૂહાની મેઅરાજ પણ ઘણીવાર થઈ છે જે હદીષોથી સાબિત છે.

આપ કયામતના દિવસે સૌથી પહેલા ગુનેહગારોની બખ્શિશ કરાવશે, ગુનેહગારોની શફાઅત કરી બખ્શાવશે, નેકોના દરજ્જા બુલંદ કરાવશે. એ સિવાય આપના અંદર કરોડો ખૂબીઓ અને કમાલો છે જેને તો હું લખવાને લાયક છું ન તો એની આ પાનાંઓ ઉપર ગુંજાઈશ બાકી છે.

**અકીદો** : હુઝૂરની કોઈ વાત, કોઈ કામ, કોઈ હાલત કે કોઈ એમની નિસ્બત ધરાવતી ચીજને હલકી નજરે જુએ, એબ લગાડે તે **કાફિર** છે. *-(ફતાવા કાઝીખાન, શિફા શરીફ)*

### શું આપ જાણો છો ?!

મોટા ભાગે જોવામાં આવે છે કે ઈમામ બે રકાત પૂરી કરીને જ્યારે પ્રથમ કાયદામાં બેસે છે અને અત્તહિય્યાત પઢીને જ્યારે ત્રીજી રકાત માટે ઊભો થાય છે તો મુક્તદી પણ સાથે જ ઊભા થઈ જાય છે, ચાહે મુક્તદીઓએ અત્તહિય્યાત પૂરી ન પણ પઢી હોય. એવું કરવું ગલત અને શરીઅતની વિરૂધ્ધ છે. સહીહ મસ્અલો એ છે કે મુક્તદીઓએ પોતાની અત્તહિય્યાત પૂરી કરીને ઊભા થવું જોઈએ. - *(આલમગીરી)*

# ગુનાહોનો ઈલાજ

**લેખક** : મૌલાના હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

## ✪ જીભની સાતમી આફત ✪

બિભત્સ શેઅર તથા શાઈરી જે ફિલ્મમાં તેમજ ડ્રામાઓની મેહફિલોમાં સંભળાવવામાં આવે છે અને જૂઠા કિસ્સા કહાનીઓ તથા રમૂજી ટુચકાઓ વગેરે અથવા અતિશયોક્તિભર્યા શેઅરો પણ અસભ્ય વાણીમાં દાખલ છે. મુશાયરાઓમાં મહબૂબના રંગ રૂપની અશક્ય બલ્કે તદ્દન અશક્ય હદ સુધી જૂઠી પ્રશંસાઓ થતી હોય છે.

**૧.** ફુઝૂલ ચર્ચા કિરામન કાતિબીન (અમલો નોંધનારા ફરિશ્તાઓ)એ લખવી પડે છે, જેથી માણસે જોઈએ કે તેમનાથી શરમ કરે અને ફુઝૂલ વાતો લખવાની તેમને તકલીફ ન આપે.

**૨.** બીજુ કારણ એ છે કે એ સારી વાત નથી કે નિરર્થક તથા કઢંગી વાતોથી ભરેલું આમાલનામુ રબ તઆલા عزوجل ના સમક્ષ રજૂ થાય ! એના કારણે ફુઝૂલ વાતોથી બચવું જોઈએ.

**૩.** ત્રીજુ કારણ એ છે કે **બંદાને કિયામતના દિવસે કહેવામાં આવશે કે તારા આમાલનામાને અલ્લાહ તઆલા સમક્ષ તમામ મખ્લૂકની રૂબરૂ વાંચી સંભળાવ !** તે વખતે કિયામતની ભયાનક તકલીફો તેની સામે હશે. માણસ તરસની તકલીફથી પીડાતો હશે, શરીર પર કપડુ નહીં હોય, ભૂખથી કમર બેવડ વળી ગઈ હશે, જન્નતમાં પ્રવેશવાથી રોકી દેવામાં આવ્યો હશે અને દરેક પ્રકારની રાહત તેના પર બંધ કરી દેવામાં આવી હશે. એવા સંજોગોમાં પોતાના એવા આમાલાનામાનું વાંચન કરવું જે નિરર્થક તથા કઢંગી વાતોથી ભરપુર હોય એ કેટલા અંશે તકલીફદાયક ચીજ હશે ?!

**૪.** ચોથુ કારણ એ છે કે બંદાને ફુઝૂલ તથા નિરર્થક વાતો માટે ખખડાવવામાં આવશે અને શરમિંદો કરવામાં આવશે, અને બંદા પાસે તેનો કોઈ જવાબ હશે નહીં અને અલ્લાહ તઆલા સમક્ષ શરમના કારણે માણસ પાણી પાણી થઈ જશે.

## ✪ જીભની આઠમી આફત ✪

જીભની આઠમી આફત ઠઠ્ઠા મશ્કરી છે, એ પણ બિભત્સ વાણીમાં ગણત્રી પામે છે. સરકાર ﷺ એ ઠઠ્ઠા મશ્કરીથી પોતાના ઉમ્મતીઓને મના ફર્માવ્યું છે, અલ્બત્ત ખુશમિજાઝી જાઈઝ છે, તે પણ ધંધાદારી રૂપે ન હોય અને સત્યથી ખાલી ન હોય. વળી ઠઠ્ઠા કરવાથી હાસ્ય તથા અટ્ટહાસ્યો ઉદ્ભવ પામે છે કે જે સારાં નથી. હદીષે પાકમાં એવું દર્શાવેલ છે કે "અધિક હસવાથી દિલ મુર્દા થઈ જાય છે." બલ્કે હસવાના બદલે રડવું સારું છે અતા સલ્લમી رحمۃ اللہ علیہ ચાલીસ વરસો સુધી એક દિવસ પણ ન હસ્યા.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالیٰ عنہما ફર્માવે છે કે, "જે શખ્સથી ગુનાહ થઈ જાય તે તેના પર શરમ અનુભવી શર્મિંદો બની તૌબા કરવાને બદલે ઉલ્ટો હસે તો તેનું ઠેકાણુ કેવળ અને કેવળ જહન્નમ હશે, જેમાં રડતો જ રહેશે."

અમીરુલ મો'મિનીન ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝ رضی اللہ عنہ એ ફર્માવ્યું, "આપસમાં ઠઠ્ઠા મશ્કરી ન કર્યા કરો ! કે આ રીતે હસી મજાકમાં જ દિલોમાં નફરત બેસી જાય છે અને બુરાં કાર્યોનો પાયો દિલોમાં રચાઈ જાય છે."

હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે, "જે શખ્સ કોઈની સાથે મજાક કરે છે તે તેની નજરેથી પડી જાય છે."

## ✪ જીભની નવમી આફત ✪

કોઈની ઉડાડવી છે, એટલે કે કોઈની વાતો પર હસવું, તેના વાણી તથા વર્તનની નકલ ઉતારવી જેથી અન્ય લોકો પણ હસે, અને તે માણસની મજાક ઉડાડવી. આ વસ્તુ બે પ્રકારથી ખાલી નથી કે ક્યાં તો તે શખ્સને દુઃખ થવાનો સબબ થશે કે જે હરામ છે અને બીજુ કે એ ફુઝૂલ વાણી છે.

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

**(અર્થ)** : "ન પુરૂષોએ પુરૂષો પર હસવું જોઈએ, શું અજબ છે કે જેના પર હસો છો તે એ હસનારાઓ કરતાં ખુદાની નજીક બેહતર હોય !" *(સૂરએ હુજુરાત, આ. ૧૧)*

મતલબ એ છે કે કોઈની મજાક ન ઉડાવો અને ન કોઈને તુચ્છકારની નજરે જુઓ કે શક્ય છે અલ્લાહ عزوجل ને ત્યાં તે જ અધિક મકબૂલ હોય. જે લોકો અન્યો પર મજાકો કરવાના આદી છે અને વાત વાતમાં લોકોની ઠેકડી ઉડાવે છે, તો કિયામતના દિવસે તેઓની ઠેકડી એ રીતે ઉડાડવામાં આવશે કે જન્નતનો એક દરવાજા ખોલીને તેમને દેખાડવામાં આવશે અને અંદર પ્રવેશવાની ઈજાઝત પણ મળી જશે. પણ જ્યારે તેઓ અંદર પ્રવેશ કરવા જશે તો અચાનક દરવાજા બંધ થઈ જશે અને તેમને રોકી દેવામાં આવશે. પછી જ્યારે પાછા વળશે તો બીજો દરવાજો ખોલીને તેમને કહેવામાં આવશે કે આ તરફ આવો ! તમારો દરવાજો અસલમાં અહીં હતો ! જ્યારે તેઓ ફરીથી આવશે અને લલચામણી નજરે જોશે અને અંદર દાખલ થવા માટે દોડશે તો ફરી રોકી દેવામાં આવશે ! વારંવાર બોલાવીને તેમને રોકવામાં હકીકતમાં તેમને નીચા પાડવાનો મકસદ હશે. ત્યારે તેમને પોતે કરેલ ઠઠ્ઠા યાદ આવશે જે તેઓ અન્ય લોકો સાથે કરતા હતા. આજકાલ ઠેકડી ઉડાવવી, ઠઠ્ઠો કરવો મુસલમાનોમાં ખૂબ જ સામાન્ય થઈ ગયું છે. ખુદા તઆલા આપણને બચવાની તૌફીક આપે.

## ✪ જીભની દસમી આફત ✪

આ આફત ખૂબ જ ખતરનાક તથા તબાહ કરનારી છે, એટલે કે જૂઠો વાયદો કરવો અથવા જૂઠ્ઠ બયાન આપવું. હુઝૂર સૈયદે આલમ ﷺ નું ફર્માન છે કે, "ત્રણ વાતો એવી છે કે તેમાંની એક પણ કોઈનામાં હોય તો તે મુનાફિક છે ભલે તે ગાઝી, હાજી, નમાઝી કેમ ન હોય ! દરેક વાત જૂઠી કહે, વાયદો પૂરો ન કરે, અમાનતમાં ખયાનત કરે."

વાદા ખિલાફી (વચનભંગ) બુરા અમલોમાંથી બદ્તરીન અમલ છે. બદ્કિસ્મતીથી આજકાલ એ રિવાજ જ બની ગયો છે અને આજકાલના વાયદાઓ પર ભરોસો કરવો પણ મુશ્કેલ થઈ ગયો છે. ખાસ કરીને અમુક ટેલર, મોચી વગેરે તો હજારો વાયદા કરે છે અને ઓફિસોના કલાર્કોની તો વાત જ ન કરો ! જો કે સૌ એવા નથી પણ મોટા ભાગે જોવામાં આવ્યું છે કે લોકોને ટાળવા માટે જૂઠા વાયદા કરતા રહે છે, છેવટે મજબૂર થઈને માણસ બેસી જાય છે. **જે માણસ જીભનો પુખ્તા નથી તેણે વિચાર કરવો જોઈએ કે વાયદો એ એક પ્રકારનું કરજ હોય છે જેના વિરૂધ્ધ વર્તન હરગિઝ ન કરવું જોઈએ.** અલ્લાહ તઆલાએ એના અનુસંધાનમાં હઝરત ઈસ્માઈલ علیہ السلام ની પ્રશંસા કરતાં ફર્માવ્યું કે, "નિઃશંક ! તેઓ વાયદાના ઘણા સાચા છે." *(સૂ. મરયમ–૫૪)*

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, **"જે મુસલમાન વચનભંગ (વાદા ખિલાફી) કરે તેના પર અલ્લાહ عزوجل તથા ફરિશ્તાઓ અને તમામ માણસોની લઅનત છે, અને ન તેનો કોઈ ફર્ઝ કબૂલ થશે ન નફલ."** *(બુખારી શરીફ)*

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! વાયદો કર્યા પછી તેને પૂરો કરવો ઈસ્લામની અખ્લાકી તા'લીમાત (Training of Discipline)નું અનિવાર્ય અંગ છે, કેમ કે ઈસ્લામી દૃષ્ટિએ એ કાર્યને જરૂરી ઠરાવ્યું

છે કે જે વ્યક્તિની સાથે વાયદો કરવામાં આવે તેને પૂરો કરવામાં આવે, એવું કરવાથી ભાઈચારામાં વધારો થાય છે. અને વચનભંગથી નફરતો ઉદ્‌ભવે છે કેમ કે **વચનભંગ પણ એક પ્રકારનું જૂઠાણુ છે** અને **કબીરા ગુનાહ**માં સામેલ છે. એટલા માટે એનાથી બચવું અત્યંત જરૂરી છે. જ્યારે ઈન્સાન વાયદો કરે તો સાથે સો ઈન્શાઅલ્લાહ ! જરૂરથી કહે, કેમ કે અલ્લાહ عزوجل ની તૌફીક તથા મરજીના વિના કોઈ શખ્સ વાયદો પૂરો નથી કરી શક્તો.

રિવાયતોમાં આવ્યું છે કે, હઝરત ઈસ્માઈલ علیہ السلام એ એક વ્યક્તિને વાયદો કર્યો કે ફલાણા સ્થળ મુલાકાત થશે. અને પછી પૂરા વીસ દિવસ સુધી તે શખ્સનો ત્યાં ઈન્તેઝાર કરતા રહ્યા જેથી કરીને વચનભંગ ન થવા પામે. એ જ રીતે તાજદારે મદીના صلی اللہ علیہ وسلم એ એક વ્યક્તિને વાયદો કર્યો પણ તે વાયદો કરીને ભૂલી જ ગયો અને આપ صلی اللہ علیہ وسلم ત્રણ દિવસ સુધી ત્યાં રાહ જોતા રહ્યા. જ્યારે તે આવ્યો તો આપ صلی اللہ علیہ وسلم એ તેને કેવળ એટલું જ કહ્યું કે હું ત્રણ દિવસથી અહીં રાહ જોઈ રહ્યો છું !

## ✪ જીભની અગ્યારમી આફત ✪

જૂઠુ બોલવું તથા જૂઠી વાત સાંભળવી : આ એવી આફત છે જે ગુનાહે કબીરામાં ગણાય છે. આ એવી ખરાબ તથા બુરી આદત છે જેનું દુનિયા તથા દીનમાં કોઈ ઠેકાણુ નથી. જૂઠો માણસ દરેક જગ્યાએ બેઈજ્જત થાય છે, દરેક મજલિસ તથા માણસ સામે બેઈજ્જત થાય છે, તેનો કોઈ જ ભરોસો નથી રહેતો. આ એટલો મોટો ગુનોહ છે જેના વિશે અલ્લાહ તઆલાએ કુર્આને મુકદસમાં ઈર્શાદ ફર્માવ્યો કે **જૂઠુ બોલનાર લોકો પર અલ્લાહની લા'નત છે.** બીજી ઘણીયે આયતો તથા હદીષોમાં જૂઠની બુરાઈઓનું વર્ણન છે. માટે દરેક મુસલમાન સ્ત્રી તથા પુરૂષ પર ફર્ઝ છે કે આ ગુનાહથી જિંદગીભર બચતા રહે. ઘણાયે માં બાપ બાળકોને ચુપ કરવા માટે કહે છે કે સૂઈ જા ! નહીં તો બીલાડી આવશે ! જ્યારે કે ઘરમાં બીલાડી નથી હોતી પણ માત્ર બાળકને ચુપ કરવા માટે આવું જૂઠુ બોલવામાં આવે છે. આ પ્રકારની વાતો બોલી માં બાપ ગુનાહે કબીરા કરતા રહે છે અને આ પ્રકારની વાતોને જૂઠ નથી સમજતા. જ્યારે કે તે દરેક વાત જે હકીકત વિરૂધ્ધ હોઈ તે જૂઠ છે અને દરેક જૂઠી વાત હરામ છે ભલે તે બાળકને કહો કે મોટા માણસને કહો અથવા પ્રાણીને કહો, દરેક હરામ છે.

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ تعالٰی عنہما થી રિવાયત છે કે સરકારે દો આલમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જ્યારે બંદો જૂઠ બોલે છે તો તેની દુર્ગંધના કારણે ફરિશ્તા તેનાથી એક માઈલ દૂર ચાલ્યા જાય છે.

યાદ રાખો કે જૂઠ રોજીનું દુશ્મન છે. ખાસ કરી ઘણાયે વ્યાપારી તથા દુકાનદાર ખૂબ જ જૂઠુ બોલે છે, ખુદાની કસમ ! આ સોદામાં મને કાંઈ નથી મળ્યું, આ વસ્તુ મેં આટલામાં ખરીદી છે, આ ભેંસ આટલું દૂધ આપે છે, વગેરે.... એ જ પ્રમાણે લોકોને હસાવવા અમુક પ્રવચન કરવાવાળા જૂઠા કિસ્સા તથા મનઘડત બયાન કરે છે. રિવાયતમાં આવ્યું છે કે હુઝૂર علیہ السلام એ ફર્માવ્યું કે મેં ઘણી જ અજીબ વસ્તુ જોઈ, સામે બે માણસ છે જેમાં એક બેઠો છે અને બીજો ઊભો છે, ઊભેલ માણસ બેઠેલ માણસના મોઢામાં વાંકું હથિયાર નાખી ખેંચે છે જેના કારણે બેઠેલ માણસના ગાલ ફાટી જાય છે અને આ જ રીતે ઝઘડો કરતો રહે છે. તો મેં પૂછયું કે આનું કારણ શું છે ? તો તેણે જવાબ આપ્યો કે આ માણસને જૂઠુ બોલવાની આદત હતી. અને આ સિલસિલો કયામત સુધી ચાલતો રહેશે.

શરીઅતે માણસને ત્રણ ઠેકાણે જૂઠુ બોલવાની રજા આપી છે : કાફિર અથવા જાલિમથી પોતાની જાન બચાવવા માટે, બીજુ તે સમયે જ્યારે એક મુસલમાન બે મુસલમાન ભાઈઓ વચ્ચે સુલહ કરાવી રહ્યો હોય તો બની શકે ત્યાં સુધી એક બીજા તરફથી સારી વાત કહે, ત્રીજુ જ્યારે કોઈ માણસની બે પત્નીઓ હોય અને બંનેને કહે કે મને વધુ પ્રેમ તારી સાથે જ છે.

Islam & Modern Inventions

# ઈસ્લામ અને આધુનિક શોધો


અરબી લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની

ઉર્દૂ અનુવાદક : અબૂ હમ્માદ મુફ્તી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)

ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ઊંચી આલીશાન ઈમારતો, સુંદર સડકો

એનામાંથી જ એ છે કે શહેર જીવન વ્યવસ્થાની સરળતા માટે જમીનમાં વિવિધ સડકો બનાવવામાં આવશે અને માર્ગો પર લાઈટ વ્યવસ્થા કરવામાં આવશે. કેટ કેટલી મંઝિલ લાંબી આલીશાન ઈમારતો બંધાશે, તદ્ઉપરાંત દરેક તે કામ થશે જેનાથી ખૂબસૂરતી ફેલાય.

અલ્લાહ તઆલાએ કયામતની નિશાનીઓમાં વર્ણન કર્યું જેનાથી કિયામતની નિકટતાની ખબર છે :–

حتیٰ اذا اتــخـذت الارض زخـرفها وازنيت وظن اهـلها انهم قادرون عليها اتا ها امرانا ليلاً اونهارا فجعلنا ها حصيداً كان لم تغن بالامس

''એટલે સુધી કે જયારે જમીને પોતાનો શણગાર લઈ લીધો અને ખૂબસૂરત થઈ ગઈ અને તેના રહેવાસીઓ સમજ્યા કે તેઓ એનો કબ્જો કરી કરી ચૂકયા છે, અમારો હુકમ રાત કે દિવસ આવ્યો અને અમે તેને કપાયેલી ખેતીની જેમ કરી આપી જાણે કાલે હતી જ નહીં.'' *(સૂરએ યૂનુસ, આ. ૨૩)*

રિવાયત કરી બુખારીએ સહીહમાં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

لاتـقـوم السـاعة حتیٰ يقبض العلم وتكثرالزلازل ويتـقـارب الـزمـان وتـظهر الفتن وحتی يتطاول الناس فی البنيان

''કયામત કાયમ નહીં થાય ત્યાં સુધી કે ઈલ્મ ઉઠાવી લેવામાં આવશે, ધરતીકંપો પુષ્કળ થશે, સમય એકબીજાની નજીક આવી જશે, ફિત્ના જાહેર થશે અને લોકો ઈમારતોમાં ફેલાઈ જશે.'' *(બુખારી, ભાગ–૨, પેજ–૧૦૫૫)*

રિવાયત કરી તિબ્રાનીએ કબીરમાં, ઉમ્મુલ મો'મિનીન મૈમૂના رضی اللہ عنہ ફર્માવે છે : ''ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે :–

مـاانتم اذامرج الدين وسفك الدماء وظهرت الزينة وشرف البينان

''શું હશો તમે ? જયારે દીન બગડી જશે અને લોહી વહેશે અને સજાવટ જાહેર થશે અને ઈમારતોને શાનદાર બનાવવામાં આવશે.'' *(તિબ્રાની કબીર)*

## અસાધ્ય રોગો

એનામાંથી એ છે કે આજે એટલા પ્રકારના રોગો જાહેર થઈ રહ્યા છે જે આજથી પહેલાં એટલા ન હતા. જેમ કે સ્થિતિ એવી છે કે એટલા પ્રમાણમાં અધિકતાથી મોટી મોટી હોસ્પિટલો હોવા છતાં તે તમામ હોસ્પિટલો તે બીમારોથી ભરેલી પડી છે જેની સંખ્યા હજારો સુધી પહોંચી રહી છે. બીમારીઓ એટલી અધિક ફેલાઈ ગઈ છે કે આજથી પહેલાં કદી ન હતી અને ન તો પૂર્વજ તબીબોએ

તેનો કોઈ ઉલ્લેખ કર્યો છે. લોકો એ બીમારીઓનાં સબબો એમાં સમજે છે જે અંગ્રેજોએ બનાવી. દા.ત. ખાંડ, વનસ્પતિ ઘી તથા તે તેલ જે વિવિધ શાકભાજીઓએથી કાઢવામાં આવે છે અને એ પ્રકારની અન્ય ચીજો. અમુક લોકો એનો સબબ એ સમજે છે કે જંગો થઈ થઈને વાતાવરણ ખૂબ જ પ્રદુષિત થઈ ચૂક્યું છે અને તેની હવાથી આ બીમારીઓ જડ પકડે છે વગેરે વગેરે, જો કે એ સહીહ નથી. સહીહ એ છે કે આ તમામ વાતો કિયામતની નિશાનીઓમાંથી છે જેથી એનો સબબ એ છે કે ખરાબ કૃત્યો (બિભત્સપણુ) આમ થઈ ગયાં છે અને દરેક શખ્સ બિભત્સતામાં સપડાયેલો છે. જેમ કે નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, (રિવાયત કરી હાકિમે સહીહ સનદથી અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસથી)

ان اللّٰہ لا یحب الفا حش والمتفحش ثم قال والذی نفس محمد بیدہ لاتقوم الساعۃ حتیٰ یظھرا الفحش والتفحش وسوء الجوار وقطیعۃ الارحام وحتیٰ یخون الامین ویو تمن الخائن

"બેશક ! અલ્લાહ તઆલા બેહયા તથા બેશરમને પસંદ નથી કરતો. પછી ફર્માવ્યું, કસમ છે તે ઝાતની જેના કબ્જામાં મુહમ્મદની જાન છે ! કિયામત કાયમ થશે નહીં ત્યાં સુધી કે બેહયાઈ અને બદ્ઝબાની ફેલાઈ જશે, અને બુરો પડોશી અને સગાઈ કટ કરનાર એટલે સુધી કે અમીન ખયાનત કરશે અને ખયાનતખોરને અમીન બનાવવામાં આવશે." *(મુસ્તદરક, ભાગ–૪, પેજ–૫૧૩)*

તિબ્રાનીએ અવસતમાં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી કે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, "કસમ ખુદાની ! કિયામત કાયમ ન થશે જ્યાં સુધી બેહયાઈ તથા કંજૂસી ફેલાઈ જાય." તિબ્રાનીએ કબીરમાં અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત કરી. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : કયામત કાયમ થતા પહેલાં કુર્આનને શરમની ચીજ સમજવામાં આવશે, જમાનો એકબીજાની નજીક થઈ જશે. અને એમાંથી એ ઝિક્ર કર્યું કે બિભત્સતા (ફહ્હાશી) આમ (વ્યાપક) થઈ જશે અને જમીન લપેટી દેવામાં આવશે." આ તો વાત થઈ બિભત્સતાને વ્યાપક થવાની, હવે રહી વાત એ કે આ ચીજ કયામતની નિશાનીઓમાંથી છે અને એ બીમારીઓના પ્રદર્શિત થવાનો સબબ જે આજે જોવા મળે છે તે એ છે જેને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ વર્ણન કર્યો છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

کیف انتم اذاوقعت فیکم خمس واعوذبا للّٰہ ان تکون فیکم اوتدرکوھن۔ماظھرت الفا حشۃ فی قوم قط یعمل بھا فیھم علا نیۃ الا ظھرفیھم الطاعون والاوجاع التی لم تکن فی اخلافھم

"શું હાલ થશે તમારો જ્યારે કે તમારા પર પાંચ ચીજો આવી પડશે ! અલ્લાહની પનાહ કે તમારામાં એ ચીજો અથવા તમે એ ચીજોને પામી લો. **જ્યારે પણ કોઈ કૌમ એલાનિયા તૌર પર કોઈ બિભત્સ બુરુ કામ કરે છે તો એનામાં પ્લેગ અને એવી બીમારીઓ જાહેર થઈ જાય છે જે તેમના પૂર્વજોમાં ન હતી."** *(ઈબ્ને માજહ્, પેજ–૨૯૦, મુસ્તદરક, ભાગ–૪, પેજ–૫૪૦)*

રિવાયત કરી ઈબ્ને માજહ્ તથા બઝ્ઝાર તથા બયહકીએ શોઅબુલ ઈમાનમાં (અને હાકિમે તેને સહીહ ઠરાવી) કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બીમારીઓના જાહેર થવાની ખબર આપી જે પૂર્વજોમાં ન હતી અને હવે બિભત્સ કામોને જાહેરી તૌર પર કરવાના કારણે એ બીમારીઓ જાહેર થઈ રહી છે. જેમ કે હાલત એ છે કે સરેઆમ ચુંબનો કરવામાં આવે છે અને તેના કારણે તે બીમારીઓ તથા વબાઓ ફેલાઈ રહી છે કે આજથી પહેલાં જેને કોઈ ઓળખતુ ન હતું. (આજે **એઈડઝ્**ની બીમારી એનું દૃષ્ટાંત છે. *–ગુજરાતી અનુવાદક)*

# કુર્આન પાકના અપમાન સામે મુસ્લિમો થકી વિ□ભરમાં અમેરિકા વિરૂધ્ધ પ્રચંડ દેખાવો

કાર્યાલય

ગ્વાટેનામા જેલમાં ઈસ્લામના પવિત્ર પુસ્તક કુર્આન શરીફના અપમાનના વિરૂધ્ધમાં વિ□ભરમાં અમેરિકા વિરૂધ્ધ દેખાવો યોજાયા હતા, આપણે પણ **વિ□ના સૌથી મહાન આતંકવાદી દેશ અમેરિકાના અતિ દુષ્ટ કૃત્યને સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ.** વિ□ભરના મુસ્લિમોનાં દિલોને રંજાડવા બદલ અમેરિકાએ જગતના મુસ્લિમોની માફી માંગી જવાબદારોને કડક શિક્ષા કરવી જોઈએ.

આ ઈસ્લામ તથા મુસ્લિમના દુશ્મનો ચાહે છે કે જગતના મુસ્લિમો ચૈનનો □સ ન લે. એટલા જ માટે થોડાક થોડાક સમયના અંતરે કોઈ ન કોઈ પ્રસંગ આ જ દેશોમાં બને છે અથવા એવું કરનારા ત્યાં પનાહ લે છે.

- ✪ ઈસ્લામના મહાન પયગંબર નબી ﷺ વિરૂધ્ધ તથા અન્ય પયગબંરોની ગુસ્તાખી કરતુ પુસ્તક લખી વિ□ભરમાં હોબાળો મચાવનાર શૈતાન રૂશ્દીને આશ્રય આપનાર આજ યૂરોપ તથા અમેરિકીઓ જ હતા.
- ✪ બદ્બખ્ત તસ્લીમા નસ્રીન જેણે કુર્આન વિરૂધ્ધ લખાણોવાળુ પુસ્તક લખી જગતભરના મુસ્લિમોને રંજાડયા, તેને પણ પીઠબળ આપનાર આજ બ્રિટન, ફ્રાંસ તથા અમેરિકીઓ જ હતા.
- ✪ ત્યાર બાદ ઈસ્લામના પયગંબર વિરૂધ્ધ ઉચ્ચારણો કરીને આપ ﷺના માટે ''ત્રાસવાદી'' જેવા શબ્દો બોલી આપનું અપમાન કરનાર એક અમેરિકી સત્તાનો જિમ્મેદાર જ હતો.
- ✪ અને છેલ્લે વેશ્યા જેવી આઝાદ મુસ્લિમ નામ ધરાવતી ઈસ્લામની બાગી સ્ત્રીઓને ઉત્તેજન તથા પીઠબળ તેમજ સિક્યુરીટી પૂરી પાડીને ૧૪૦૦ વરસથી ચાલતા અલ્લાહ વ રસૂલના અર્પિત કાનૂનમાં ચંચૂપાત કરીને જુમ્આમાં સ્ત્રીને ઈમામ બનાવવાની ઝુંબેશરૂપે કોઈ મસ્જિદમાં ઈજાઝત ન મળતાં ચર્ચમાં નાલાયક આવારા સ્ત્રી પુરૂષોએ ભેગા મળીને મરદૂદ અમીના વદૂદની ઈમામતમાં જુમ્આની નમાઝ પઢી જેનો મિડીયાએ ખૂબ પ્રચાર કરીને મુસ્લિમોના દિલોને દુઃખવ્યાં.

અને હવે અત્યારે ગ્વાટેનામા અમેરીકી જેલમાં મુસ્લિમ કેદીઓ પર અતિશય જુલ્મો કર્યા. જેમ કે કેદીઓનાં હાડકાંઓ તોડી નાંખવામાં આવ્યાં, કરંટ આપવામાં આવ્યો, હાઈ વોલ્ટેજ બલ્બની સામે જોવા મજબૂર કરી આંખોની રોશની છીનવી લેવામાં આવી, તેમના કાનો પાસે ભંયકર મોટા ત્રાસદાયક અવાજ ઉત્પન્ન કરતાં મશીનો મૂકવામાં આવ્યાં કે જેથી તેમની શ્રવણશક્તિ ખલાસ થઈ જાય, આગની જવાળાઓથી તેમના ચહેરાઓ અને શરીરને દઝાડવામાં આવ્યું, તેમના ગુપ્તાંગો પર ડામ આપવામાં આવ્યા, તેમના હાથ અને પગનાં નખ ક્રુરતાથી ખેંચી નાંખવામાં આવ્યા, તેમને ભૂખ્યા અને પ્યાસા રાખી તેમની જિંદગીને મૌતથી પણ બદ્તર કરી નાંખવામાં આવી. જેનો વિ□ભરમાં વિરોધ ચાલુ જ છે. એ દરમ્યાન છેવટે જુલ્મની હદ

એ રીતે કરી કે કુર્આન શરીફને સંડાસમાં ગંદકીમાં નાખી જાત જાતની બેઅદબી જેલના ગાર્ડો થકી કરવામાં આવી.

એફ.બી.આઈ.ની તપાસમાં કુર્આન શરીફના અપમાનનાં પાંચ બનાવો પ્રકાશમાં આવ્યા છે. ક્યૂબાના ગ્વાટેનામામાં એફ.બી.આઈ.ને મળેલા દસ્તાવેજોમાં એવું સ્પષ્ટ થયું છે કે કુર્આન શરીફની એક પ્રતને બાથરૂમમાં ફલશ મારી વહેવડાવી દેવામાં આવી હતી. કુર્આન શરીફની બેઅદબીના મુદ્દે સુરક્ષા કર્મચારીઓ તથા મુસ્લિમ બંદીઓ સામ સામે આવી ગયા હતા. કેદીઓની ભૂખ હડતાલ તથા સામૂહિક આત્મહત્યાના બનાવો પણ બન્યા છે. અમેરિકાના શૈતાનિક માનસ ધરાવતા સુરક્ષા કર્મચારીઓએ કુર્આન શરીફને લાત મારી હતી અને કેટલીક પ્રતો ફાડી નાખી હતી, આ નરપિશાચો જ્યારે મુસ્લિમબંદીઓ નમાઝ પઢતા હતા ત્યારે તેમની આસપાસ નૃત્ય કરતા હતા, કુર્આન શરીફની પ્રતો (પાનાઓ) ફાડીને મુસ્લિમ કેદીઓ પર ઉછળતા હતા. એના વિરોધમાં વિ□ભરમાં મુસલમાનોએ દેખાવો કર્યા, તેને કાબૂમાં લેવા ગોળીબારો થયા, કેટલાયની જાનો ગઈ, છતાં અમેરિકાનો મહાન આતંકવાદી પ્રમુખ બુશ મનમાં શૈતાનની જેમ ખંધુ ક્રુર હાસ્ય વેરી રહ્યો છે અને કાયદેસર રીતે સરકારી ધોરણે મુસ્લિમોની માફીનો એક શબ્દ કોઈ તેના પ્રવક્તા તરફથી પણ જાહેર થયો નથી. એથી ઉલ્ટુ પેન્ટાગોનના અધિકારીઓ કહે છે કે, " આ સમસ્યા ખૂબ જ નાની (મામૂલી) છે, અમેરિકાના કમાન્ડરો કોઈને પણ પોતાના ધર્મનું આચરણ કરતાં જેલમાં રોકતા નથી." બુશના પ્રવક્તા સ્કોટ મેકલીને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમુક વ્યક્તિગત બનાવોને અત્યંત ગંભરપણે લેવાતાં રજનું ગજ કરવામાં આવે છે. જ્યારે કે શું બનાવો બન્યા તેનું તો ઉપર વર્ણન થઈ ચૂક્યું છે.

અફસોસ છે, કહેવાતા મુસ્લિમ રાષ્ટ્રોના સત્તાધારીઓ પર કે નામ માત્રના વિરોધના એકાદ બે નિવેદનો કરીને તેઓ પણ ચૂપ થઈ ગયા છે ! નહીં તો સમગ્ર કહેવાતા મુસ્લિમ રાષ્ટ્રોના વડાઓ ભેગા મળીને અમેરિકાને માફી માંગવા ઝુકાવી શકે છે. પણ દરેકને પોતાની સત્તાની પડેલી છે, જો કૌમની કે દીનની પડી હોત તો આજે અફઘાનિસ્તાન, ઈરાક તથા પેલેસ્ટાઈનમાં જે મુસ્લિમોના ખૂનની હોળીઓ ખેલાઈ રહી છે તે ન ખેલાત.

વિ□ની મુસ્લિમ પબ્લિક તો વિરોધ કરી જ રહી છે. ઈરાકથી લઈને ઈન્ડોનેશિયા સુધીના તમામ મુસ્લિમ દેશોમાં તેમજ મધ્યપૂર્વ એશિયા તથા પૂર્વના દેશોમાં, તેમજ પાકિસ્તાનમાં, ઈન્ડિયામાં, લેબનોનમાં વગેરે દેશોના મુસ્લિમોએ અમેરિકા તથા બુશ વિરૂધ્ધ દેખાવો કરી, આક્રોશ વ્યક્ત કર્યો છે. રઝા એકેડમી-મુંબઈએ પણ ૧૦-જૂન-૨૦૦૫ જુમ્આના રોજ વિ□ભરમાં **(Protest day all over the world against America for Holy Quran abuse by its forces.)** અમેરિકાના વિરૂધ્ધમાં "વિરોધ દિવસ" તરીકે મનાવવા અપીલ કરી છે.

### એક ગંભીર ચેતવણી !

**ઘણીવાર પસ્તીમાં તથા કચરાના ઢગલામાં અલ્લાહ વ રસૂલનાં નામો લખેલ કંકોતરીઓ, તેમજ કુર્આન શરીફ પણ મળી આવે છે ! આપણે ફાટેલી રૂપિયાની નોટ કાળજીથી સાચવીએ છીએ, રૂપિયા મૂકવા તીજોરીઓ બનાવીએ છીએ, ટી.વી. માટે શો કેશ હજારોનાં બનાવીએ છીએ પણ અફસોસ કે દીની કિતાબો માટે ન કોઈ કબાટ છે ન શો કેશ ! આવું ન હોવું જોઈએ. બાઅદબ બાનસીબ બેઅદબ બેનસીબ ! તો અમારી વિનંતિ છે કે દીની કિતાબો તથા બરકાતે ખ્વાજા તથા અન્ય દીની અંકોને પસ્તીમાં ફેંક્શો નહીં, કેમ કે એમાં અલ્લાહ વ રસૂલના નામો તથા કૌલ હોય છે.**

**-તંત્રી : *બરકાતે ખ્વાજા (માસિક)***

# એઈડ્ઝથી બચવું છે ?!
# તો ઈસ્લામની પનાહમાં આવો !

રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

**''એઈડ્ઝ''** એકવાયર્ડ ઈમ્યુનો **ડેફીસીયન્સી સીન્ડ્રમ**ને ટૂંકાણમાં એઈડ્ઝ કહે છે. આ ચાર શબ્દોના પ્રથમ અક્ષરો A.I.D.S. એટલે એઈડ્ઝ.

આ રોગના નામનું ગુજરાતીકરણ મુશ્કેલ છે, પરંતુ પ્રાપ્ત કરેલો (Acquired) રોગપ્રતિકારક શક્તિમાં ખામી ઉત્પન્ન કરતો (Immuno Deficiency) અનેક ફરિયાદોનો સમૂહ (Syndrum) એટલે AIDS.

''એઈડ્ઝ'' એ ઘણી ખતરનાક જીવલેણ બીમારી છે. એનું નામ પડતાં જ એક પ્રકારની ભયજનક લાગણી અંતરમાં જાગી ઉઠે છે અને એ પણ મશ્હૂર થઈ ચૂક્યું છે કે આ બીમારી જાનવરો જેમ અમર્યાદિત વ્યભિચારમાં તેમજ સૃષ્ટિ વિરૂધ્ધનાં કૃત્યોમાં પડેલા, શરાબી, ડ્રગિસ્ટ, જંગલી માનવોથી પણ ગયા ગુજરેલા પણ કહેવાતા ફોરવર્ડ ! ઐયાશ સ્ત્રી પુરૂષોને થાય છે. આપણો દેશ ભારત એ યૂરોપ, અમેરિકા તેમજ અન્ય વિકસિત તથા ફેશનમાં ખૂબ જ આગળ નીકળી ગયેલા (આદીમાનવ જેવી ફેશને પહોંચેલા !) દેશો કરતાં, આજના પશ્ચિમી હવાએ રંગાયેલા માહોલમાં પણ કાંઈક અંશે હજી સંસ્કાર તથા સંસ્કૃતિ અને શરમ તથા હયા તથા મર્યાદાને સાચવીને રહેલો છે, તેમ છતાં પશ્ચિમીઓનું, યૂરોપ અમેરિકાનું અનુકરણ કરવાના સબબે ક્રમે ક્રમે વ્યભિચારની બુરાઈઓમાં ખરડાતો જઈ રહ્યો છે અને ચિંતાજનક બાબત એ છે કે ખૂબ જ ઝડપથી ખરાબીના પંથે જઈ રહ્યો છે. ટી.વી. થકી સપ્લાય થતી પશ્ચિમી બેશરમ ગંદી કુસંસ્કૃતિ રોજ બરોજ આપણા ઘરોમાં ઠલવાઈ રહી છે, જેના માટે કોઈ રજમાત્ર ચિંતિત હોય તેવું જણાતુ નથી ! અને બુરાઈઓ તથા બેહયાઈઓનું બજાર ગરમ થતુ જાય છે. જેના પરિણામે આ પરદેશી બીમારી **''એઈડ્ઝ''**ની ભેટ આપણા ભારતને કેટલા પ્રમાણમાં સાંપડી રહી છે એનો ચિતાર પણ સંક્ષિપ્તમાં જોઈ લો :–

## એઈડ્ઝની હિંદમાં સ્થિતિ

''અત્યારે એઈડ્ઝનો પંજો વિકાસશીલ રાષ્ટ્રોમાં ધીમે ધીમે વિકરાળ બનતો જાય છે. જેમાં આફ્રિકન રાષ્ટ્રો મોખરે છે, તે પછી નંબર આવે છે ભારત અને ચીન જેવા દેશનો. જો કે આ રોગ ગુપ્ત રીતે શરીરમાં ફેલાતો હોવાને કારણે તત્કાલ તેની જાણકારી દર્દી કે ડોક્ટર બેમાંથી એકેયને થતી નથી. કેમ કે આ રોગમાં સપડાયા બાદ આ રોગ ધીમે ધીમે શરીરમાં ફેલાવાનું શરૂ કરે છે તે સમયે આ રોગના ચિન્હો નહિવત જણાતા હોવાથી તે દર્દ પકડી શકાતું નથી. આ ગાળાને મેડીકો–ભાષામાં

"વીન્ડો પીરીયડ" કહે છે. અને જ્યારે આ રોગ પોતાના લક્ષણો ખૂબ દર્શાવવાનું શરૂ કરે ત્યારે તો આ રોગ પૂરો ફેલાઈ ચૂક્યો હોય છે. જો કે ગમે તે સ્ટેજ પર આ રોગ અસાધ્ય તો છે જ.

ભારતમાં વર્ષ ૨૦૦૪ના અંત સુધીમાં એઈડ્ઝના ચેપ (સંક્રમણ)ના કુલ ૨૮,૦૦૦ નવા કેસ પ્રકાશમાં આવ્યા છે. આ જાણકારી અત્રે આયોજિત એક પત્રકાર પરિષદમાં આરોગ્યપ્રધાન ડો. અંબુમણી રામદોસે આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, સરકારના વિવિધ કાર્યક્રમો અને દેખરેખના કારણે તેમજ આ અંગે સતત જાણકારીનો મારો ચલાવાયો હોવાને કારણે વર્ષ ૨૦૦૪માં એચઆઈવી એઈડ્ઝમાં ખાસ કોઈ વૃદ્ધિ થઈ નથી. વર્ષ ૨૦૦૩માં ૫૧ લાખ ૬૦ હજાર એઈડ્ઝના કેસ હતા. જ્યારે વર્ષ ૨૦૦૪માં એઈડ્ઝના ૫૧ લાખ ૪૦ હજાર કેસ નોંધાયા છે. દેશમાં એઈડ્ઝની મહામારીના દરમાં ૨૦૦૪માં ખાસ કોઈ વૃદ્ધિ થઈ નથી.

તેમણે વિશેષ માહિતી આપતાં ઉમેર્યું હતું કે, કેટલાક રાજ્યોમાં આ રોગના દર્દીઓમાં વૃદ્ધિ થઈ છે તો કેટલાક રાજ્યો એવા પણ છે જ્યાં આ રોગના દર્દીઓનું પ્રમાણ ઘટયું છે. પણ રાષ્ટ્રીય સ્તરે સ્થિતિમાં ખાસ હોઈ પરિવર્તન નથી. એઈડ્ઝના ૨૪.૪ ટકા રોગીઓ શહેરી વિસ્તારમાં રહે છે. જ્યારે ૫૭.૬ ટકા રોગીઓ આ દેશના ગ્રામીણ ક્ષેત્રમાં રહે છે. તેમણે આ આંકડાઓને એકદમ વાજબી ગણાવતાં કહ્યું હતું કે, આ ગણતરી વિ□ આરોગ્ય સંગઠન અને સંયુક્ત રાષ્ટ્ર એઈડઝ વિભાગના માપદંડ અનુસાર કરાઈ છે. સ્વાસ્થય મંત્રીએ જણાવ્યું હતું કે, એચઆઈવી એઈડ્ઝનું સંક્રમણ દેશના પ્રૌઢોમાં ૯.૧૬ છે. જયારે સંપૂર્ણ વસ્તીની દષ્ટિએ આનાથી ઘેરાયેલા લોકોની સંખ્યા ૦.૯૧ ટકા છે."

*-(ગુજરાત ટુ ડે, તા. ૨૭-૫-૦૫)*

## એઈડ્ઝ ફેલાવનારા તેને શું રોકી શકે ?!

આશ્ચર્યની વાત એ છે કે જે લોકો "એઈડ્ઝ"ની બીમારીના જન્મદાતા છે એટલે કે સ્ત્રી આઝાદીના નામ પર સ્ત્રીઓને જાહેરમાં નગ્ન કરીને રૂપિયા રળીને પબ્લિકને વ્યભિચાર પ્રતિ આકર્ષી રહ્યા છે અને સ્ત્રીને બજારમાં વેચાતી કરી તેની આબરૂની લિલામ કરી રહ્યા છે તેઓ જ "એઈડ્ઝ"થી બચવાના પ્રોગ્રામો તથા અવનવા તુક્કાઓ દર્શાવી રહ્યા છે. અને વિ□ભરમાં "**એઈડ્ઝ ડે**" મનાવી રહ્યા છે **જેમાં એ નથી દર્શાવતા કે વ્યભિચારથી દૂર રહો, નિકાહ કરીને પવિત્ર જીવન જીવો, પર પુરૂષોથી પર સ્ત્રીઓથી મેળમેળાપ બંધ કરો..... બલ્કે એવાં શરમજનક વ્યભિચારના માર્ગો દિવાલો પર ઠેર ઠેર ચિતરે છે કે જે કોઈ પણ કૌમના સભ્ય સમાજને શોભે નહીં, અને જેનામાં થોડી ગૈરત હોય તે પણ એ લખાણોથી ઘૃણા અનુભવશે.** વળી એઈડ્ઝથી બચવા બચાવવા અભિયાન ચલાવાય છે, સેમિનારો યોજાય છે, લેક્ચરો થાય છે.... પણ ક્યાંય વ્યભિચારથી દૂર રહેવા અને આપણા પૂર્વજો જેવી સભ્ય સંસ્કૃતિવાળી જિંદગી જીવવા ક્યાંય કોઈ સમજાવતુ નથી !! શું આ રીતે એઈડ્ઝને રોકી શકાશે ?! કદાપી નહીં !

## એઈડ્ઝના બીમારની શું હાલત થાય છે ?

"એઈડ્ઝ" એવી ભયાનક જીવલેણ બીમારી છે કે તેનાં જંતુઓ શરીરમાંની રોગપ્રતિકારક શક્તિને નષ્ટ કરી દે છે જેથી માનવ શરીર કોઈપણ પ્રકારના ઈન્ફેકશન તથા રોગના પ્રતિકાર માટે લાયક નથી રહેતું. જે કોઈને "એઈડ્ઝ"નો રોગ લાગી જાય છે તે થોડાક જ વરસોમાં ઈબ્રતનાક

મૌતનો શિકાર થઈ જાય છે. એઈડ્ઝની બીમારી સામાન્યતઃ આડા સંબંધો, નાજાઈઝ સેક્સ સંબંધો, ઐયાશી, સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્યો અને સજાતિયો સંબંધોની અતિશયતાના કારણે લાગુ પડે છે. એઈડ્ઝની બીમારીવાળી વ્યક્તિ સાથે સંભોગ કરવાથી કે તેવાનું લોહી અન્યને આપવાથી બીમારી ફેલાતી ચાલે છે. હજી સુધી આ બીમારીનો ઈલાજ શોધી શકાયો નથી, કેવળ એનાથી બચવાના માર્ગો અપનાવવાથી એ બીમારીથી બચી શકાય છે. મુદ્દલે આ બીમારીનું કારણ અનૈતિક સંબંધોની બોલબાલા છે એટલે આ બીમારી એક અઝાબ સમાન છે એટલા માટે એના પાયાના સબબો દૂર કર્યા વિના તેનાથી છૂટકારો પામવો શક્ય નથી.

## કેવળ ઈસ્લામ એઈડ્ઝ રોકી શકે છે !

નગ્નતા, બિભત્સપણુ, ઐયાશી તથા સંસ્કારમય બંધનોની પાયમાલી તથા નશાખોરીની લા'નત, શરાબની અસરો, નિકાહ વિનાના આડા વહેવારોએ પશ્ચિમી સમાજને તબાહીના ઘાટે પહોંચાડી દીધો છે અને ત્યાંથી જ "એઈડ્ઝ" જન્મ પામ્યો છે. આ આઝાદખયાલ તથા સ્વચ્છંદી પશ્ચિમીઓ એઈડ્ઝને રોકવા કે તેના ઈલાજ કરવાથી લાચાર બની ગયા છે. પણ ઈસ્લામે એ બીમારીથી બચવાના માર્ગો સૂચવ્યા છે. **ઈસ્લામે જે નિયંત્રણો તથા બંધનો નિશ્ચિત કર્યા છે એના પર અમલ કરીને અને પોતાનામાં ખુદાનો ડર પેદા કરીને જ ઈન્સાન આ બુરાઈઓથી દૂર રહી શકે છે અને એઈડ્ઝથી મેહફૂઝ રહી છે સાથોસાથ અન્ય લોકોને પણ સુરક્ષિત રાખી શકે છે.** આજના આધુનિક યુગમાં ચોતરફ મોર્ડનાઈઝમ અને એડવાન્સ (પ્રગતિ)ના મોહમાં બુરાઈઓનું પુર ઉમટી ઉઠયું છે, બિભત્સતા તથા સ્વચ્છંદીપણાની ભરમાર છે. ફિલ્મો, ટી.વી.થી લઈને વર્તમાન પત્રો તથા મેગેઝિનો સુદ્ધાં આ બુરાઈઓના અડ્ડા બની ચૂકેલ છે. ફેશન અને ખૂબસૂરતીના નામ પર શરીરનું પ્રદર્શન, નશાખોરી તથા મોજમસ્તીના નામ પર ઐયાશીની ચોતરફ બોલબાલા છે. તમામ ધર્મવાળા આજે આ બુરાઈઓને રોકવા અસમર્થ જણાય છે બલ્કે કેટલાય ધર્મગુરૂ કહેવાતા લોકોના (સ્વામીઓના) સેક્સ સ્કેન્ડલ રોજબરોજ બહાર પડી રહ્યાં છે ! મંદીરે દર્શનના નામે સાધુ સ્વામી સાથે ઐયાશીના ખેલો ખેલાતા હોવાના ન્યૂઝ અખબારોમાં અવાર નવાર આવી રહ્યા છે.

રોજ બરોજ સુંદરી હરીફાઈના પ્રોગ્રામો વિ□ભરમાં ઠેરે ઠેર યોજાઈ રહ્યા છે, તથા બિઝનેશમેનો તથા વિવિધ કંપનીઓવાળા સ્ત્રીને સુંદર મજાનું રમકડુ સમજીને આઝાદીના નામે કપડાંથી આઝાદ કરી દઈને એડવર્ટાઈઝના નામે વિ□ભરના લોકો સમક્ષ નગ્ન પરેડ કરાવી રહ્યા છે.... જેની અસર એ થઈ રહી છે સ્ત્રીઓ તથા તદ્દન ઓછી વયની નવયુવતીઓ તેમની નકલ કરવામાં મોડેલની જેમ પોતે પણ મોડેલ બની રહી છે ! નવી પેઢીનું એવું બ્રેઈન વોશિંગ થઈ રહ્યું છે કે શરમ હયાને ફંગોટીને સૌ યુવાન યુવતીઓ સ્વચ્છંદીપણુ અપનાવી વ્યભિચાર પ્રતિ વળી રહેલ છે.

કેવળ ઈસ્લામ જ એક એવો મઝહબ છે કે જે આ ગલત રાહ પ્રતિ પુરની જેમ ભાગી રહેલી યુવાનીને રોકવા સમર્થ છે, જો એનો યોગ્ય પ્રચાર તથા અભ્યાસ કરવામાં આવે જે કુર્આન હદીષમાં બિભત્સતા તથા વ્યભિચારની બુરાઈઓ તથા તેનાથી બચનારને થતા દુનિયા તથા આખેરતના ફાયદાઓ દર્શાવ્યા છે. એટલે જ આ બુરાઈઓના થકી દૌલત કમાવા માંગતા દુનિયાના કૂતરાઓ અને એ બુરાઈઓમાં મજા માણવા ઈચ્છનારા નાલાયકો

ઈસ્લામને પોતાના માટે ખતરો સમજીને ઈસ્લામ વિરૂધ્ધ ખડા થઈ ગયા છે, અને ઈસ્લામના પાબંદ મુસ્લિમોને રૂઢી ચુસ્ત, જૂનવાણી તથા ત્રાસવાદી સુદ્ધાંનું લેબલ લગાડી રહ્યા છે. જેમને ત્યાં ઈજ્જત તથા આબરૂ નામનો શબ્દ જ નથી રહ્યો, તેમની પત્નીઓ, દીકરીઓ તથા પુત્રો સૌ જાનવરો જેમ વ્યભિચારમાં પડી ચૂક્યાં છે તેઓ સર્વને એ રંગમાં રંગી દેવા માટે ઈસ્લામ વિરૂધ્ધ પ્રચાર કરી "સ્ત્રી આઝાદી'ના નામે દુનિયાની સર્વ સ્ત્રીઓને ખાસ કરીને મુસ્લિમ સ્ત્રીઓને ઉશ્કેરીને દીનથી બગાવત કરવા પ્રેરી રહ્યા છે.

## આ સ્ત્રીઓની આઝાદી છે કે સ્ત્રીઓની તબાહી !

આજે પશ્ચિમના આઝાદ ખયાલ માહોલની સ્થિતિ એ છે કે દરરોજ દર મિનિટે સેંકડો સ્ત્રીઓ પર બળાત્કારના બનાવો બની રહ્યા છે અને સ્વેચ્છીક રીતે વ્યભિચાર જે થતો હોય છે તેની તો ગણત્રી જ કરી શકાય તેમ નથી ! જેની સાથે ફાવે તેની સાથે આડો સંબંધ જોડી દેવો એ ફેશન બની ચૂકી છે અને નબાપા બાળકોની માંઓની સંખ્યા વધી રહી છે. સંસ્કાર તથા પવિત્ર સંસ્કૃતિનો જનાઝો ઉઠી ગયો છે, અને કૌટુંબિક જીવન બંધારણ વિખેરાઈ રહ્યું છે.

હદ તો એ છે કે સજાતિય સંબંધો સ્ત્રી સ્ત્રી સાથે તથા પુરૂષ પુરૂષ સાથે કરવામાં આવે તે પશ્ચિમીઓને ત્યાં શરમની કે નવાઈની વાત નથી રહી ! નશાખોરી, ડ્રગબાજી, સજાતિય સંબંધો કે આડા વહેવારની ઈસ્લામમાં સખ્ત મનાઈ છે અને તેનાથી બચવા સખત તાકીદો કુર્આન હદીષમાં કરવામાં આવેલી છે.

એઈડ્ઝનો જન્મ એવાં જ કાળાં કરતૂતોની અતિશયતાને કારણે જ થાય છે. એટલે જ કુર્આને "**ઝિનાની નજીક પણ ન જાવ !**" એવો હુકમો આપેલો છે. એટલે કે જે ચીજો ઝિનામાં સપડાવી દે તેવી હોય તેનાથી પણ સખ્ત દૂર રહેવા તાકીદ કરવામાં આવેલી છે. આજે દરેક દિમાગ રાખનાર સમજી શકે છે કે વર્તમાન સમયમાં શરમ હયા ઉઠી જવાનું કારણ તથા વ્યભિચારની બદી ફેલાવવાનું કારણ આપણા સમાજની સ્ત્રીઓનું પશ્ચિમીઓનું તથા ફિલ્મી હસ્તીઓનું અનુસરણ છે કે તેઓ જાતિય લાગણી ઉશ્કેરે તેવાં કપડાં પહેરીને નગ્નતાભર્યી દશામાં ઘુમવા લાગી છે. એવા ભડકીલા ચુસ્ત તથા પારદર્શક પોશાકો પહેરીને પોતાના અંગોનું પ્રદર્શન કરતી સ્ત્રીઓ પોતાના પ્રતિ ગેરમર્દોને આકર્ષવાનું કામ કરી રહી છે અને આ બધાને અંતે આડા સંબંધો અસ્તિત્વ પામે છે જેનાથી કાંઈ કેટલાયની દુનિયા તથા આખેરત ખરાબ થાય છે અને એઈડ્ઝ જેવી જીવલેણ બીમારી ઉદ્‌ભવ પામે છે.

એટલા જ માટે ઈસ્લામે સ્ત્રીઓને પર્દો અપનાવવાનો હુકમ કર્યો છે કે જેનાથી ન શરીરો જાહેર થઈ શકે ન આંખો ભટકે ન દિલો બહેકે ન વ્યભિચાર જન્મ પામે અને પરિણામે એક સુઘડ અને તંદુરસ્ત સમાજ અસ્તિત્વમાં આવે.

## દુનિયાના અઝાબ એઈડ્ઝ અને આખેરતના અઝાબ જહન્નમથી બચવા ઈસ્લામની ચેતવણીઓ !

કુર્આને પાકમાં છે :–

وقــرن فــی بیــوتکن ولا تبــرجن تبــرج

الجاهالية الاولیٰ۔

**તર્જુમો : "અને તમારાં ઘરોમાં રોકાયેલી રહો તથા બેપર્દા ન રહો જેવી કે અગાઉની જાહિલિયત (અજ્ઞાનતા)ની બેપર્દગી."** *(કન્ઝુલ ઈમાન, પારા–૨૨)*

જોયું તમે ? કુર્આન સ્ત્રીઓને ઘરોમાં રહેવાનો

## બેપર્દગીની ભયાનક સજાઓ !

હું મારા મુસલમાન ભાઈ બહેનોને **અતિ ગંભીરપણે વિનંતિ** કરું છું કે તમે ખરેખર રસૂલે પાક ﷺ પર ઈમાન ધરાવો છો તો આ પ્રસંગને દિલની આંખોથી વાંચો અને સબક લો ! :–

"હઝરત મૌલાએ કાઈનાત અલી મુશ્કિલ કુશા كرم الله وجهه الكريم ફર્માવે છે કે એકવાર હું બીબી ફાતિમા رضی الله عنہا ની સાથે હુઝૂર અકરમ ﷺ ની બારગાહમાં હાજર થયો. આકાએ નામદાર ﷺ ની આંખોએથી આંસૂં વહી રહ્યાં હતાં. અમે કારણ પૂછયું તો જણાવ્યું કે, મેં શબે મેઅરાજમાં સ્ત્રીઓના અઝાબો જોયા હતા, આજે તે દૃશ્યો ફરી યાદ આવી ગયાં એટલા માટે રડવું આવી ગયું.... અર્ઝ કરવામાં આવી કે, યા રસૂલલ્લાહ ! ﷺ અમને પણ જણાવો કે આપે શું શું જોયું ?! ઈર્શાદે ફર્માવ્યો :–

★ મેં જોયું કે એક સ્ત્રી વાળોએથી લટકેલી છે અને તેનું ભેજુ ઉકળી રહ્યું છે. **આ તે સ્ત્રીની સજા હતી જે પોતાના વાળો ગૈર મર્દોથી છુપાવતી ન હતી.**

**ચેતવણી** : આજે ઓઢણી પણ લોકો ભૂલી ગયા અને સ્કાર્ફ હાથ રૂમાલ જેટલા ! જે ન વાળો ઢાંકે છે ન છાતી ઢાંકે છે, બલ્કે આજે ઘર બહાર નીકળીને કે બાલ્કનીમાં વાળોને ઝુલાવીને સૂકવવામાં તથા ઓઢવામાં આવે છે, તો એ બહેનો આ હદીષ પર ઈમાન ધરાવતી હોય તો માથુ ઢાંકતાં શીખે, બહાર નીકળે ત્યારે પણ વાળોને સંપૂર્ણપણે આગળ પાછળથી ઢાંકે. વાળોને લહેરાવી પ્રદર્શન ન કરે.

★ રસૂલે પાક ﷺ એ ફર્માવ્યું કે એક સ્ત્રીને જોઈ કે એ રીતે લટકાવવામાં આવી છે કે ચારેવ હાથો પગો પેશાની તરફ બાંધવામાં આવેલી છે અને સાપ તથા વિંછીઓ તેના પર ચઢેલા છે. **આ સ્ત્રી પોતાના પતિની રજા વિના ઘરથી**

હુકમ આપે છે અને અભણતાભરી, અજ્ઞાનતાભરી બેપર્દગી ન કરવાનો હુકમ આપે છે. જ્યારે આજે તો બેપર્દા ફરવાને પ્રગતિ તથા મહાનતા સમજવામાં આવે છે અને સહેજ એજ્યુકેશન મેળવ્યું તો શરમ હયાને નેવે મૂકી દેવામાં આવે છે. બેપર્દા રહેવાને કુર્આન અભણતા (જાહિલિયત) કહે છે, જ્યારે આજની બે ચોપડી ભણી લેનારી જાણે પોતાને શું ને શું સમજી બેસીને ઓઢણી, સ્કાર્ફ સર્વ ત્યજીને મોડેલ બનીને ફરવા લાગે છે અને પોતાની સુંદરતાનું પ્રદર્શન કરવા માંડે છે અને લોકોની નજરો પોતાના પ્રતિ પડે તેને ગર્વ સમજે છે ! જ્યારે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે :–

**"જે સ્ત્રી એટલા માટે શણગાર સજે કે લોકો તેના પ્રતિ જુએ તો વ્યભિચારીણી છે."** –*(હદીષ)*

રસૂલે પાક ﷺ ની ઝબાની વ્યભિચારીણી ઠરવું એ કેટલી મહાન બદ્‌બખ્તી છે ! એને તેનો અંજામ કેટલો ભયાનક થશે ! (અલ્લાહની પનાહ !)

## રસૂલે પાક તરફથી જન્નતની ઝમાનત !

આ આંખ જ ફિત્નાની પ્રથમ સીડી છે, એટલા જ માટે રસૂલે પાક ﷺ એ ફર્માવ્યું : **જો કોઈ નામહરમ (પર સ્ત્રી) પર અચાનક નજર પડી જાય તો તુરત જ નજર ફેરવી લો.** *(મુસ્લિમ, તિર્મિઝી, અબૂ દાઊદ)*

એ જ ઠેકાણે ફર્માવ્યું :–

**નિગાહ રોકવાથી ઈમાનની મીઠાશ નસીબ થાય છે.**

એક હદીષમાં છે :–

**જે શખ્સ પોતાની જીભ તથા પોતાની શર્મગાહની ઝમાનત આપે તેને હું જન્નતની ઝમાનત આપુ છું.** *(બુખારી શરીફ તથા મુસ્લિમ શરીફ)*

**બહાર નીકળતી હતી તેમજ હૈઝ તથા નિફાસથી ગુસલ કરતી ન હતી.**

**ચેતવણી** : તે તેણીઓ સબક લે જેઓ પતિને કાંઈ ગણતી જ નથી ! તથા નીલ પોલીશ કરે છે કેમ કે તેનાથી વુઝૂ કે ગુસલ ઉતરતુ નથી અને સ્ત્રી નાપાક જ રહે છે.

★ ફર્માવ્યું : એક સ્ત્રીને જોઈ કે પોતાનું જ શરીર ખાઈ રહી છે અને તેણીની નીચે આગ ભડકી રહી છે. **આ સ્ત્રી પર પુરૂષો માટે સજી ધજીને નીકળતી હતી.**

★ એક સ્ત્રીને જોઈ કે તેણીનું શરીર આગની કાતરો વડે કાપવામાં આવી રહ્યું હતું. **એ તે સ્ત્રીની સજા હતી જે પરાયા મર્દો સમક્ષ શણગાર કરી પોતે અંગપ્રદર્શન કરતી હતી.**

★ એક સ્ત્રીને જોઈ કે તેણીનું માથુ સુવ્વર (ભૂંડ) જેવું અને ધડ ગધેડાની જેમ છે અને વિવિધ અઝાબો તેણીના ઉપર થતા હતા. **આ જૂઠુ બોલનારી અને ચુગલખોર હતી.**

★ એક સ્ત્રીને જોઈ કે તેણી કૂતરાની જેવી છે, સાપ તથા વિછી તેની આગળથી ઘુસે છે અને પાછળથી નીકળે છે સાથોસાથ ફરિશ્તા આગના હથોડા પણ તેણીને મારી રહ્યા છે. **આ સ્ત્રી પોતાના પતિથી નફરત ધરાવનારી હતી.**

*–(**હદીષોનો હવાલો** : દુર્રતુન્નાસિહીન બહવાલા ઉર્દૂ માસિક અલજામિઆ–રોનાહી, યુ.પી.)*

હે મુસલમાન બહેનો ! તથા ભાઈઓ ! એઈડ્ઝની બીમારી લાવનાર આ જ ચીજો છે, પણ એ બીમારીથી તો મૃત્યુ થતાં છૂટકારો મળી જશે, પણ આખેરતના આ કેટલા ભયાનક અઝાબો હશે કે જેની યાદ આવતાં આપણા નબી કરીમ ﷺ ની આંખોએથી આંસૂં વહેવા લાગે ! આટલી વાતો વાંચ્યા પછી પણ બહેનો તમે પર્દો નહીં અપનાવો, વ્યવસ્થિત જાડી ઓઢણીઓ નહીં ઓઢો અને વાળો તથા અંગ પ્રદર્શન કરતી રહેશો તો ઈમાન કોને કહેવાશે ?! હે ભાઈઓ ! તમે કેવા રસૂલેપાક ﷺ ના ચાહક છો કે આ બધું જાણીને પણ તમારી સ્ત્રીઓને આરપાર દેખાતાં તથા ચુસ્ત કપડાં પહેરી બેહયા જેમ ફરતી જોઈને કાંઈ નહીં કહો ! તેણીઓને પ્યાર મહોબ્બતથી સમજાવો, ઈસ્લામની મહોબ્બત તેમના દિલોમાં જગાડો ! ખૂદ પણ ઈસ્લામ પર ચાલો અને બહેનોને ચાલવા સમજાવો. એમાં જ બંને જહાનમાં ઈજ્જત તથા બંને જહાનમાં ભલાઈ છે.

## હૂરો નમાઝીનું સ્વાગત કરે છે !

**હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે, "બંદો જ્યારે નમાઝ માટે ઊભો થાય છે તો તેના માટે જન્નતના દરવાજા ખોલી દેવામાં આવે છે. તેની તથા અલ્લાહ ﷻ ની વચ્ચે જે હિજાબ (પર્દો) છે તે ઉઠાવી લેવામાં આવે છે અને હૂરો તેનું સ્વાગત કરે છે. જ્યાં સુધી નમાઝી નાક સાફ ન કરે." *(તિબ્રાની)***

**મારા પ્યારા આકા ﷺ ના પ્યારા દીવાનાઓ ! અલ્લાહ ﷻ એ નમાઝનો મકામ કેટલો બુલંદ ફર્માવ્યો કે આ બાજુ બંદા નમાઝની શરૂઆત કરે છે તો પેલી તરફ જન્નતના દરવાજા ખોલી દેવામાં આવે છે. અને જે મૌલા ﷻ ની બારગાહમાં ઉભા થઈને બંદગી કરે છે તે જ મૌલા પોતાના બંદાઓ માટે હિજાબ ઉઠાવી લે છે. કેટલુ મહાન સન્માન છે આ નમાઝી માટે ! કે નમાઝી નમાઝની હાલતમાં પોતાના મૌલા ﷻ ને બેહિજાબ જોઈ શકે છે, શર્ત એ કે તેને એ નજર મયસ્સર થઈ જાય જે રબ ﷻ ના દીદારના માટે જરૂરી છે. આપણે જોઈએ કે નમાઝની કાળજી રાખીએ અને તેની પાબંદીની ભરપુર કોશિશ કરીએ. અલ્લાહ ﷻ તેના મહબૂબ ﷺ ના સદકા વ તુફૈલ આપને સૌને નમાઝના પાબંદ બનાવે. આમીન.**

بجاہ النبی الکریم افضل الصلوٰۃ والتسلیم۔

***(–બરકાતે શરીઅત)***

# નિદાએ યા રસૂલલ્લાહ !

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْکَ وَسَلَّمَ

**લેખક** : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ
**અનુવાદક** : હઝરત મૌલાના મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી

વહાબી દેવબંદીઓને રસૂલે પાક ﷺ થી એવી દુશ્મની છે કે કોઈ અલ્લાહના રસૂલને પુકારે તો તકલીફ તેમને થાય છે ! અને "શિર્ક"ના ફત્વા લગાડે છે. તેમજ અવનવા તુક્કા કરીને **યા રસૂલલ્લાહ !** ﷺ પોકારવાથી લોકોને રોકે છે. જેમ કે **હાડગુડ** (તા. જિ. આણંદ) મુકામે આ તબ્લીગી દેવબંદી આવ્યા હતા તો **નારએ તકબીર.... અલ્લાહુ અકબર !** તો બરાબર પણ **નારાએ રિસાલત.... યા રસૂલલ્લાહ**ને બદલે **નારએ રિસાલત.. લાઈલાહ ઈલ્લલ્લાહ !** કહો, એવું સમજાવી ગયા.

રસૂલે પાક ﷺ ને તેઓ પોતાના જેવા લાચાર ગણે છે ! અને તેથી જ તેમને પોકારવાથી મના કરે છે. પણ અત્રે **૧૪૦૦ વરસથી આજ સુધીના બુઝુર્ગોએ "યા" વડે પોકારવાને વિશે શું કહ્યું ?** તે ઈમામે અહલે સુન્નત મુજદ્દિદે દીનો મિલ્લત **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ ની ઈમાન મજબૂત કરતી કલમ વડે લખાયેલ લખાણ વાંચો અને જૂઠા વહાબીઓ પર ફિટકાર વરસાવો !

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## સવાલ

શું ફર્માવે છે ઉલમાએ કિરામ આ મસ્અલામાં કે ઝૈદ મુસલમાન જે ખુદાને ખુદા عزوجل અને રસૂલને રસૂલ ﷺ માને છે. નમાઝ પછી અન્ય સમયોમાં રસૂલે પાક ﷺ ને યા (પુકારવાનો શબ્દ)થી પુકારે છે અને **અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ !** અથવા **અસ્અલુકશ્શફાઅત યા રસૂલલ્લાહ !** "તમારાથી શફાઅતનો સવાલ કરું છું યા રસૂલલ્લાહ ! ﷺ " કહે છે. આવું બોલવું

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

نَحْمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ وَآلہ وَاَصْحَابِہٖ اَجْمَعِیْن۔

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا سَیِّدِیْ یَا رَسُوْلَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا سَیِّدِیْ یَا حَبِیْبَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا سَیِّدِیْ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا سَیِّدِیْ یَا نُوْرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْکَ وَسَلَّمَ

જાઈઝ છે કે કેમ ? અને જે લોકો આ (બોલવાવાળાને) આ કથનના લઈને કાફિર તથા મુશ્રિક કહે છે, એવા લોકોના માટે શું હુકમ છે ? કિતાબથી બયાન કરો અને કિયામતમાં અજ્ર પામો.

## અલ્જવાબ

ઉપર દર્શાવેલ શબ્દો નિઃશંક ! જાઈઝ છે, જેના જાઈઝ હોવામાં વાંધો નહીં લાવે, પણ બેવકૂફ, અભણ અથવા દાલમુદીલ (ગુમરાહ–ગુમરાહગર). જેણે પણ આ મસ્અલાના સંબંધી વધુ તફસીલ (સ્પષ્ટતા) જોવી હોય તે (૧) "શિફાઉસ્સિકામ" : ઈમામ અલ્લામા બકીયતુલ્ મુજતહિદીનિલ્ કિરામ, તકીયુલ્ મિલ્લતે વદ્દિન અબુલ્ હસન અલી સુબ્કી (૨) "મવાહિબે લદુનિય્યહ્" : ઈમામ અહમદ કસ્તલાની (૩) "શારેહે સહીહ બુખારી વ શરહે મવાહિબ" : અલ્લામા ઝુર્કાની તથા (૪) "મતાલિઉલ્ મસર્રાત" : અલ્લામા ફાસી તથા (૫) "મિર્કાત શરહે મિશ્કાત" : અલ્લામા અલી કારી તથા "લમ્આત વ અશ્અતુલ્ લમ્આત" શરહે મિશ્કાત" તથા "જઝબુલ કુલૂબ ઈલા દયારિલ મહબૂબ" તથા "મદારિજુન્નબુવત" : શેખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વીની લખેલ કિતાબો, તથા "અફઝલુલ્ કુરઅ શરહે ઉમ્મુલ કુઅર" : ઈમામ ઈબ્ને હજર મક્કી વિગેરે ઉલ્માની કિતાબો, કથનોની પ્રતિ ધ્યાન કેન્દ્રિત કરે. અથવા ફકીર (આ'લા હઝરત)ની કિતાબ **અલ્ઈહ્લાલ્ બિ ફૈઝિલ્ અવલિયા બઅ્દલ્ વિસાલ**નો અભ્યાસ કરે.

અહીંયા ફકીર જરૂરત પૂરતાં અમુક કથનો રજૂ કરે છે. સહીહ હદીષ જેને હઝરત ઈમામ નિસાઈ તથા ઈમામ તિર્મિઝી તથા ઈબ્ને માજહ્ તથા હાકિમ તથા બયહકી તથા ઈમામુલ અઈમ્મા ઈબ્ને ખુઝૈમા તથા ઈમામ અબ્દુલ કાસિમ તબ્રાનીએ હઝરત ઉષ્માન ઈબ્ને હુનૈફ رضی اللہ عنہ થી રિવાયત કરી. અને તિર્મિઝીએ હસન ગરીબ સહીહ અને તબ્રાની તથા બયહકીએ સહીહ અને હાકિમે બુખારી તથા મુસ્લિમની શર્ત પર સહીહ કહી, અને ઈમામ અબ્દુલ અઝીમ મુન્ઝરી વિગેરે નકદ તથા તન્કીદના ઈમામોએ તેઓના સહીહ કહેવાને માન્ય રાખ્યું, જેમાં હુઝૂર صلی اللہ علیہ وسلم એ એક નાબીના (અંધ સહાબી)ને દુઆ શીખવાડી કે નમાઝ પછી આ પ્રમાણે કહે :–

اَللّٰهُمَّ اِنِّی اَسْئَلُكَ وَاَتَوَجَّهُ اِلَيْكَ بِنَبِيِّكَ مُحَمَّدٍ نَبِيِّ الرَّحْمَةِ يَا مُحَمَّدُ اِنِّیْ اَتَوَجَّهُ بِكَ اِلٰی رَبِّیْ فِیْ حَاجَتِیْ هٰذِهٖ لِتُقْضٰی اَللّٰهُمَّ فَشَفِّعْهُ فِیَّ-

**તર્જુમો** : "યા રબ ! (عزوجل) હું તારાથી સવાલ કરુ છું અને તારા તરફ તારા નબી હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم ના વસીલાથી જેઓ નબીયે રહમત છે, ધ્યાનમગ્ન થાઉં છું, "યા મુહમ્મદ !" صلی اللہ علیہ وسلم હું આપના વસીલાથી આપના રબ તરફ ધ્યાનમગ્ન થાઉં છું કે, મારી આંખો ઉઘાડી દે. (દષ્ટિવાળો કરે) ઈલાહી ! એમની શફાઅત મારા હકમાં કબૂલ ફર્માવ."

હઝરત ઈમામ તબ્રાનીની મુઅજ્જમમાં આ પ્રમાણે છે :–

**અરબી લખાણનો અર્થ** : એટલે કે એક જરૂરતમંદ પોતાની જરૂરત માટે હઝરત અમીરુલ મુ'મિનીન ઉષ્માન ગની رضی اللہ عنہ ની પાસે આવતો જતો હતો. હઝરત અમીરુલ મુ'મિનીન એની તરફ ન તો જોતા હતા ન એની જરૂરત પૂરી કરતા હતા. તો તેણે હઝરત ઉષ્માન ઈબ્ને હુનૈફ رضی اللہ عنہ થી આ મામલાની ફરિયાદ કરી. હઝરતે ફર્માવ્યું, વુઝૂ કરીને બે રકાત મસ્જિદમાં જઈ નમાઝ પઢ, પછી દુઆ માંગ કે ઈલાહી ! عزوجل હું તારાથી સવાલ કરું છું અને તારી બાજુ મારા નબી હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم ના વસીલાથી તવજ્જહ કરું છું. યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હું હુઝૂરના વસીલાથી મારા રબ عزوجل તરફ મુતવજ્જહ (ધ્યાનિત) થાઉં છું કે મારી

જરૂરત પૂરી કરે, અને તારી જરૂરતનો ઉલ્લેખ કર. ત્યાર પછી સાંજે મારી પાસે આવજે કે હું પણ તારા સાથે આવીશ. જરૂરતમંદે કે જે સહાબી અથવા કમસે કમ મોટા તાબઈનોમાંથી હતા, આ પ્રમાણે જ કર્યું પછી ખિલાફતના આસ્તાના પર હાજર થયા. દરબાન (ચોકીદાર) આવ્યો ને હાથ પકડીને હઝરત અમીરુલ મુ'મિનીન પાસે લઈ ગયો. હઝરત અમીરુલ મુ'મિનીને પોતાની સાથે મસ્નદ (બેઠક) પર બેસાડયા, આવવાનું કારણ પૂછયું તો તેમણે પોતાની હાજત જણાવી તો હઝરતે પૂરી કરી આપી. અને ઈર્શાદ ફર્માવ્યો કે આટલા દિવસો સુધી તેં તમારો મતલબ ન બયાન કર્યો ? પછી ફર્માવ્યું કે તમને કોઈપણ જરૂરત હોય તો મારી પાસે આવતા રહેજો.

આ સાહેબ ત્યાંથી નીકળીને હઝરત ઉષ્માન ઈબ્ને હુનૈફ رضی اللہ عنہ થી મળ્યા અને ફર્માવ્યું, અલ્લાહ ﷻ તમને નેક બદલો અતા કરે, હઝરત અમીરુલ મુ'મિનીન મારી જરૂરત પ્રતિ જોતા પણ ન હતા, એટલે સુધી કે તમોએ હઝરતથી મારી સિફારીશ કરી. હઝરત ઉષ્માન ઈબ્ને હુનૈફે ફર્માવ્યું, **અલ્લાહ ﷻ ની કસમ ! મેં તમારા બારામાં હઝરતથી કાંઈ જ કહ્યું નથી !** પરંતુ થયું એવું કે મેં આકાએ દો જહાં, નબીએ આખિરુઝ્ઝમાં ﷺ ને જોયા કે હુઝૂરની ખિદમતમાં એક નાબીના (અંધ) સહાબી આવ્યા અને નાબીનાઈ (અંધાપા)ની ફરિયાદ કરી. આકા ﷺ એ એમનાથી આ જ પ્રમાણે ફર્માવ્યું કે, વુઝૂ કરીને બે રકાત પઢીને આ દુઆ કર. ખુદા ﷻ ની કસમ ! હજુ તો અમો ઉભા પણ થયા ન હતા, વાતો કરી રહ્યા હતા એટલામાં તે (આંધળા સહાબી) અમારી પાસે ઉપસ્થિત થયા એવી રીતે કે જાણે ક્યારેય આંધળા જ ન હતા !"

હઝરત ઈમામ તબ્રાની પછી ઈમામ મુન્ઝરી ફર્માવે છે, **વલ હદીષુ સહીહુન્** "અને આ હદીષ સહીહ (યોગ્ય) છે."

હઝરત ઈમામ બુખારી "અલ્ અદબુલ્ મુફરદ"માં તથા ઈમામ ઈબ્નુસ્સુન્ની અને ઈમામ ઈબ્ને બશ્કુવાલ રિવાયત કરે છે :–

**અર્થ** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ નો પગ લકવા મારી ગયો, કોઈકે કહ્યું કે હઝરત ! તમો એમને યાદ કરો જે તમારા નજીક સર્વથી પ્યારા છે. હઝરતે ઊંચા અવાજે કહ્યું, **યા મુહમ્મદાહ્ !** તરત જ પગ સારો થઈ ગયો. (સુબ્હાનલ્લાહ !)

હઝરત ઈમામ નવવી શારેહે સહીહ મુસ્લિમએ પોતાની કિતાબ "અલ્ અઝકાર"માં ઉપરોક્ત પ્રસંગ જેવો જ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી નકલ કર્યો કે :–

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما પાસે કોઈનો પગ લકવો મારી ગયો તો હઝરતે ફર્માવ્યું, તું એ વ્યક્તિને યાદ કર, જે તને સર્વથી વધુ મહબૂબ (પ્રિય) છે, તો તેણે **યા મુહમ્મદાહ્ !** કહ્યું તો સાજો થઈ ગયો. અને આ પ્રસંગ આ બે સહાબાઓની સિવાય બીજાઓથી પણ મરવી (રિવાયત) થયેલ છે. મદીનાના રહેવાસીઓમાં પહેલેથી જ **યા મુહમ્મદાહ્ !** કહેવાની આદત ચાલી આવી છે.

અલ્લામા શહાબ ખફ્ફાજી મિસ્રી "નસીમુર્રિયાઝ શરહે શિફા કાઝી અયાઝ"માં ફર્માવે છે :– **અર્થ : યા મુહમ્મદાહ્ !** કહેવું મદીનાવાળાઓનો નિયમ (રોજની ટેવ) તથા આદત હતી.

હઝરત બિલાલ ઈબ્ને હારિષ મુઝનીથી "આમુર રમાદહ્"ના દુકાળમાં કે જે હઝરત અમીરુલ મુ'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં હિ.સ. ૧૮માં પડયો હતો. તેમની કૌમે અર્ઝ કરી કે, અમે મરી રહ્યા છીએ બકરી ઝબહ કરો ! ઈર્શાદ ફર્માવ્યો કે બકરીઓમાં પણ

કશું નથી રહ્યું. તે લોકોએ વારંવાર કહ્યું તો અંતે ઝબહ કરી અને ચામડુ ખેંચ્યું તો ખાલી લાલ હાડકુ નીકળ્યું ! આ જોઈને હઝરત બિલાલ બિન હારિષે પોકાર્યું કે, **યા મુહમ્મદાહ્ !** પછી હુઝૂર ﷺ એ સપનામાં આવીને ખુશખબરી આપી (કે વરસાદ થશે.) છેવટ સુધી.

હઝરત ઈમામ મુજતહિદ ફકીહે અજલ અબ્દુર્રહમાન હુઝલી કૂફી મસ્ઊદી જે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદના પૌત્ર અને મહાન તબે તાબઈન તથા મહાન મુજતહિદોમાંથી છે. માથા પર ઊંચી ટોપી મૂકતા જેમાં લખેલું હતું, **''મુહમ્મદ યા મન્સૂર !''**

અને સ્પષ્ટ છે કે :–

اَلْقَلَمُ اَحَدُالِّسَانَيْنَ.

એટલે કે કલમ (પેન) બે ઝબાનોમાંથી એક છે. (કલમ પણ એક ઝબાન છે.)

હઝરત હુસૈન ઈબ્ને જમીલ ઈન્તાકી કે જે વિ□સનીય મજબૂત મુહદ્દિષોમાંથી છે. આ જ ઈમામે અજલ (અબ્દુર્રહમાન હુઝલી)ના સંબંધે ફર્માવે છે :–

**અર્થ** : મેં તેઓને જોયા કે તે પોતાના માથા પર એક ગજ (હાથથી લાંબી) ટોપી મૂક્તા હતા, જેમાં લખેલુ હતું, **મુહમ્મદ યા મન્સૂર !** એનું વર્ણન ''તહઝીબુત્તહઝીબ'' વિગેરેમાં પણ છે.

હઝરત ઈમામ શૈખુલ ઈસ્લામ શહાબુદ્દીન રમલી અન્સારીના ફતાવામાં છે :–

**અર્થ** : એમને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, આમ લોકો જે સંકટ સમયમાં અંબિયાએ કિરામ (નબીઓ) તથા મુરસલીન (રસૂલો) અને અવલિયા તથા સાલહીનથી ફરિયાદ કરે છે, અને **યા રસૂલલ્લાહ ! યા અલી ! યા શૈખ અબ્દુલ કાદિર જીલાની !** અને આ જ પ્રમાણે અન્ય કલેમાત (શબ્દો) બોલે છે તો આ જાઈઝ છે કે કેમ ?

હઝરતે જવાબ આપ્યો કે :–

**નિ:શંક ! હઝરાતે અંબિયા તથા મુરસલીન અને અવલિયા તથા ઉલ્માથી મદદ માંગવી જાઈઝ છે, અને તેઓ ઈન્તેકાલ પછી પણ મદદ ફર્માવે છે.**

હઝરત અલ્લામા ખૈરૂદ્દીન રમલી ઉસ્તાઝ સાહિબે દુર્રે મુખ્તાર ફતાવા ખૈરિયહ્‌માં ફર્માવે છે :

**અર્થ** : લોકોનું કહેવુ, **યા શૈખ અબ્દુલ કાદિર !** એ એક નિદા (મદદ માટેની પુકાર) છે, પછી એના હરામ હોવાનું શું કારણ છે ?!

સૈયદી જમાલ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર મક્કી પોતાના ફતાવામાં ફર્માવે છે :–

**અર્થ** : મારાથી પ્રશ્ન થયો એ માનવીના બારામાં જે સંકટ સમયે કહે છે, **યા રસૂલલ્લાહ !** અથવા **યા અલી !** અથવા **યા શૈખ અબ્દુલ કાદિર !** વિગેરે... શું જાઈઝ છે કે કેમ ?

મેં જવાબમાં કહ્યું, **"હા ! અવલિયાથી મદદ માંગવી અને એમને પુકારવા અને એમનો વસીલો લેવો શરીઅતમાં જાઈઝ છે અને પ્રિય વસ્તુ છે. જેનો ઈન્કાર કોઈ કરશે નહીં પણ તે જે હઠધર્મીવાળો હશે અથવા ઔલિયા અલ્લાહની દુશ્મની રાખવાવાળો હશે, અને બેશક ! તે ઔલિયાએ કિરામની બરકતથી મહરૂમ છે."**

હઝરત ઈમામ ઈબ્ને જવઝીએ કિતાબ ''ઊયુનુલ હિકાયાત''માં ત્રણ અવલિયાએ અઝીમુશ્શાનનો વાક્યો બસનદે મુસલ્‌સલ (ક્રમવાર રાવીયોના નામની લિસ્ટ સાથે) રિવાયત કર્યો કે :–

ત્રણ ભાઈ બહાદુર સવારો શામના રહેવાસી હતા, તેઓ હમેશાં અલ્લાહ ﷻ ની રાહમાં જેહાદ કરતા.

એક વખત રૂમના નસરાનીઓ તે સવારોને કેદ કરીને લઈ ગયા. બાદશાહે કહ્યું, હું તમોને સલ્તનત આપીશ અને મારી છોકરીઓનાં તમારી સાથે લગ્ન કરી દઈશ, તમો નસરાની થઈ જાવ ! એ લોકોએ બાદશાહની વાતને ઠુકરાવીને પુકાર્યુ, **યા મુહમ્મદાહ્ !**

બાદશાહે દેગોમાં તેલ ગરમ કરાવીને બે સાથીઓને એમાં નાખી દીધા. ત્રીજાને અલ્લાહ ﷻ એ સબબ પેદા કરીને બચાવી લીધો. પેલા બંનેવ જે દેગમાં નાખવામાં આવ્યા હતા તેઓ છ મહિના બાદ ફરિશ્તાઓની એક ટુકડી સાથે જાગૃતાવસ્થામાં તેની પાસે આવ્યા અને ફર્માવ્યું, "અલ્લાહ તઆલાએ અમોને તમારી શાદીમાં ભાગ લેવા મોકલ્યા છે." તેઓએ બંનેની ખૈરિયત પૂછી તો ફર્માવ્યું, બસ ! એ જ તેલની એક ડૂબકી હતી જે તમોએ જોઈ ! ત્યાર બાદ અમો બુલંદ જન્નતમાં હતા.

ઈમામ ફર્માવે છે :–

**અર્થ** : આ લોકો પૂર્વજોના કાળમાં શામમાં મશહૂર હતા અને તેઓનો આ પ્રસંગ ખૂબ જ પ્રખ્યાત છે. પછી ફર્માવ્યું, કવિઓએ તેમની પ્રશંસામાં કાવ્યો લખ્યાં જેમાં આ શેઅર છે :–

**અર્થ** : "નજીક છે કે અલ્લાહ તઆલા સાચા ઈમાનવાળાઓને એમના સાચુ બોલવાની બરકતથી જિંદગી અને મૌતમાં છૂટકારો અર્પણ કરે."

આ પ્રસંગ આશ્ચર્યજનક અને બેહતરીન રૂહપરવર છે. હું લખાણ લાંબુ થવાના ખ્યાલથી ટૂંકમાં બયાન કરી ગયો. પૂરેપૂરો પ્રસંગ હઝરત ઈમામ જલાલુદ્દીન સિયૂતીની કિતાબ "શરહુસ્સદૂર"માં છે, જેની ઈચ્છા હોય તે ત્યાં જોઈ લે. અહીંયા એટલો જ હેતુ છે કે **સંકટ સમયમાં યા રસૂલલ્લાહ ! કહેવું જો શિર્ક હોય તો મુશ્રિકની મગફેરત અને શહાદત કેવી ? અને જન્નતુલ્ ફિરદૌસમાં જગ્યા પામવાનો શું અર્થ ? અને તેમની શાદીમાં ફરિશ્તાઓને મોકલવાનો શું અર્થ ?! અને તે અઈમ્મએ દીને આ રિવાયત કેમ કરીને પસંદ કરી ? અને તેમની શહાદત શા કારણે મુસલ્લમ (માન્ય) રાખી ? અને તે અલ્લાહવાળા લોકો પોતે પણ સલફે સાલેહીન (નેક પૂર્વજો)માંથી હતા.**

આ વાક્યો "તરતૂસ" શહેર આબાદ થયા પહેલાંનો છે. અને તરતૂસ એક દારુલ ઈસ્લામની સરહદનું શહેર છે જેને ખલીફા હારૂન રશીદે આબાદ કર્યું, જેમ કે હઝરત ઈમામ સિયૂતીએ પોતાની કિતાબ "તારીખુલ્ ખુલ્ફા"માં વર્ણન કર્યું. હારૂન રશીદનો જમાનો (યુગ) તાબઈન અને તબે તાબઈનનો જમાનો હતો, જેથી જો આ ત્રણ શહીદો તાબઈન ન હતા તો કમસે કમ તબે તાબઈન તો હતા. વલ્લાહુલ હાદી (અલ્લાહ ﷻ હિદાયત આપવાવાળો છે.)

હુઝુર પૂરનૂર સૈયદના ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**અર્થ : જે કોઈ તકલીફમાં મારાથી ફરિયાદ કરે તો તકલીફ દૂર થાય, અને જે કોઈ પરેશાનીમાં મારું નામ લઈને નિદા (પુકાર) કરે તે પરેશાની દૂર થાય, અને જે કોઈ જરૂરતમાં અલ્લાહ ﷻ ની બારગાહમાં મને વસીલો બનાવે તે જરૂરત પૂરી થાય. અને જે કોઈ બે રકાત નમાઝ પઢે, દરેક રકાતમાં સૂરએ ફાતેહા પછી સૂરએ ઈખ્લાસ ૧૧ વખત પઢે. પછી સલામ ફેરવીને નબી ﷺ પર દુરૂદ મોકલે અને મને યાદ કરે પછી ઈરાક શરીફની બાજુ અગ્યાર કદમ ચાલે, એમાં મારું નામ લેતો જાય અને પોતાની જરૂરતને યાદ કરે, અને એ જરૂરત અલ્લાહ ﷻ ની ઈજાઝતથી પૂરી થશે.**

મોટા મોટા અવલિયા અને ઉલમાએ કિરામ જેમ કે હઝરત અબુલ હસન નૂરુદ્દીન અલી ઈબ્ને જરીર લખમી શતનૂફી તથા ઈમામ અબ્દુલ્લાહ ઈબ્ને અસ્અદ યાફઈ મક્કી, મવલાના અલી કારી સાહિબે મિર્કાત શરહે મિશ્કાત તથા મવલાના અબુલ મઆલી મુહમ્મદ મુસ્લમી કાદરી તથા શૈખ મુહક્કિક અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલવી رحمۃ اللہ علیہ વિગેરેએ પોતપોતાની કિતાબો "બહજતુલ અસ્રાર" તથા "ખુલાસતુલ મફાખિર" તથા "નુઝહતુલ ખાતિર" તથા "તોહફાએ કાદરિયાહ" તથા "ઝુબ્દતુલ આષાર"વિગેરેમાં આ મુબારક રહમતભર્યા શબ્દોને હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ થી નકલ (વર્ણન) રિવાયત કર્યા છે. આ હઝરત ઈમામ અબુલ હસન નૂરુદ્દીન અલી લેખક "બહજતુલ અસ્રાર શરીફ" મહાન ઉલમા તથા મહાન અવલિયાએ કિરામમાંથી છે. હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ થી માત્ર બે વાસ્તા રાખે છે. (એટલે કે એમના અને હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہના વચ્ચે માત્ર બે જ બુઝુર્ગો છે, અને ત્રીજા ક્રમે હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ છે. *-અનુવાદક*) આપે (ઈમામ અબુલ હસને) ઈમામે અજલ હઝરત અબૂ સાલેહ નશ્ર قدس سرہ થી ફૈઝ પ્રાપ્ત કર્યો. (અને તે) હઝરતે પોતાના વાલિદ માજિદ હઝરત અબૂબક્ર તાજુદ્દીન અબ્દુર્રઝ્ઝાક (નવ્વરલ્લાહુ મરકદહૂ)થી ફૈઝ પ્રાપ્ત કર્યો અને તે હઝરતે તેમના વાલિદ માજિદ હુઝૂર પુરનૂર સૈયદુસ્સાદાત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ થી ફૈઝ પ્રાપ્ત કર્યો.

આમ ગૌષ પાક સુધીમાં માત્ર વચ્ચે બે જ વાસ્તા થયા. હઝરત શૈખ મુહક્કિક رحمۃ اللہ علیہ "ઝુબ્દતુલ આષાર"માં ફર્માવે છે, આ કિતાબ એટલે "બહજતુલ અસ્રાર શરીફ" અઝીમ તથા શરીફ અને મશ્હૂર છે. અને તેના લેખક (એટલે ઈમામ અબુલ હસન) ઉલમાના ઉસ્તાદોમાંના આલિમ તથા મશ્હૂરો મઅરૂફ (ખ્યાતનામ) છે, તેમની નેક જિંદગીનો ચિતાર કિતાબોમાં મૌજૂદ તથા લખેલ છે.

હઝરત ઈમામ શમ્સુદ્દીન ઝહબી જે હદીષના ઈલ્મ તથા અસ્માઉર્રિજાલ (રાવીયોના નામો)ના ફન (વિષય)માં જેમની શાન દુનિયાથી ગુપ્ત નથી. તેઓ આ હઝરતની (ઈમામ અબુલ હસનની) સબકની મજલિસમાં હાજર થયા અને પોતાની કિતાબ "તબ્કાતુલ મુકર્રીન"માં આપની તઅરીફ લખી.

હઝરત ઈમામ મુહદ્દિષ મુહમ્મદ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને મુહમ્મદ અલજઝરી "હિસ્ને હસીન"ના લેખક હઝરતના શાગિર્દોમાંથી છે. તેમણે આ કિતાબ (બહ્જતુલ અસ્રારશરીફ) પોતાના શૈખથી (ઈમામ શમ્સુદ્દીનથી) પઢી અને તેની સનદ તથા (આ કિતાબની રિવાયતોથી રિવાયત કરવાની) ઈજાઝત પ્રાપ્ત કરી. (વધુ જાણકારી માટે આ'લા હઝરત رضی اللہ عنہ નો રિસાલો **"અન્હારુલ અન્વાર મિન યમ સલાતિલ અસરાર"** હિ.સ. ૧૩૦૫માં લખાયેલનો અભ્યાસ કરો.)

ઈમામ આરિફ બિલ્લાહ સૈયદી અબ્દુલ વહાબ શઅ્રાની (قدس سرہ) ઉમદા કિતાબ "લવાકિહુલ અન્વાર ફી તબ્કાતિલ અખ્યાર"માં ફર્માવે છે :–

સૈયદી મુહમ્મદ ગમરી رضی اللہ عنہ ના એક મુરીદ બજારમાં જઈ રહ્યા હતા. તેમના જાનવરનો પગ સરકયો તો ઊંચા અવાજે પુકાર્યું, **"યા સૈયદી ! યા ગમરી !"** બીજી બાજુ ઈબ્ને ઉમર હાકિમ સઈદને ચકમક બાદશાહના હુકમથી કેદ કરવા માટે લઈ જવામાં આવી રહ્યા હતા. ઈબ્ને ઉમરે ફકીરના પુકારવાને સાંભળ્યું તો પૂછયું, આ સૈયદી મુહમ્મદ કોણ છે ? કહ્યું કે તે મારા શૈખ છે. તેમણે કહ્યું, હું પણ કહું છું, **યા સૈયદી મુહમ્મદ યા ગમરી લા હિઝ્ની** ! હે મારા સરદાર ! હે મુહમ્મદ ગમરી ! મારા પર ઈનાયતની નઝર કરો ! તેમના

આટલુ કહેતાં જ હઝરત સૈયદી મુહમ્મદ ગમરી તશરીફ લાવ્યા અને મદદ કરી, જેથી બાદશાહ અને તેના સૈનિકોની જાન પર આવી બની, એટલે ઈબ્ને ઉમરને ઈન્આમ આપી છોડી મૂક્યા.

એ જ કિતાબમાં છે : સૈયદી શમ્સુદીન મુહમ્મદ હનીફ رضی اللہ عنہ પોતાના ખલ્વતના (અંગત) રૂમમાં વુઝૂ કરી રહ્યા હતા. અચાનક એક ખરાઊં (જૂતી) હવામાં ફેંકી જે ગાયબ થઈ ગઈ, જ્યારે કે રૂમમાં તેના હવામાં (બહાર) જવા માટે કોઈ રસ્તો ન હતો. બીજી જૂતી પોતાના ખાદિમને અર્પણ કરી કે પોતાની પાસે રાખે ત્યાં સુધી કે પ્રથમ પાછી આવે. લાંબા સમય પછી શામના દેશથી એક માનવી તે જૂતી તથા તોહફા લઈને આવ્યો અને અર્ઝ કરી કે, અલ્લાહ ﷻ હઝરતને નેક બદલો આપે, જ્યારે ચોર મને કત્લ કરવા મારા સીના પર બેસી ગયો તો મેં મારા દિલમાં કહ્યું, **યા સૈયદી મુહમ્મદ યા હનફી !** તે જ સમયે આ જૂતી ગૈબી રીતે આવી અને એના સીના (છાતી) પર આવીને વાગી અને તે બેહોશ થઈ પડી ગયો, અને હઝરતની બરકતથી અલ્લાહ ﷻ એ મને નજાત (છૂટકારો) આપી.

એમાં જ છે : વલીએ મમદૂહ قدس سرہ નાં મુકદસ પત્ની (હઝરત શમ્સુદન મુહમ્મદ હનફીનાં) બીમારીથી મૃત્યુ સુધી પહોંચી ગયાં તો તેણી આ પ્રમાણે પોકાર્યા કરતાં હતાં :–

"હે મારા સરદાર ! હે અહમદ બદવી ! હઝરતની તવજ્જોહ મારા સાથે છે."

એક દિવસ હઝરત સૈયદી અહમદ કબીર બદવી رضی اللہ عنہ ને સ્વપ્નામાં જોયા કે ફર્માવી રહ્યા છે, ક્યાં સુધી મને પુકારીશ અને મારાથી ફરિયાદ કરતી રહીશ ?! તું જાણતી નથી કે તું એક મોટા સાહિબે તમકીન (પોતાના પતિ)ની હિમાયત હેઠળ છે, અને જે કોઈ મોટા વલીની બારગાહમાં હોય છે, અમો તેની નિદા (પુકાર) પર જવાબ નથી આપતા. આ પ્રમાણે બોલ : **યા સૈયદી મુહમ્મદ યા હન્ફી !** કે તું આ પ્રમાણે બોલીશ તો તને અલ્લાહ ﷻ આરામ આપશે. એ બીબીએ એ જ પ્રમાણે કર્યુ તો સવારમાં સારાં તદુરસ્ત થઈ ઉઠયાં, જેમ કે કોઈ દિવસ બીમારી જ ન હતી. એમાં જ છે :–

હઝરત મમદૂહ પોતાના મૃત્યુ પામવાની બીમારીમાં ફર્માવતા હતા, અર્થ : જેને પણ કોઈ જરૂરત હોય તે મારી કબર પર ઉપસ્થિત થઈ જરૂરત માંગે તો હું પૂરી કરીશ, મારા અને તમારામાં માત્ર હાથ ભર માટીનું જ તો અંતર છે. અને જે વ્યક્તિને આટલી માટી પોતાના દોસ્તોથી પર્દામાં કરી આપે તે વ્યક્તિ જ કેવો ?

આ જ પ્રમાણે હઝરત સૈયદી મુહમ્મદ ઈબ્ને અહમદ ફરગુલ رضی اللہ عنہ ના જીવનવૃત્તાંતમાં લખેલું છે :–

હઝરત ફર્માવતા હતા કે હું તે લોકોમાંથી એક છું જેઓ પોતાની કબ્રમાં તસર્રુફ (કરામત) ફર્માવે છે. જેને પણ કોઈ જરૂરત પડે તે મારી પાસે આવી મારા મોઢાની સામે ઉભો રહીને મારાથી પોતાની જરૂરત બયાન કરે, હૂં પૂરી કરી આપીશ.

એમાં જ છે : મરવી છે કે એક વખત હઝરત સૈયદી મદયન ઈબ્ને અહમદ અશમૂની رضی اللہ عنہ એ વુઝૂ કરતાં કરતાં એક જુતી પૂર્વના શહેરો તરફ ફેંકી. એક વરસ દિવસ પછી એક શખ્સ હાજર થયો અને તે જુતી તેની પાસે હતી. તેણે હાલત (કૈફિયત) બયાન કરી કે, જંગલમાં એક બદચલને તેમની છોકરી પર ઝુલ્મનો ઈરાદો કર્યો તો છોકરી તે સમયે પોતાના પિતાજીના પીરો મુર્શિદ (હઝરત સૈયદ મદયન)નું નામ ન જાણતી હતી જેથી આમ પુકાર્યું, **યા શયખ અબીલ અહ્ઝિની !** "હે મારા પિતાજીના પીર ! મને બચાવો !" આ પુકાર કરતાંની

સાથે જ તે જુતી આવી અને છોકરીએ છૂટકારો મેળવ્યો. તે જુતી તેમની અવલાદ (પેઢી)માં હજુ સુધી અસ્તિત્વમાં છે. એમાં જ સૈયદી યા મૂસા અબૂ ઈમરાન رحمۃ اللہ علیہ ના ઝિક્રમાં લખેલ છે :–

**અર્થ** : જ્યારે પણ તેઓના મુરીદ જ્યાંથી પણ તેઓને નિદા (પુકાર) કરતા ત્યારે જવાબ આપતા, ભલે તે વર્ષ જેટલા અંતરે હોય અથવા એનાથી વધારે.

હઝરત શૈખ મોહક્કિક અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી "અખ્બારુલ અખ્યાર શરીફ"માં હઝરત સૈયદ શૈખ બહાઉલ્ હક્ક વ દ્દીન ઈબ્ને અતાઉલ્લાહ અન્સારી કાદરી સત્તારી હુસૈનીના મુબારક ઝિક્ર (જીવન–વૃત્તાંત)માં હઝરતના મુબારક રિસાલા (પુસ્તિકા) સત્તારીયાથી વર્ણન કરી ફર્માવે છે :–

કશ્ફે અરવાહ (સૂફીયાનો એક દરજો જ્યાં પહોંચીને તેઓને રૂહોની હાલત ખબર પડી જાય છે)નું ઝિક્ર **યા અહમદ ! યા મુહમ્મદ !** થકી બે પ્રકારનું છે.

એક પ્રકાર આ પ્રમાણે કે **યા અહમદ**ને જમણી બાજુ અને **યા મુહમ્મદ**ને ડાબી બાજુ કહે અને દિલ પર **યા મુસ્તફા ! યા રસૂલલ્લાહ !**ની ઝર્બ લગાડે. બીજો પ્રકાર એ કે જમણી બાજુ **યા અહમદ** અને ડાબી બાજુ **યા મુહમ્મદ** કહે અને દિલમાં **યા મુસ્તફા**નો ખ્યાલ કરે.

બીજુ ઝિક્ર એ કે **યા અહમદ ! યા મુહમ્મદ ! યા અલી ! યા હસન ! યા હુસૈન ! યા ફાતેમા ! છ બાજુ (જમણે, ડાબે, આગળ, પાછળ, ઉપર, નીચે** કરે, સર્વ રૂહોનો કશ્ફ થશે. મુકર્રબ ફરિશ્તાઓનું ઝિક્ર પણ આ જ અસર ધરાવે છે. **યા જિબ્રઈલ ! યા મીકાઈલ ! યા ઈસ્રાફીલ ! યા ઈઝરાઈલ !** ચારે બાજુ ઝિક્ર કરે. (ઝર્બ લગાડે.)

બીજુ ઝિક્ર આ મુજબ કે શૈખનુ નામ લે (પીરનું નામ) એટલે કે **યા શેખ ! યા શેખ ! એક હજાર વખત બોલે.** પુકારવાનો શબ્દ (યા)ને દિલની જમણી બાજુ ખેંચે અને શેખના શબ્દની દિલ પર ઝર્બ લગાડે.

હઝરત સૈયદી નૂરુદ્દીન અબ્દુર્રહમાન જામી "નફહાતુલ ઉન્સ શરીફ"માં હઝરત મૌલ્વી મઅ્નવી قدس سرہ ના જીવન ચરિત્રમાં લખે છે કે મૌલાના રૂહુલ્લાહ રૂવહહૂએ મૃત્યુના નજીકમાં ફર્માવ્યું, **(ફારસી લખાણનો અર્થ)** : મારા ચાલ્યા જવાનો ગમ ન કરશો કે હઝરત મન્સૂરના નૂરે ૧૫૦ વર્ષ બાદ હઝરત શૈખ ફરીદુદ્દીન અત્તારની રૂહ પર તજલ્લી ફર્માવીને તેઓના પીર મુર્શિદ થઈ ગયા.

વધુમાં ફર્માવ્યું :–

દુનિયાથી મારા બે સંબંધ છે, એક શરીરથી એક તમારાથી. જ્યારે હું હક્ક તઆલા તરફ મુતવજ્જેહ (ધ્યાનિત) થાઉં, અને તજરીદ તથા તફરીદ (એકાંત)ની દુનિયા મારા મોઢા સમક્ષ હોય, તો પણ આ સંબંધ તમારા સાથે રહે છે.

હઝરત શાહ વલીયુલ્લાહ "અત્યુબુન્નેઅ્મ ફી મદહે સૈયદિલ અરબ વલ અજમ"માં ફર્માવે છે :–

**અર્થ** : "અલ્લાહ ﷻ તમારા પર રહમતો નાઝિલ કરે, હે મખ્લૂકમાં સર્વથી બેહતર ! કે સર્વ ઉમ્મીદની જગ્યા ! હે બેહતરીન અર્પણ કરનાર ! અને હે બેહતરીન તે ઝાત કે જેના થકી મુસીબત દૂર કરવાની ઉમ્મીદ રાખવામાં આવે છે. અને જે ઝાતની સખાવત વાદળો કરતાંયે બુલંદ છે. તમો મુસીબતના સમયે પનાહ આપવાવાળા છો જ્યારે કે મુસીબત પોતાના સખ્ત પંજાઓ દિલમાં ઘુસાડે."

આ કિતાબની પ્રથમ ફસ્લ (વિભાગ)માં લખે છે :–

**અર્થ** : "હે અલ્લાહ ﷻ ના નબી ﷺ મને તમારા સિવાય કોઈ દેખાતુ નથી પરેશાની અને સખ્તીમાં ઉમ્મીદની જગ્યા.

એના શરૂમાં લખે છે :–

"કેટલીક મુસીબતોનું વર્ણન કે જેમાં નબીયે પાક ﷺ ની રૂહથી મદદ લેવી જરૂરી છે."

આ જ શાહ સાહબ "મદહિય્યા હમ્ઝિય્યહ્"માં ફર્માવે છે :–

**અર્થ** : "હુઝૂર ﷺ ની બારગાહમાં નિદા (પુકાર) કર રડતાં રડતાં, તૂટેલા દિલ સહિત પોતાની કમજોરીને બયાન કરીને, મુનાજાતમાં (પુકાર), ઈખ્લાસ સાથે પનાહ પકડ. આ પ્રમાણે કે, હે અલ્લાહ ﷻ ના રસૂલ ﷺ ! હે સર્વથી બેહતર ! કયામતના દિવસે હું તમારી અતાનો ચાહવાવાળો છું. તે સમયે કે મોટી મુસીબત સખત અંધારામાં ઉતરી આવે, બસ ! આપ જ સર્વ બલાઓની પનાહ અને મેં તમારા તરફ તવજ્જોહ કરી. અને મેં તમારાથી પનાહ પકડી અને તમારાથી ઉમ્મીદ રાખું છું." (મુલખ્ખસન)

આજ શાહ સાહબ 'ઈન્તેબાહ્ ફી સલાસિલે અવલિયા"માં જરૂરત પૂરી કરવા માટે એક ખતમની રીત આ પ્રમાણે વર્ણન કરે છે : સર્વ પ્રથમ બે રકાત નમાઝ પઢે, ત્યાર પછી ૧૧૧ વખત દુરૂદ શરીફ અને ત્યારબાદ ૧૧૧ વખત કલમએ તમજીદ (ત્રીજો કલમો) અને ત્યારબાદ ૧૧૧ વખત **શયઅન લિલ્લાહ યા શૈખ અબ્દુલ કાદિર જીલાની** رضی اللہ عنہ પઢે.

આજ ઈન્તેબાહથી પુરવાર છે કે આ જ શાહ સાહબ અને તેમના શૈખ અને ઉસ્તાદે હદીષ હઝરત મૌલાના તાહિર મદની જેમની ખિદમતમાં વર્ષો રહીને શાહ સાહેબે હદીષ પઢી, અને તેમના શેખ તથા ઉસ્તાદ અને પિતા મૌલાના ઈબ્રાહીમ કુરદી અને તેમના ઉસ્તાઝ મૌલાના કશાશી અને તેમના ઉસ્તાઝ મૌલાના અહમદ શનાવી અને શાહ સાહેબના ઉસ્તાઝના પણ ઉસ્તાઝ મૌલાના અહમદ નખલી, આ ચારેવ પણ શાહ સાહબના ઘણા હદીષના સિલસિલામાં દાખિલ અને શાહ સાહબના પીરો મુર્શિદ શૈખ મુહમ્મદ સઈદ લાહોરી જેમને ઈન્તેબાહમાં "શૈખ મોઅમર ષિકહ" કહ્યા અને તરીકતના મશાઈખોના સરદારમાંથી ગણ્યા અને પીર શેખ મુહમ્મદ અશરફ લાહોરી અને તેમના શૈખ મૌલાના અબ્દુલમલિક અને તેમના મુર્શિદ મૌલાના અબ્દુલમલિક અને તેમના મુર્શિદ શૈખ બાયઝીદ ષાની અને શૈખ શનાવીના પીર હઝરત સૈયદ સિબ્ગતુલ્લાહ બરૂજી અને આ બંનેના (સાહબોના) પીરો મુર્શિદ હઝરત મૌલાના વજીહુદ્દીન અલવી (ગુજરાતી) હિદાયહ્ અને શરહે વકાયાના શારેહ, અને તેમના શૈખ મુહમ્મદ ગૌષ ગવાલિયરી (رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن).

આ સર્વ અકાબિર "નાદે અલી"ની સનદ લેતા અને પોતાના તલબાઓ તથા ફયૂઝ લેવાવાળાઓને ઈજાઝત આપતા. અને **"યા અલી ! યા અલી !"**નો વઝીફો કરતા. (વ લિલ્લાહિલ્ હુજ્જતુસ્સામિયહ્) જેમણે એની વધુ સ્પષ્ટતા જોવી હોય તેઓ ફકીર (આ'લા હઝરત) ના રિસાલા "અન્હારુલ અન્વાર, હયાતુલમવાત ફી બયાને સિમાઈલ અમ્વાત"નો અભ્યાસ કરે.

શાહ સાહબે "બુસ્તાનુલ મુહદ્દિષીન"માં હઝરત અરફઓ આલા, ઈમામુલ ઉલ્મા નિઝામુલ અવલિયા, હઝરત સૈયદી અહમદ ઝર્રૂક મગરબી قدس سرہ ઉસ્તાઝે ઈમામ શમસુદ્દીન લકાની તથા ઈમામ શહાબુદ્દીન કસ્તલાની શારેહે સહીહ બુખારીની ઘણી તઅરીફ (વખાણ કરી) કે હઝરત અબ્દાલે સબઆ (સાત અબ્દાલ) તથા મુહક્કિકીન સૂફિયાથી છે. શરીઅત તથા હકીકતના જામેઅ, બાતિનની બુલંદીના ગુણોવાળા, તેમની કિતાબો જાહેરી ઈલ્મોમાં ઘણી બધી છે તથા ખૂબ ફાયદામંદ છે. મોટા મોટા ઉલ્મા ફખ્ર (ગર્વ) કરતા હતા કે અમો આવા આલિમ તથા આરિફના શાગિર્દ છીએ. શાહ

સાહબ ફર્માવે છે કે, ''આ જલીલુલ્ કદર બુઝુર્ગ છે અને તેમના કમાલના દરજ્જાના વર્ણન માટે શબ્દો નથી જડતા.''

ત્યાર પછી હઝરતના પાક કલામમાંથી બે શેઅર વર્ણન કર્યા :–

**અર્થ** : અમારા મુરીદની મુશ્કેલીમાં રાહત અર્પણ કરવાવાળો છું, જ્યારે જમાનાનો સિતમ (જુલ્મ) પોતાની નહૂસતથી વધારો કરે, અને જ્યારે તું તંગી તથા તકલીફમાં હોય તો આ પ્રમાણે બોલ, **યા ઝર્રૂક** ! હું તરત જ હાજર થઈશ.

અલ્લામા ઝિયાદી તથા અલ્લામા અજહૂરી (ઘણી કિતાબોના લેખક) તથા અલ્લામા દાઊદી મુહશી શરહે મુન્હજ તથા અલ્લામા શામી સાહિબે રદુલ મુહતાર હાશિયા દુર્રે મુખ્તાર, ખોવાઈ ગયેલ વસ્તુને મેળવવા માટે ફર્માવે છે કે, ઊંચી જગ્યાએ જઈને (જેમ કે ધાબુ વિગેરે) હઝરત સૈયદી અહમદ ઈબ્ને અલ્વાન યમની قدس سرہ માટે ફાતેહા પઢે, પછી તેમને નિદા કરે (પોકાર કરે) કે, **યા સૈયદી અહમદ યા ઈબ્ને અલ્વાન** ! رضی اللہ عنہ

મતલબ કે ફકીરે (આ'લા હઝરતે) આ હઝરાતે સહાબાએ કિરામથી લઈ અત્યાર સુધીના આટલા અવલિયા, ઉલ્મા, અઈમ્મહ્ જેમનાં કથનો ટૂંક સમયમાં વર્ણન કરી આપ્યાં, હવે (યા શબ્દથી પુકારવાને) મુશ્રિક કહેનારાઓને પ્રશ્ન કરો કે હઝરત ઉષ્માન ઈબ્ને હુનૈફ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ તથા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી લઈને હઝરત શાહ વલીયુલ્લાહ તથા શાહ અબ્દુલ અઝીઝ અને તેમના ઉસ્તાઝો તથા મશાઈખો સુધી સર્વને કાફિર તથા મુશ્રિક કહો છો કે કેમ ? જો ઈન્કાર કરે તો અલ્લાહ عزوجل નો લાખ લાખ શુક્ર કે હિદાયત પામી લીધી, અને હક્ક સ્પષ્ટ થઈ ગયું. અને જો બેધડક કાફિર મુશ્રિકનો ફત્વો જારી કરે તો તેઓને કહી દો કો અલ્લાહ عزوجل હિદાયત આપે, જરા આંખો ખોલીને જુઓ કે તેમણે કોને કહ્યું ? અને શું કહ્યું ?! **ઈન્ના લિલ્લાહિ વઈન્ના ઈલયહિ રાજિઊન** અને (વહાલા સુન્ની ભાઈઓ !) જાણી લો કે જે મઝહબના નઝદીક સહાબાથી લઈ અત્યાર સુધીના અકાબિર (મઆઝલ્લાહ !) કાફિર તથા મુશ્રિક થાય ! તેવો મઝહબ અલ્લાહ عزوجل તથા તેના રસૂલ صلی اللہ علیہ وسلم ને કેવો દુશ્મન (નાપસંદ) હશે ?!

સહીહ હદીષોમાં આવ્યું કે જે કોઈ મુસલમાનને કાફિર કહે તો પોતે કાફિર થશે. અને ઘણા ઉલ્માએ (મુત્લકન) (અબાધિત રીતે) આના પર ફત્વો આપ્યો. જેની વધુ સ્પષ્ટતા ફકીરના રિસાલા ''અન્નહયુલ્ અકીદ અનિસ્સલાતિ વરાઅ એદત્તકલીદ'' (હિ.સ. ૧૪૦૫)માં વર્ણન કરેલ છે. ભલે અમે એહતિયાતના લીધે કાફિરનો હુકમ ન લગાડીએ તેમ છતાં પણ એ વાતમાં તો કાંઈ કહ્યાપણુ જ નથી કે ઈમામોની એક ટુકડીના નઝદીક એ લોકો કે **જેઓ યા રસૂલલ્લાહ ! તથા યા અલી ! તથા યા ગવષુષ્ષકલૈન ! કહેનારા મુસ્લિમોને કાફિર તથા મુશ્રિક કહે છે, તેઓ પોતે જ કાફિર છે.** તો તેઓના માટે અનિવાર્ય છે કે નવેસરથી કલમએ ઈસ્લામ (કલમએ તય્યબહ્) પઢે, અને પોતાની સ્ત્રીઓથી નવેસર નિકાહથી કરે. *(દુર્રે મુખ્તાર)*

**ફાયદો** : હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلم ને નિદા (પુકાર) કરવાની ઉમદા (સારી) દલીલોમાંથી અત્તહિય્યાત છે જેને સર્વ નમાઝી દરેક નમાઝની બે રકાત પર પઢે છે અને પોતાના નબીયે કરીમ صلی اللہ علیہ وسلم થી અર્ઝ કરે છે, **અસ્સલામુ અલય્ક અય્યુહન્નબી, વરહમતુલ્લાહિ વબરકાતુહૂ** ''હે નબી ! આપ પર સલામ અને અલ્લાહ عزوجل ની રહમત તથા એની બરકત.''

હવે જો નિદા પુકાર (મઆઝલ્લાહ !) શિર્ક છે, તો આ આશ્ચર્યજનક શિર્ક ! છે કે ખાસ નમાઝમાં જ સામેલ છે ! **વલા હવ્‌લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા હિલ્ અલિય્યીલ અઝીમ.** અને આ જાહિલો જેવો ખયાલ તદ્દન બાતિલ છે કે **અત્તહિય્યાત** તો નબીએ પાક ﷺ ના જમાનાથી આ જ પ્રમાણે ચાલી આવી છે. તો એનો હેતુ માત્ર શબ્દોની અદાયગી છે, ન કે નબીયે પાક ﷺ ની (નિદા) પુકાર ! "હાશા વ કલ્લા" (હરગિઝ નહીં !) **શરીઅતે મુતહ્હરાએ નમાઝમાં કોઈ ઝિક્ર એવું નથી રાખ્યું કે જેમાં કેવળ ઝુબાનથી શબ્દોનુ રટણ કરવામાં આવે અને એનો કોઈ અર્થ તથા મતલબ મુરાદ ન હોય.** ના ! ના ! બલ્કે યકીનન એ જ હેતુ છે કે **"અત્તહિય્યાતુ લિલ્લાહિ વસ્સલવાતુ વત્તૈયિબાત"**થી અલ્લાહ (ﷻ)ની તારીફનો ઈરાદો રાખે અને **"અસ્સલામુ અલય્ક અય્યુહન્નબી"**થી એ ઈરાદો રાખે કે "હું આ સમયે મારા નબી ﷺ ને સલામ કરી રહ્યો છું તથા હુઝૂરથી દિલના ઈરાદા સાથે અર્ઝ કરી રહ્યો છું કે, સલામ હુઝૂર પર હે નબી ! અને અલ્લાહ ﷻની રહમત અને તેની બરકતો."

ફતાવા આલમગીરીમાં શરહે કુદૂરીથી છે :–

**અર્થ** : "અત્તહિય્યાત"ના શબ્દોના અર્થનો દિલમાં ઈરાદો અનિવાર્ય છે. જેમ કે અલ્લાહ ﷻ નબી ﷺ ની ઝાતે અકદસ તેમજ અલ્લાહ ﷻ ના વલીઓ પર સલામતી તથા સલામ ઉતારે છે.

"તન્વીરુલ્ અબ્સાર" અને એની શરહ "દુર્રે મુખ્તાર"માં પણ આ જ પ્રમાણેનું વર્ણન છે. અલ્લામા હસન શર્નુલાલીએ "મરાકિયુલ ફલાહ શરહે નૂરુલ્ ઈજાહ"માં એના વિશે એવું જ બયાન કર્યું છે. –*(મરાકિયુલ ફલાહ, પેજ–૧૬૫)*

આ જ પ્રમાણે ઘણાએ ઉલમાએ ખુલાસો કર્યો છે. એના માટે અમુક નકારવાવાળા બેવકૂફ એવું બહાનુ ઉપજાવે છે કે, સલાતો સલામ પહોંચાડવા ફરિશ્તાઓ મુકર્રર છે, તો એમાં નિદા પુકાર જાઈઝ અને એના સિવાયમાં નાજાઈઝ ! જો કે આ ઘણી જ જહાલત ભરેલ વાત છે. એનાથી મોઢુ ફેરવીને કે આવા કથન પર કેટલા વાંધા આવે છે, આ લોકોને આટલું પણ ન દેખાયું કે કેવળ દુરૂદ તથા સલામ નહીં બલ્કે ઉમ્મતના સર્વ અકવાલ (કથનો) તથા અફઆલ (કામો) તથા અમલો દરરોજ બે વખત સરકારે દો આલમ અરશો વકાર હુઝૂર સૈયદુલ અબરાર ﷺ માં રજૂ કરવામાં આવે છે. પુષ્કળ હદીષોમાં ખુલાસો છે કે અબાધિત રીતે સારા તથા બુરા સર્વ અમલો હુઝૂરે અકરમ સૈયદે દો આલમ ﷺ ની બારગાહમાં રજૂ થાય છે અને એ જ પ્રમાણે સર્વ અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام તથા માં બાપ અઈઝૂઝા તથા અકારિબ (સગા સંબંધીઓ) સમક્ષ સર્વ અમલો રજૂ થાય છે. ફકીરે (લેખકે) પોતાના રિસાલા "સલ્તનતુલ્ મુસ્તફા ફી મલકૂતે કુલ્લિલ્‌વરા"માં તે સર્વ હદીષો બયાન કરી છે. અહીં આટલું જ પૂરતુ છે કે ઈમામે અજલ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رَضِيَ اللهُ عَنْهُمَا હઝરત સઈદ ઈબ્ને મુસૈયિબ رَضِيَ اللهُ عَنْهُمَا રિવાયત કરે છે :–

**અર્થ** : કોઈ દિવસ એવો નથી કે જેમાં સૈયદે આલમ ﷺ પર ઉમ્મતના અમલો દરેક સવારે તથા સાંજે રજૂ કરવામાં ન આવતા હોય. તો હુઝૂરનું પોતાના ઉમ્મતીઓને ઓળખવું તેઓની અલામત (નિશાની) અને આમાલ બંનેના કારણથી છે. (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ વઅલા આલિહી વઅસ્હાબિહી વશરફ વ કરમ)

ફકીરે (આ'લા હઝરતે) ગુફિરલ્લાહુ તઆલા આ મસ્અલામાં એક ઘણી લાંબી સારી કિતાબ લખી છે, પરંતુ ઈન્સાફ પ્રિયને માટે આટલુ જ પૂરતું છે અને (અલ્લાહ ﷻ) હિદાયત આપે તો એક હરફ પૂરતો છે !

बज़्मे मुज़ाहिदीन

# સુન્ની જગતની મહાન શખ્સિયત

# હઝરત હાફિઝે મિલ્લત

(عَلَيْـهِ الـرَّحْمَةُ وَ الـرِّضْوَانُ)

ઉર્સ : ૧-જમાદીઉલ આખર


**અઝ : હઝરત મૌલાના કલીમુલ્લાહ સાહબ નિઝામી**

*(સદર મુદર્રિસ-દારુલ ઉલૂમ ગુલશને અજમેર-ભરૂચ)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


અરબાબે ચમન ઉન્કો બહુત યાદ કરેંગે
હર શાખપે વો અપના નિશાં છોળ ગયે હૈં

ઈસ્લામી ઈતિહાસના દામનમાં આપણા નેક પૂર્વજ બુઝુર્ગોની સુનેહરી જિંદગીઓના સોનેરી વર્ણનો તેમની સીરત તથા સવાનેહ (જીવન ચરિત્રો) અને તેમનાં અજોડ કારનામાંઓ અને મહાન કિરદારોની સાચી તસ્વીરો અમાનતરૂપે મેહફૂઝ છે. ઈસ્લામી ઈતિહાસ જેવી રીતે મુજાહિદો, અમીરો તથા સુલ્તાનો, ફિલોસોફી ઉલમા, તબીબો તેમજ વૈજ્ઞાનિકો, કાઝીઓ તથા ઉમ્મતના દાઈઓ (દીન પ્રતિ નિમંત્રણ આપનારાઓ) અને એ પ્રમાણે જીવનના દરેક ક્ષેત્ર સાથે સંબંધ રાખનારી નામવર વ્યક્તિઓનો ઉલ્લેખ ખૂબ જ માન સન્માન સાથે રજૂ કરે છે, તેવી જ રીતે ઈલ્મ તથા વિદ્યાના ક્ષેત્રે હીરાઓ પેદા કરનારા ઉલ્માએ દીન તથા ઈસ્લામના દાઈઓના વ્યક્તિત્વનો ઉલ્લેખ પણ ભરપુર અકીદત તથા એહતેરામની સાથે રજૂ કરે છે.

ઈસ્લામના પૈગંબરોના આગમનનો ક્રમ ખાતિમુલ અંબિયા, સરકારે દો જહાં જનાબ મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ ની પવિત્ર જાત પર ખત્મ થઈ ગયો. હવે સરકાર ﷺ પછી કોઈ નવો નબી કૌમની રહબરી તથા હિદાયતના માટે પેદા થશે નહીં. આપણા સરકાર ﷺ પછી માનવસમાજમાં રજૂ થનારા સુધારણા ચાહનારા સંજોગોની દેખભાળ ઉમ્મતના સાલેહ આલિમો તથા ઔલિયાએ એઝામ તથા ઈસ્લામના મુબલ્લિગોની જિમ્મેદારી ઠરી. એ જિમ્મેદારીને સંપૂર્ણ સભાનપણે રબની તૌફીક પામેલા દરેક યુગના ઉલમા, સાલેહ લોકો તથા ઔલિયાએ કિરામ અંજામ આપતા રહ્યા. કોઈની ખિદમતનું ક્ષેત્ર ઉમ્મતમાં અધિક વિસ્તાર પામ્યું તો કોઈની ખિદમતનો સિલસિલો સમયના તકાઝાઓની હદોમાં રહ્યો. હિંદની ભૂમિનો પાછલી સદીઓનો અભ્યાસ કરતાં જણાય છે કે આ બાબતે ઘણી ફળદ્રુપ સાબિત થઈ છે, કે તેના વિવિધ વિસ્તારોમાં ઘણી અઝમતો તથા ફઝીલતોના માલિક ઔલિયાએ કિરામ તથા ઉલમાએ એઝામ પેદા થયા જેમની ઈલ્મી તથા અમલી ખિદમતો એટલા પ્રમાણમાં વિશાળ છે કે એમનાથી આજ સુધી દુનિયા ફાયદો પામી રહી છે અને સતત તૃપ્ત થઈ રહી છે. એ જ પવિત્ર હસ્તીઓમાં એક મહાન શખ્સિયત ઉસ્તાઝુલ ઉલમા, ખૈરુલ અઝકિયા **હુઝૂર હાફિઝે મિલ્લત હઝરત અલ્લામા શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ મુરાદાબાદી** عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ની પણ છે જેમની દીની ખિદમતો એટલા પ્રમાણમાં વિશાળ છે કે તેને સમેટવી અશક્ય નહીં તો મુશ્કેલ જરૂર છે. **પૂરા**

**અખંડ ભારત (પાક તથા હિંદ)ના મુસલમાનોની ગરદનો આપના એહસાનના બોજ હેઠળ એહતરામ તથા અકીદત તથા શુક્રની ભાવના સાથે ઝુકેલી રહેશે.**

આપે આપનું સંપૂર્ણ જીવન દીને હક્ક તથા સુન્નિયતની હિમાયત તથા હિફાઝત, મસ્લકે આ'લા હઝરતના પ્રચાર તથા પ્રસાર, મુસલમાનોની પ્રગતિ તથા સરબુલંદીના માટે વકફ કરી દીધી. હુઝૂર હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ હિ.સ. ૧૩૧૨ના કોઈ દોશમ્બહ (સોમવાર)ની સવારે મુરાદાબાદ યુ.પી.ના મશ્હૂર કસ્બા ભોજપુરમાં હાફિઝ ગુલામ નૂર મુહમ્મદ સાહબ મર્હૂમના ઘરે પેદા થયા. આપના દાદા મુલ્લા અબ્દુર્રહીમ સાહબે હઝરત શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષ દહેલ્વીના નામ પરથી પેદા થનાર હોનહાર પૌત્રનું નામ અબ્દુલઅઝીઝ રાખ્યું અને કહ્યું, મારો આ પૌત્ર પણ શાહ સાહબની જેમ મુહદ્દિષ બનશે. અલ્હમ્દુલિલ્લાહ ! દાદાની એ તમન્ના પરિપૂર્ણતાએ પહોંચી. હાફિઝે મિલ્લત એક દીની ઘરાનામાં ઉછેર પામ્યા. પ્રારંભિક તા'લીમ આપે આપના વાલિદ બુઝુર્ગવારથી હાંસલ કરી અને કુર્આને પાકનો હિફ્ઝ પણ વાલિદે મોહતરમની ખિદમતમાં રહીને પૂર્ણ કર્યું. કુર્આને પાકના હિફ્ઝ બાદ ફારસીની પ્રાથમિક તા'લીમ મોલ્વી અબ્દુલમજીદ મુરાદાબાદી તથા હાફિઝ નૂર બખ્શથી પોતાના પ્રિય વતનમાં પ્રાપ્ત કરી. પ્રાથમિક તા'લીમ પૂર્ણ કર્યા બાદ આપે હિંદુસ્તાનની મહાન દર્સગાહ જામિઆ નિઝામિયા મુરાદાબાદમાં દાખલો લીધો. આપ ત્યાં સતત ત્રણ વરસ સુધી ખૂબ જ મહેનત તથા લગનની સાથે દીની ઈલ્મો હાંસલ કરવામાં લાગેલા રહ્યા. હજી આપની તા'લીમ શરહે જામી સુધી જ પહોંચી હતી એવામાં આપ સદરુશ્શરીઅહ બદરુત્તરીકહ્ અલ્લામા અમજદઅલી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ (બહારે શરીઅતના લેખક)ની ખિદમતે બાબરકતમાં હાજર થયા અને અર્ઝ કરી, "હુઝૂર ! આપના સાયા હેઠળ રહીને તા'લીમ, હાંસલ કરવાનો ખ્વાહિશમંદ છું !" સદરુશ્શરીઅહ્‌ની નિગાહે વિલાયતે એક પળમાં એ હોનહાર તાલિબે ઈલ્મની લિયાકતનો અંદાજો લગાડી લીધો અને ફર્માવ્યું, "તમે દારુલ ઉલૂમ મોઈનિયા અજમેર શરીફમાં આવી જાવ, દાખલો થઈ જશે."

પછી શું જોવાનું ! હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એ શવ્વાલુલ મુકર્રમ હિ.સ. ૧૩૪૨માં દાખલો મેળવ્યો અને પૂરી દિલસોઝી અને મહબ્બત તથા લગનની સાથે સદરુશ્શરીઅહ્ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ થી પોતાની ઈલ્મી પ્યાસ બુઝવવા લાગ્યા. આપે એક દીર્ઘકાળ સુધી સદરુશ્શરીઅહથી ઈલ્મ પ્રાપ્તિનો લાભ મેળવ્યો. રાત દિવસ, સવાર સાંજ ઈલ્મ પ્રાપ્તિમાં લાગેલા રહ્યા એટલે સુધી કે અકલી તથા નકલી ઈલ્મોમાં એવો કમાલ પ્રાપ્ત કર્યો જેનું દષ્ટાંત આપવું અશક્ય નહીં તો મુશ્કેલ જરૂર છે. હિ.સ. ૧૩૫૦માં આપ ફારિગુત્તહસીલ થઈને પોતાના ઘરે પાછા ફર્યા.

ફરાગત પછી સદરુશ્શરીઅહ્ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એ આપને મુબારકપુર યુ.પી.માં મોકલવા ચાહ્યું તો આપે અર્ઝ કરી, "હુઝૂર ! નોકરી કરવાનો ઈરાદો નથી !" સદરુશ્શરીઅહ્એ ફર્માવ્યું, "હું નોકરી કરવા માટે નથી કહેતો પણ તમને દીનની ખિદમતના માટે મુબારકપુર મોકલી રહ્યો છું. આપ ત્યાં જાવ અને દીનની ખિદમત કરો." હાફિઝે મિલ્લત એક બાવફા શાગિર્દ હતા, પોતાના ઉસ્તાદની વાત કેમ કરીને ટાળી શક્તા હતા ! હુકમાનુસાર હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ મુબારકપુર તશરીફ લાવ્યા.

જે દિવસોમાં આપ મુબારકપુર તશરીફ લાવ્યા તે સમયે "અલ્જામિઅતુલ અશ્રફિયહ્" એક નાઝરા કલાસના રૂપમાં હતું. હાફિઝે મિલ્લત રાત દિવસ તેની પ્રગતિના માર્ગો સમારતા રહ્યા. ખુદાનો ફઝલો કરમ થયો કે આપે તેને એક મહાન દારુલ

ઉલૂમનું સ્વરૂપ આપી દીધું. પણ હજી આપને સંતોષ થયો ન હતો, કેમ કે આપ એક અઝીમ યુનિવર્સિટી સ્થાપવાના ખ્વાહિશમંદ હતા. આપે પોતાની કોશિશને ચાલુ રાખી ત્યાં સુધી કે દુનિયાએ જોયું કે એક મર્દે દરવેશ, એક દુબળો પાતળો માણસ જેને તોલવામાં આવે તો ૪૦ કિલોનો પણ ન થાય, મોલ્વીના રૂપમાં દીનની ખિદમતનો જઝબો લઈને મુબારકપુરની ભૂમિ પર આવ્યો અને ઈલ્મે દીનનો એક એવો કિલ્લો સ્થાપી દીધો જેનું દષ્ટાંત મળવું મુશ્કેલ છે. આ તે જ દીની કિલ્લો છે જેને આખા જગતના લોકો **અલ્જામિઅતુલ અશ્રફિયહ્ અરબી યુનિવર્સિટી મુબારકપુર** (યુ.પી.)ના નામથી જાણે પીછાણે છે. જેના આંગણામાં એવા હીરા મોતીઓ પેદા થયા જેની કિંમત દુનિયા નથી ચૂકવી શક્તી ! ઈલ્મ તથા વિદ્યાના એવાં ફૂલો ખિલ્યાં અને ખિલી રહ્યાં છે જેની ખુશ્બુ ચોતરફ મેહસૂસ થઈ રહી છે. આજે દુનિયાનો તે કયો ખંડ છે જ્યાં ત્યાંના ઉછરેલા ફૂલો પોતાની ખુશ્બુ ન પ્રસરાવી રહ્યાં હોય ! તે કયો દેશ છે જ્યાં મિસ્બાહીની ભીડ ન હોય, તે કઈ દીની દર્સગાહ છે જ્યાં અલ્જામિઅતુલ અશ્રફિયહ્ના ફારિગોની ખિદમતોનો સ્વીકાર ન થયો હોય. આ સૌ હાફિઝે મિલ્લત عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ ની મુખ્લિસતાના (નિઃસ્વાર્થ) મહેનતનું પરિણામ છે કે ત્યાંનું રજકણ પણ દુનિયાના કોઈ હિમાલયથી કમ નથી રહેતું !

હાફિઝે મિલ્લત عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ એ જીવનના અંતિમ □સ સુધી **અલ્જામિઅતુલ અશ્રફિયહ્**ને બનાવવા, સમારવામાં તથા તેમાં વિવિધ પ્રકારના ફૂલો લગાડવામાં વ્યસ્ત રહ્યા. આપ ખૂદ ફર્માવે છે કે, **"મેં અશ્રફિયહ્ને પરસેવો નહીં ખૂને જિગર પીવડાવ્યું છે."**

તમે પોતે વિચારો કે જે ઝાતે ગિરામીએ ગુલશનને જિગરનુ ખૂન પીવડાવી પીવડાવીને સિંચન કર્યું હોય તે કેમ હર્યો ભર્યો ન રહે ?! જે અશ્રફિયા પર મિલ્લતના અકાબિર (મહાન બુઝુર્ગો)નો સાયો રહ્યો હોય એમાં ખિલનારાં ફૂલો કેમ કાઈનાતને મોઅત્તર ન કરે !

હાફિઝે મિલ્લત ફર્માવે છે, "જે દિવસોમાં જામિઆ નિઝામિયા મુરાદાબાદમાં તા'લીમ હેઠળ હતો ત્યારે સદરુલ્ અફાઝિલ عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ ની ખ્યાતિનો સૂરજ મધ્યાન્હે પહોંચેલો હતો. મુફસ્સિરે કુર્આન, માહિરે ઉલૂમે અકલિયા વ નકલિયા સદરુલ અફાઝિલ મુફસ્સિરે કુર્આન હઝરત અલ્લામા સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ ની નજર મારા પડી તો ફર્માવ્યું, **"અબ્દુલ અઝીઝ ! તમારાથી એક ઘણુ જ મહાન કામ લેવામાં આવશે."**

સદરુલ અફાઝિલ عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ ની આ આગાહી રહસ્યના પટ હેઠળ રહી. અલ્જામિઅતુલ અશ્રફિયહનો પાયો નાખ્યા બાદ ઝીલ હજ્જ મહીનાની ૧૮ તારીખે સદરુલ અફાઝિલ عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ ના ઉર્સમાં શરીક થઈને હાફિઝે મિલ્લત عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ એ મિમ્બર પરથી જાહેરમાં એલાન ફર્માવ્યું કે, "મેં ત્રણ વરસ જામિઆ નિઝામિયામાં તા'લીમ મેળવી. સદરુલ અફાઝિલ ખૂબ જ પ્રેમ વરસાવતા અને વારંવાર ફર્માવતા કે, "અબ્દુલઅઝીઝ ! તમારી પાસેથી એક મહાન કાર્ય લેવામાં આવશે." સદરુલ અફાઝિલ જે શાન બાનથી આગાહી કરતા હતા એ પ્રકારના મન્ઝરો મારી સમજમાં આવતાં ન હતાં. વિચારતો હતો કે ઘણા મહાન કાર્યથી જો સદર મુદર્રિસપણુ છે તો અચ્છાથી અચ્છા સદર મુદર્રિસ હિંદુસ્તાનમાં જોવા મળે છે, એમાં મારી શું વિશિષ્ટતા છે ! અને જો એ આગાહીથી મુરાદ શૈખુલ હદીષ બનવું છે તો પણ પેશનગોઈ (આગાહી) સમજથી પર છે, એટલા માટે કે ન જાણે કેટલાયે શૈખુલ હદીષ મૌજૂદ છે. અને જો પીરી મુરીદી મુરાદ છે, તો પણ હઝરતની પેશનગોઈ સમજમાં નથી આવતી, કેમ કે બેમિષાલ તથા અજોડ શયખો અત્યારે મૌજૂદ છે.

મુસલમાનો ! આજે જ્યારે કે અબ્દુલઅઝીઝ **અલ્જામિઅતુલ અશ્રફિયહ્**નો પાયો રાખીને આવ્યો છે તો એ યકીનની સાથે આવ્યો છે કે **હઝરત સદરુલ અફાઝિલ** عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ **ની પેશનગોઈનો મઝહર (ઉદ્ભવ) આ જ અલ્જામિઅતુલ્ અશ્રફિયહ્ છે."**

હું (લખનાર) એવું કહેવામાં યોગ્ય સ્થાને છું કે હાફિઝે મિલ્લત عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ની પેશાની પર નેકબખ્તીનો સિતારો ચમકી રહ્યો હતો ત્યારે જ તો પોતાના સમયના શયખે કામિલ ફર્માવી રહ્યા છે કે, "તમારાથી એક મહાન કામ લેવામાં આવશે."

બાલાએ સારશ ઝ હોશમંદી
મી તાફ્ત સિતારાએ બુલંદી

હાફિઝે મિલ્લત દર્સ તથા તદરીસના મેદાનના શેહસવાર (સેનાપતિ) અને ખિતાબતની બઝ્મના તાજદાર હતા. આપ મુદર્રિસ પણ હતા, મુકર્રિર પણ હતા, મુસન્નિફ (લેખક) પણ હતા, સંપાદક પણ હતા, મુદબ્બિર પણ હતા, મુહક્કિક પણ હતા, ફકીહ પણ હતા, બલીગ પણ હતા, નુક્તાદાં પણ હતા, નુક્તા નવાઝ પણ હતા, નુક્તા મિઝાજ પણ હતા, નુક્તા શનાશ પણ હતા. આપે ચાલીસ (૪૦) વરસો સુધી કુર્આન તથા હદીષ, ફિકહ તથા તફસીર, મન્તિક તથા ફલસફાનો દર્સ આપ્યો. એટલે સુધી કે **જે દિવસે આપનો વિસાલ થયો એ દિવસે પણ આપે જામિઆ અશ્રફિયહ્ના તલબાને દર્સ આપ્યો,** એના પરથી આપના પઢવા પઢાવવાનો અંદાજો લગાડી શકાય છે. **આપે અલ્જામિઅતુલ અશ્રફિયહમાં ૪૦ (ચાલીસ) સાલ સુધી ખિદમત અંજામ આપીને મુદર્રિસો, લેખકો, મુકર્રિરો, મુનાઝિરો, મુદબ્બિરો, મુબલ્લિગોની એવી ટીમ તૈયાર કરી જે આજે જગતના ખૂણ ખૂણામાં ફેલાઈને દીને હનીફની ખિદમતમાં લાગેલા છે.**

શફીક જોનપૂરીએ શું સરસ કહ્યું છે :–

જિસને પૈદા કીયે કિત્ને લઅલો ગૌહર
હાફિઝે દીનો મિલ્લતપે લાખોં સલામ

કોઈ અન્ય શાયરે **અલ્જામિઅતુલ અશ્રફિયહ્**ની ખિદમતો પ્રતિ નિર્દેશ કરતાં કહ્યું છે :

જો અબ્ર વહાંસે ઉઠા હૈ-વો સારે જહાંપે બરસા હૈ
જો અબ્ર વહાંસે ઉઠેગા-વો સારે જહાંપે બરસેગા

અને કેમ ન હોય કે આજે જે ઈલ્મની રંગીની જોવા મળી રહી છે, ઠેક ઠેકાણે દારુલ ઉલૂમ અને યુનિવર્સિટી જોવામાં આવી રહી છે, દરેક ક્ષેત્રે વિદ્યાના નિષ્ણાતો જોવા મળી રહ્યા છે તેઓ સીધી કે આડકતરી રીતે હાફિઝે મિલ્લતના જ શાગિર્દ તમને વિશેષતઃ જોવા મળશે.

ઈલ્મો ફનનો આ સૂરજ સતત ૪૦ વરસો સુધી નબવી ઈલ્મના પ્યાસાઓને તૃપ્ત કરતો રહી મુબારકપુરની ભૂમિ પર ૨–જમાદીઉલ આખર હિ.સ. ૧૩૯૪ ઈ.સ. પ્રમાણે ૩૧–મે–૧૯૭૬માં હમેશાંના માટે ડૂબી ગયો. આપનો મઝાર મુબારક જામિઆ અશ્રફિયાની અઝીઝી હોસ્ટેલની પશ્ચિમ બાજુએ આવેલો છે જેમાંથી આજે પણ ફયૂઝો બરકાતના ઝરણાં વહેવાનાં ચાલુ છે. દર વરસે જમાદીઉલ આખરની પહેલી તારીખે આપનો ઉર્સ મુબારક સંપૂર્ણ શરઈ પાબંદી સાથે મનાવવામાં આવે છે.

તેરે ઝિક્રેમેં પિન્હાં ઈલ્મો દાનિશકે ગૌહર
તેરી પેશાનીપે તાબિન્દા ઉલુવ્વતકા કમર
અહમરીં હોટોંપે ખંદાં એક નૂરાની સહર
કિસ કદર થા તેરી મીઠી મીઠી બાતોંમેં અષર

ઈલ્મ કા દર્યા, પ્યાર કા સાગર,
નાઝ કરે જિસ પર અખ્લાક
પયકરે શફકત, ફયઝે મુજસ્સમ,
હાફિઝે મિલ્લત ઝિંદાબાદ !

# ઔરતોની હિકાયતો

★ લેખક ★
મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર
★ અનુવાદક ★
આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ)

(હિકાયત : ૦૮)

## હઝરત મૂસા عليه الصلوٰة والسلام નાં પત્ની

હઝરત મૂસા عليه الصلوٰة والسلام એ જ્યારે ફિરઔનનો વિરોધ શરૂ કર્યો તો ફિરઔને હઝરત મૂસા عليه الصلوٰة والسلام ને કત્લ કરી નાખવાનો હુકમ આપ્યો અને લોકો આપની શોધખોળમાં નીકળ્યા તો ફિરઔનીઓમાંથી એક નેક આદમીએ મૂસા عليه الصلوٰة والسلام ની ભલાઈ ચાહતાં મશ્વેરો આપ્યો કે આપ પોતાની જાન બચાવવા ખાતર કોઈ જગ્યાએ તશ્રીફ લઈ જાવ જેથી આપ તે જ ક્ષણે નીકળી પડયા અને મદ્યનની તરફ નીકળી પડયા. મદ્યન તે જગ્યા છે જ્યાં હઝરત શોએબ عليه الصلوٰة والسلام તશ્રીફ ફર્માં હતા. આ શહેર ફિરઔનની સલ્તનતની સરહદોથી બહાર હતું. હઝરત શોએબ عليه الصلوٰة والسلام નો રોજીનો ઝરીયો બકરીઓ હતી. બે આપની સાહબઝાદીઓ હતી. મદ્યનમાં એક કૂવો હતો. મૂસા عليه الصلوٰة والسلام પ્રથમ કૂવા પર પહોંચ્યા. આપે જોયું કે ઘણા લોકો તે કૂવાથી પાણી ખેંચતા અને પોતાના પ્રાણીઓને પીવડાવતા હતા અને હઝરત શોએબ عليه الصلوٰة والسلام ની બંને છોકરીઓ પણ પોતાની બકરીઓને દૂર રોકીને ત્યાં ઉભી હતી. હઝરત મૂસા عليه الصلوٰة والسلام એ તે છોકરીઓને પૂછયું કે તમે પોતાની બકરીઓને પાણી કેમ નથી પીવડાવતી ?! તેમણે કહ્યું કે અમારાથી ડોલ ખેંચાતી નથી. આ લોકો ચાલ્યા જશે ત્યારે જે પાણી હોઝમાં બચ્યું રહેશે તે અમે પોતાની બકરીઓને પીવડાવીશું. હઝરત મૂસા عليه الصلوٰة والسلام ને દયા આવી ગઈ અને પાસે જ એક કૂવો હતો. જેના પર એક બહુ મોટો પથ્થર ઢાંકેલો હતો અને જેને ઘણા આદમીઓ મળીને હટાવી શક્તા હતા. આપે એકલે હાથે તેને હટાવી દીધો અને એમાંથી ડોલ ખેંચીને એમની બકરીઓને પાણી પીવડાવ્યું. ઘરે જઈને બંનેવ સાહબઝાદીઓએ હઝરત શોએબ عليه الصلوٰة والسلام ને હઝરત મૂસા عليه الصلوٰة والسلام નો આ કિસ્સો વર્ણન કર્યો તો હઝરત શોએબ عليه الصلوٰة والسلام એ પોતાની મોટી સાહબઝાદી સફૂરાથી ફર્માવ્યું, જાવ ! એ નેકમંદને મારા પાસે બોલાવી લાવ !

**તર્જુમો** : "તો તે બંનેમાંથી એક તેમની પાસે શર્મથી ચાલતી આવી."

મુફસ્સિરીને લખ્યું છે કે પોતાના ચહેરાને આસ્તીન (બાય)થી ઢાંકીને અને જિસ્મને છુપાવીને અત્યંત શર્મો હયાથી ચાલતી હઝરત મૂસા عليه الصلوٰة والسلام પાસે આવી અને કહ્યું, ચાલો ! મારા વાલિદ આપને બોલાવે છે. જેથી આપ હઝરત શોએબ عليه الصلوٰة والسلام ની ઝિયારતની નિય્યતે ચાલી નીકળ્યા અને સફૂરાથી ફર્માવ્યું, તમો મારા પાછળ રહીને રસ્તો બતાવતી જાવ. આમ આપે પર્દાના એહતેમામ માટે ફર્માવ્યું અને એ રીતે તશ્રીફ લાવ્યા. જ્યારે હઝરત શોએબ عليه الصلوٰة والسلام પાસે પહોંચ્યાં તો આપની સ્થિતિ સાંભળીને એમણે ફર્માવ્યું, હવે કાંઈ ફિક્ર ન કરો ! જાલિમ ફિરઔનીઓથી બચીને તમે ચાલી આવ્યા. હવે અત્રે મારા પાસે રહો. જેથી આપ દસ વર્ષ હઝરત શોઅબ عليه الصلوٰة والسلام ની પાસે રહ્યા અને શોએબ عليه الصلوٰة والسلام એ એક સાહબઝાદીના નિકાહ હઝરત મૂસા عليه الصلوٰة والسلام સાથે કર્યા.

**બોધ** : અલ્લાહનું નામ લેનારાઓની વિરૂધ્ધતા થતી ચાલી આવી છે અને અલ્લાહ પોતાના નામ લેનારાઓની હિફાઝત ફર્માવે છે અને દુશ્મનોની શરારત (બુરાઈ)થી એમને બચાવે છે. એ પણ જાણવા મળ્યું કે અલ્લાહના પૈગંબર એવા

ઈન્સાનોથી મુમતાઝ (અલગ) તથા ઉચ્ચ કોટીના હોય છે જે ભારે પથ્થરને કેટલાક માણસો મળીને હટાવી શક્તા હતા, મૂસા عليه السلام એ એકલે હાથે એને હટાવી દીધો. આ મોકા પર આપણા આકા વ મૌલા સૈયદુલ્ અંબિયા ﷺ ના સંબંધિત આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان નો આ શેઅર પઢી લો :–

जिनको बारे दो आलम की परवा नहीं
ऐसे बाज़ु की कुव्वत पे लाखों सलाम

(બાર–બોજ)

એ પણ જણાયું કે **નેક લોકોની નેક છોકરીઓ હઝરત સફૂરાની જેમ શર્મો હયા અને પર્દા તથા હિજાબથી ચાલે છે. નેક લોકો પોતાની છોકરીઓને શર્મો હયાનો સબક શીખવાડે છે. અને એમને ખુલ્લેઆમ, ખુલ્લા માથે, ખુલ્લા મોઢે બજારોમાં ફરવાની રજા નથી દઈ દેતા, અને ન નેક છોકરીઓ અજનબીઓની મેહફિલોમાં જઈને બેહયાઈ સાથે અજનબી પુરૂષો સાથે હાથ મિલાવે છે.** પણ અફસોસ! આજકાલ તો કાંઈ એવી "રોશન ખયાલી" ચાલી નીકળી છે કે :–

है बुलंद अख्लाक मिस्टर और बला रोशन ख़याल
अपनी बीवी को मिलाकर गैर से मसरूर है !

(મસરૂર–ખુશ)

અને આ રોશન ખયાલીનું પરિણામ એ નીકળ્યું કે :

मर्द हाकिम था कभी औरत पे लेकिन आज कल
बीवी घर की मालिका है और मियां मज़्दूर है

એ પણ જણાયું કે મૂસા عليه السلام એ પર્દાની કાળજી માટે હઝરત સફૂરાને પોતાની પાછળ ચાલવા કહ્યું. એ જ પ્રમાણે આજે પણ પર્દાનશીન ઔરત પોતાના પતિની પાછળ પાછળ ચાલે છે. પણ બેપર્દા મોર્ડન પત્ની આગળ અને તેનો પતિ, પત્નીની પાછળ ચાલે છે. આમાં કદાચ એ ખતરાની રોકથામનો ખયાલ રાખવામાં આવતો હશે કે મોર્ડન ઔરત નજરોમાં રહે જેથી બીજે ક્યાંક નાસી ન જાય! અને પાછળ પાછળ ચાલવામાં આ હકીકતોની સ્પષ્ટતા પણ થાય છે કે :–

बीवी घरकी मालिको मुख्तार है
और मियां बीवी का ताबेदार है

## બાજમાઅત નમાઝમાં અઘઘ સવાબ !

**હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો : હે ઉષ્માન ઈબ્ને મઝાઊન ! જેણે સવારની નમાઝ જમાઅત સાથે અદા કરી તો એના માટે એ નમાઝ મકબૂલ હજ્જ તથા મકબૂલ ઉમરાના બરાબર થઈ જાય છે. હે ઉષ્માન ! જેણે ઝહોરની નમાઝ જમાઅત સાથે અદા કરી તેને પચ્ચીસ નમાઝોનો સવાબ છે, અને તેના સીત્તેર દરજ્જા જન્નતમાં બુલંદ થશે. હે ઉષ્માન ! જેણે અસ્રની નમાઝ બાજમાઅત અદા કરી પછી ગુરૂબ આફતબ (સૂર્યાસ્ત) સુધી ઝિક્રમાં વ્યસ્ત રહ્યો તો જાણે કે તેણે ઔલાદે ઈસ્માઈલમાંથી બાર ગુલામ આઝાદ કર્યા. અને જેણે મગરિબની નમાઝ બાજમાઅત અદા કરી તેના માટે પચ્ચીસ નમાઝોનો સવાબ છે, અને સાથોસાથ જન્નતે અદનમાં તેના ૭૦ દરજ્જા બુલંદ થશે. હે ઉષ્માન ! જેણે ઈશાની નમાઝ બાજમાઅત અદા કરી તો તેણે જાણે શબે કદ્રમાં ઈબાદત કરી.**

**મારા પ્યારા આકા ﷺ ના પ્યારા દીવાનાઓ ! તાજદારે કાઈનાત ﷺ એ ઉપરોક્ત હદીષમાં પંજવક્તા નમાઝ બાજમાઅતનો સવાબ વર્ણન કર્યો છે. હવે જે કોઈને બાજમાઅત નમાઝના ફયૂઝાનથી માલમાલ થવું હોય તેમજ વણવિલ ઈનામો પામવાં હોય તો તેઓ બાજમાઅત નમાઝની વ્યવસ્થા કરે. થોડી ચુસ્તી તથા કુર્બાનીથી જો આટલો અઢળક સવાબ મળે છે તો એક મુસલમાને જરૂર કુર્બાની આપવી જોઈએ. અલ્લાહ عزوجل આપણને સૌને તેના પ્યારા મહબૂબ ﷺ ના સદકા તથા તુફૈલ બાજમાઅત નમાઝની કાળજી લેવાની તૌફીક અતા કરે. (આમીન)** بجاه النبی الکریم افضل الصلوٰة والتسلیم۔

*–(બરકાતે શરીઅત)*

# બાળકોનો તર્બિયતી ગુલશન

-કાર્યાલય

## સચ્ચાઈની બરકત

હઝરત ગૌષે પાક رضی اللہ عنہ નું નામ આપે સાંભળ્યું હશે. આપનું પૂરું નામ શયખ અબ્દુલ કાદિર મુહયુદ્દીન જીલાની رضی اللہ عنہ હતું. આપ મોટા પીરના નામથી પણ મશ્હૂર છે.

જ્યારે આપ નાના હતા, એ સમયે આપને પઢવાનો ઘણો જ શોખ હતો. એટલા માટે આપ આપની અમ્મીજાનથી રજા લઈ પઢવાના માટે બગદાદ શરીફ રવાના થઈ ગયા. અમ્મીજાને ચાલીસ અશરફીઓ આપની સદરીમાં સીવી દીધી. અને નસીહત કરી દીધી કે જુઓ બેટા ! ગમે તેવી પણ મુસીબત પડે છતાં જૂઠુ ન બોલશો.

ચાલતા ચાલતા આપ એક જંગલમાં પહોંચી ગયા. ત્યાં થોડાક ડાકૂઓ રહેતા હતા. એમણે આપના કાફલાને ઘેરી લીધો અને પલકવારમાં લૂંટી લીધો. એમાંથી એક જાલિમ ડાકૂ આપની પાસે પણ આવ્યો અને પૂછવાનું શરૂ કર્યુ કે, અય છોકરા ! તારી પાસે શું છે ?! આપે જવાબ આપ્યો કે મારી પાસે ચાલીસ (૪૦) અશરફીઓ છે. ડાકૂ આપના જવાબને મજાક સમજીને આગળ નીકળી ગયો. થોડીક વાર પછી પાછો ડાકૂઓનો સરદાર આપની પાસે આવ્યો, અને એણે સવાલ કર્યો કે તમારી પાસે શું છે ?! આપે સરદારને પણ આ જ જવાબ આપ્યો કે મારી પાસે ચાલીસ (૪૦ ) અશરફીઓ છે. એણે નવાઈ પામીને પૂછયું કે અશરફીઓ ક્યાં છે ? આપે આપતાં કહ્યું કે આમાં છે.

સરદારનો હુકમ સાંભળતાં જ ડાકૂઓએ સદરીને ફાડી નાખી. સદરી ખુલતાં જ અશરફીઓની ચમકથી ડાકૂઓની નજરો નવાઈ પામી.

સરદારે નવાઈ પામી સવાલ કર્યો કે, અય છોકરા ! તેં સાચે સાચુ કેમ કહી દીધું ?! જો તમે ન કહેતા તો અમે સમજી પણ ન શક્તા કે તમારી પાસે અશરફીઓ હાજર છે.

આ સાંભળીને ગૌષે પાક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે **મારી માતાએ આવતી વખતે મને સાચું બોલવાનો વાયદો કર્યો હતો, એટલા માટે મેં તમારાથી અશરફીઓ ન છુપાવી અને સાચે સાચુ કહી દીધું.**

ડાકૂઓના સરદાર પર આ સચ્ચાઈની ભારે અસર થઈ કે લૂંટેલી બધી અશરફીઓ પાછી આપી દીધી. અને વિચાર્યું કે એ નાનો છોકરો પોતાની માનો આટલો બધો ફર્માંબરદાર છે અને મને ખુદાની ફર્માંબરદારીનો જરા પણ ખયાલ નથી ! પછી ડાકૂઓએ સરકાર ગૌષે પાક رضی اللہ عنہ ના હાથ પર તૌબા કરી અને બધા જ ડાકૂ નેક બની ગયા. *(તઝકેરતુલ ઔલિયા વગેરે..)*

**ફાયદો : પ્યારાં બાળકો** ! આનાથી જાણવા મળ્યું કે સાચુ બોલવાથી કેટલો મોટો ફાયદો થાય છે. માણસે કાયમ સાચુ બોલવાની આદત પાડવી જોઈએ. આ સાચુ બોલવાની બરકતથી જ લૂંટાયેલ બધી અશરફીઓ પણ પાછી મળી ગઈ અને બધા ડાકૂઓએ પોતાના બુરા કામથી તૌબા પણ કરી લીધી.

ખુદા તઆલા આપણને પણ સાચુ બોલવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

★ ✪ ☆

# બરકાતે ખ્વાજાની ટપાલ

### ★ "બરકાતે ખ્વાજા" (માસિક) અંક ગમ્યો ! ★

જનાબ તંત્રી સાહબ, અસ્સલામુ અલૈકુમ.... માહે મે–૨૦૦૫નો **બરકાતે ખ્વાજા**નો તંત્રી લેખ ''સ્ત્રીઓને મસ્જિદોમાં ઈમામ બનાવો !''માં ''ઈસ્લામ વિરોધી'' તત્વો વિશે જે પ્રકાશ ફેંક્યો તે બદલ આભાર. શરીઅત વિરૂધ્ધ ઔરતોને હાથા બનાવી આવાં કૃત્ય આચરવા બદલ યૂરોપ, અમેરિકા વિરૂધ્ધ હું સખત વિરોધ નોંધાવું છું. આવી વ્યભિચારી સ્ત્રીએ જે આગેવાની લીધી તેના વિરૂધ્ધ શરીઅતની રૂએ સ્ત્રીઓને જાગૃત કરવા મારી આપને સલાહ છે. તેમજ ''દેવબંદી સાથે શાદી વિવાહ ન થાય'' એ સંબંધે સુન્નીઓને જાગૃત કરતો લેખ બહુ ગમ્યો. સિવાય અન્ય લેખો પ્રભાવિત કરનાર છે. ખુદા તઆલા આવા હિંમતભર્યા લખાણ તથા પર્દાફાશ કરવાની તમારી હિંમતને ઔર બુલંદ ફર્માવે. (આમીન)

***–અબ્દુલકૈયૂમ અબ્દર્રુઝ્ઝાક પટેલ (સંતરામપુર)***

**સૂરત** : બરકાતે ખ્વાજા મંથલીના ચાહક ગ્રાહક **નં. : ૮૫૨** જનાબ અલ્તાફ સુરિયાના નેક ફરઝંદ ઓસામા મુહમ્મદનો અકીકો ૧૨ રબીઉલ અવ્વલ શરીફ બરોઝ જુમ્આ રાખવામાં આવ્યો જેની ખુશીમાં રૂા. ૧૨૫/– લિલ્લાહ મોકલ્યા છે. (જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺ ના સદકામાં એમના ફરઝંદને બંને જહાનની દોલતોથી નવાઝે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ સૂરતમાં જશ્ને ફતહે મુબીન ★

**સૂરત** : થી ભટ્ટી **મુહમ્મદ અકબર** રઝવી (ડાભાવાળા) જણાવે છે **બરકાતે ખ્વાજા**ના લેખો વાંચી ઘણી ખુશી થાય છે તેમાંય તંત્રી લેખ ખૂબ ગમે છે. વધુમાં જણાવે છે કે બિહારના મલેકપુરમાં સુન્ની દેવબંદી મુનાઝરો તા. ૮, ૯, ૧૦ મેના યોજાયેલો તેમાં દેવબંદીઓની શરમજનક હાર તથા સુન્નીઓની જ્વલંત ફતહ થઈ તેનો રિપોર્ટ અવામ સામે પેશ કરવા તા. ૭ જૂને મીઠી ખારી, બેઠી કોલોની સૂરતમાં ''જમાઅતે રઝાએ મુસ્તફા'' થકી જશ્ને ફતહે મુબીન રાખવામાં આવેલો જેમાં અલ્હાજ મુફતી મુજીબ અશરફ સાહબ તથા જનાબ અલ્લામા અબ્દુસ્સતાર હમદાણી સાહબે તકરીર કરી અવામને સાચા સુન્નિયતના માર્ગે ચાલવા તાકીદ કરી હતી. હજારો સુન્નીઓએ હાજરી આપી હતી.

### ★ શાદીખાના આબાદી ★

**ભરૂચ** : ''મખ્ઝને રયહાન'' મદીના પાર્કથી અમારા મિત્ર જનાબ ખત્રી ઉષ્માનજી હાજી મુહમ્મદ (મેનેજર : SBI)ના નેક ફરજંદ **મુહમ્મદ અસ્લમ**ની શાદી **અફસાનાબાનુ** (D/o. ખત્રી હાજી ઈસ્માઈલજી મુહમ્મદજી કંઠમાંડવાવાળા, રૂસ્તમપુરા) સાથે તા. ૫–૬–૨૦૦૫ રવિવારે રાખવામાં આવી. (મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા*)

**કાસદ** : હાજી યાકૂબ મુહમ્મદ પટેલ (માજીસરપંચ)ની નેક દુખ્તર **રિઝવાનાબાનુ**ની શાદી મર્હૂમ હાજી વલી ઈબ્રાહીમ (કાસદ)ના નેક ફરઝંદ **અબ્દુલ ગફુર** સાથે તા. ૨૯–૫–૨૦૦૫ રવિવારે રાખવામાં આવી. (મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા*)

**જૂનાગઢ** : હાજી અ. મજીદ કે. રઝવી (વીંછી) મેમનવાડાથી જણાવે છે કે તેમના નેક ફરઝંદ **મુહમ્મદ ઈલ્યાસ રઝા**ની શાદી તલાલાવાળા જનાબ ઈસ્માઈલ હાજી ઈબ્રાહીમ શખીયાણીની નેક દુખ્તર **સાઈમાબાનુ** સાથે તા. ૨૯–૫–૦૫ રવિવારે રાખવામાં આવી. (મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા*)

**જંત્રાણ** : થી ગુલામ અલીભાઈ મોટાજી જણાવે છે કે તેમના નેક ભાઈ **મૌલાના મુહમ્મદ**ની શાદી

બરોડા નિવાસી મલેક બસીરભાઈની નેક દુખ્તર **તસ્લીમાબાનુ** સાથે તા. ૫–૬–૦૫ રવિવારે રાખવામાં આવી. (મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા*)

**ભરૂચ** : હાફેઝ ઉમરજી દાઉદ કારભારી ચાંચવેલીની નેક દુખ્તર **ફરીદાબાનુ**ની શાદી સેગવાના હાજી ઈબ્રાહીમ આદમ ખુખણાના નેક ફરઝંદ **મુબારક** સાથે તા. ૨–૬–૦૫ જુમેરાતે ભરૂચ રોશન પાર્ક ખાતે રાખવામાં આવી. (મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા*)

## ★ નાપાડમાં ચોથી સમૂહ શાદી ★

નાપાડ વાંટામાં ૩૧–૫–૨૦૦૫ મંગળવારે સવારે નવ કલાકે પ્રાથમિક શાળા, કોટમાં ૧૯ જોડાંઓની સમૂહ શાદી રાખવામાં આવી. આ ઘણુ જ સારું કામ છે જેથી ખોટા રિવાજો અને નાહક ખર્ચાઓથી દૂર રહી દરેક સમાજમાં આ રીતે શાદીઓ થવા માંડે તો કૌમના ઘણા લોકો દેવાંઓથી, ટેન્શનોથી, પરેશાનીઓથી મુક્ત રહી શકે છે અને નાણાંનો સદ્ઉપયોગ થઈ શકે છે. આયોજકોને તથા સર્વ જોડાંઓને મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ હાફેઝ આદમ કંબોલ્વી સાહબનો મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ સંબંધે રિપોર્ટ ★

હઝરત મૌલાના શાકિર રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)ની નિગરાનીમાં ચાલતા **મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ**ના હિફ્ઝ કલાસની ઈમ્તેહાન જનાબ હાફેઝ આદમ કંબોલ્વી સાહબે લીધી અને નીચે પ્રમાણે રિપોર્ટ આપ્યો :–

આજરોજ તા. ૨૧–૪–૦૫ મુસલમાન ૧૧ રબીઉલ અવ્વલ બરોજ જુમેરાતના **મદ્રસા બરકાતે ખ્વાજા**ના તલબાના દરજએ હિફઝનું ઈમ્તેહાન લેવાનો મોકો મળ્યો. અલ્હમ્દુલિલ્લાહ ! તલબાએ (તજવીદ) સાથે કુર્આન પઢવામાં (જોરદાર) અને સારી પઢાઈ બતાવી દિલને ઈત્મિનાન થયુ. જો આ જ પ્રમાણે મેહનત હશે તો મદ્રસો ઘણો જ તરક્કી કરશે. ઉસ્તાદ હાફિઝ કારી મૌલાના શમીમ સાહબની મેહનત ઘણી જ સારી છે. કુર્આનમાં તલબાઓની તજવીદ સાથે તિલાવત સાંભળી દિલી ખુશી થઈ. મારી સાથે મારા નાનાભાઈ હાજી મુબારકભાઈ તથા જનાબ હાજી હાફેઝ ઈસા હાજી વલી તેમજ યુ.કે.થી પધારેલ હાજી યૂનુસ માલજી એમની રૂબરૂમાં ઈમ્તેહાન લીધું. એઓ ઘણા જ ખુશ થયા. અલ્લાહ તઆલા આ ઈદારાને દીન દુગની રાત ચુગની કામયાબી આપે. (આમીન) મદ્રસાના પ્રમુખ જનાબ હાજી શબ્બીરભાઈ પટેલને વાયદો કરું છું કે જે કામ હોય હું તમારી સાથે છું. અલ્લાહ તમારી મહેનતને કબૂલ કરે.

–લિ. આપનો. ખાદિમ

***(હાફેઝ) આદમ ઈસા કંબોલવી***

## ★ મૌલાના ઈકબાલ મિસ્બાહી થકી.. ★

(૧) મુનિયતુલ મુસલ્લા (૨) મોઅત્તા ઈમામ મુહમ્મદ (૩) નૂરુલ અન્વાર (૪) શરહુલ અકાઈદ (૫) શરહુલ વકાયા (૬) મિશ્કાતુલ મસાબીહ (૭) અલ્ હિદાયહ્ (૮) દરૂસે બલાગત (૯) હિદાયતુન્નહ્વ (૧૦) નહોમીર (૧૧) તવારીખે હબીબે ઈલાહ (૧૨) ઈલ્મુસ્સિગા (૧૩) મુખ્તસરુલ કદીરી

આ કિતાબો જે મજલિસે બરકાત, જામિઆ અશ્રફિયા–મુબારપુર, યુ.પી.થી પ્રસિદ્ધ થઈ છે તેની ૧–૧ કોપીને દયાદરા, થામ, ભરૂચ, ચાંચવેલ, હલદરવા, ટંકારીઆ ગામોનાં દારુલ ઉલૂમોમાં જનાબ મૌલાના ઈકબાલ વોરાસમનીવાળા (બોલ્ટન) તરફથી ભેટ રૂપે મોકલી છે.

**દયાદરા** : "બરકાતે ખ્વાજા" (માસિક)ના ચાહક અબ્દુલ મજીદભાઈ ધીરજની નેક દુખ્તર આફિયાબાનુ હાયર સેંકડરી સ્કૂલમાં ૭૧% માર્કસથી પાસ થતાં તેની ખુશીમાં રૂા. ૧૦૧/– ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને આપ્યા છે. (જઝાકલ્લાહ ! મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ ગમ અંગેઝ ઈન્તેકાલ ★

**કુરચણ** : થી અમારા મિત્ર જનાબ અ. મજીદ લખી જણાવે છે કે હાજી ઈબ્રાહીમભાઈ ઉમરવલી કુરચણવાલા અચાનક મુંબઈ ખાતે તા. ૨૫–૫–૦૫ને બુધવારની રાત્રે ૧:૩૦ કલાકે અલ્લાહ તઆલાની રહમતમાં પહોંચી ગયા છે. મર્હૂમ પંજગાના નમાઝી, ઉદાર દિલ, સખી, હક્કગો તથા મિલનસાર સ્વભાવના તથા મામલા ફહમ દીનદાર આદમી હતા. મૌલા તઆલા મર્હૂમની મગફિરત ફર્માવે અને મર્હૂમના ઘરવાળાઓને સબ્રે જમીલ અતા ફર્માવે. (આમીન)

*–લિ. હકીર (હાફિઝ) મુહમ્મદ અબ્દુલ મજીદ કુરચણવી*

## ઠેરે ઠેર અમેરિકા વિરુદધ આવેદનપત્રો આપો !

તા. ૧૦ ઓકટોબર જુમ્આના રોજ રઝા એકેડમીએ મુંબઈ ખાતે અમેરિકાના સૈનિકો દ્વારા થયેલ કુર્આને પાકની બેહુર્મતીના વિરોધમાં જલ્સા જુલૂસ કાઢી ભારે વિરોધ નોંધાવ્યો.

કાર્યક્રમમાં હઝરત મૌલાના મન્સૂર અલીખાં કાદરીએ જણાવ્યું કે અમેરિકા માફી નહીં માંગે અને કસૂરવારને સજા નહીં કરે તો પૂરી દુનિયાના મુસલમાન પોતાની ગયરતને ચેલેંજ તસવ્વુર કરશે. હઝરત મૌલાના વલીયુલ્લાહ શરીફ સાહબે જણાવ્યું કે કુર્આને પાકની બેહુર્મતીના વિરોધમાં દુનિયાભરમાં વિરોધ પ્રદર્શિત થઈ રહેલ છે અને આ સિલસિલો અમેરિકા જ્યાં સુધી માફી નહીં માંગે ત્યાં સુધી ચાલુ રહેશે.

રઝા એકેડમીના બાની અલ્હાજ મુહમ્મદ સઈદ નૂરીએ કહ્યું હતું કે ઈમામ હુસૈન رضی اللہ عنہ એ ઈસ્લામના તહફ્ફુઝ માટે પોતાના ઘરાનાને કુર્બાન કર્યું હતું અને જો જરૂર પડશે તો અમો પણ કુર્આનની અઝમત માટે જાન કુર્બાન કરી દઈશું. સાથે જ જ્યોર્જ બુશનાં પુતળાનું દહન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મૌલાના અમાનુલ્લાહખાં, મૌલાના અબ્દુર્રઝાક સાહબ જબલપૂરી, મૌલાના મેહમૂદ આલમ સાહબ, મૌલાના ફખ્રે આલમ સાહબ તથા મૌલાના શમ્સુઝ્ઝમાં સાહબ વગેરે હાજર રહ્યા હતા.

**ગુજરાતમાં પણ શહેરે શહેરથી અમેરિકા વિરૂધ્ધ આવેદનપત્રો જે તે સ્થળના કલેકટરોને આપવામાં આવે કેમ કે કુર્આન શરીફ એ સર્વ મુસ્લિમોનું છે જેથી સર્વેએ આવેદનપત્રો આપી વિરોધ નોંધાવવો જોઈએ.** *-અખ્તર અહમદ ટેલર (બીલીમોરા)*

⍟ ⍟ ⍟


## કિતાબ મંગાવો !

**અંગ્રેજોના પોષેલા વર્તમાન સમયમાં માથુ ઉઠાવી રહેલા ફિત્ના......**

**કાદયાનીને ઓળખો !** *(પેજીસ : ૩૦) હદિયો : રૂા. ૫/–*

**સંપાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

**પ્રાપ્તિસ્થાન** : ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા, તા. જિ. ભરૂચ,પિન. ૩૯૨૦૨૦, મો. ૯૮૨૪૪૮૬૪૪૩

દેવબંદી મોલ્વી કાસિમ નાનોત્વીએ ઘડેલા અકીદા કે હુઝૂર ﷺ પછી પણ નબી થઈ શકે છે તેનાથી પ્રેરણા લઈને નબી હોવાનો દાવો કરનાર કાદયાની કઝ્ઝાબને ઓળખો અને ઈમાન બચાવો.